સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

ઓગષ્ટ - ૨૦૧૬ ❖ બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની

## બાળલીલાભૂમિ અયોધ્યા દર્શન

તીર્થધામ શ્રી છપૈયા મહોત્સવ

વિશેષાંક

# મહુવા થી ગઢડા પદયાત્રા


૧


૨


૩


૪


૫


૬

સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના પુનિત પદારવિંદથી પાવન થયેલ **મહુવા** શહેરથી ભગવાન શ્રીહરિ સ્થાપિત છધામ પૈકી મહાતીર્થધામ **ગઢડા** સુધી પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા સંતો-હરિભક્તો સંગાથે યોજાયેલ **'દિવ્ય પદયાત્રા'** (તા. ૧૧ થી ૧૪-૮-૨૦૧૬)

**૧. પદયાત્રા સંઘમાં જોડાયેલ સંતો-પાર્ષદો સહ બે હજારથી જેટલા હરિભક્તો. ૨. પદયાત્રિકોને દર્શન આપવા પધારેલા સમગ્ર ધર્મકુળ પરિવાહ સહ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરીને ભાવથી ભેટતા પૂ. સ્વામી. ૩. પ. પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા પદયાત્રા સંઘના મુખ્ય યજમાનશ્રી શરદભાઈ ત્રિવેદી. ૪. સહયજમાનશ્રી મગનભાઈ ગોળવીયા (ન્યાલકરણ ગ્રુપ). ૫-૬-. ગારીયાધારમાં યોજાયેલ સભામાં પદયાત્રિકોને આશીર્વાદ પાઠવતા પ.પૂ. બાળલાલજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી.**

# મહુવા થી ગઢડા પદયાત્રા






















સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના પુનિત પદારવિંદથી પાવન થયેલ **મહુવા** શહેરથી ભગવાન શ્રીહરિ સ્થાપિત છધામ પૈકી મહાતીર્થધામ **ગઢડા** સુધી પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા સંતો-હરિભક્તો સંગાથે યોજાયેલ **'દિવ્ય પદયાત્રા'** (તા. ૧૧ થી ૧૪-૮-૨૦૧૬)

૧. ગઢપુરમાં પદયાત્રાની પૂર્ણાહુતિ બાદ દાદાખાચરના દરબારગઢમાં યોજાયેલ પદયાત્રિકોની સ્વાગત સભા. ૨. ઠાકોરજીના દર્શન કરતા પૂ. સ્વામી તથા પદયાત્રિકો. ૩. પૂ. સ્વામીનું સ્વાગત કરતા ગઢડા મંદિરના મહંત પૂ. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી. ૪. પૂ. એસ.પી. સ્વામી. ૫. ગઢડાની શેરીઓમાં આનંદ-ઉત્સાહ સાથે પદયાત્રિકો. ૬. મંદિરના પટાગંણમાં આનંદ-ઉત્સવ કરતા પદયાત્રિકો. ૭. પદયાત્રા સંઘના મુખ્ય યજમાન **અ.નિ. સ.ગુ. પુરાણી શ્રી જગતપ્રકાશદાસજી સ્વામી** (ડભાણ)ના કૃપાપાત્ર શિષ્ય પ.ભ. શ્રી શરદભાઈ દલપતભાઈ ત્રિવેદી (મહુવા)નું ગઢડા ટેમ્પલ બોર્ડ વતી સાફો બાંધી સન્માન કરતા પૂ. એસ.પી. સ્વામી.




સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના પુનિત પદારવિંદથી પાવન થયેલ **મહુવા** શહેરથી ભગવાન શ્રીહરિ સ્થાપિત છધામ પૈકી મહાતીર્થધામ **ગઢડા** સુધી પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા સંતો-હરિભક્તો સંગાથે યોજાયેલ **'દિવ્ય પદયાત્રા'** (તા. ૧૧ થી ૧૪-૮-૨૦૧૬)

૧. ઠાકોરજીના રથ સાથે પદયાત્રા. ૨-૩. ભાણવડિયા ગામમાં યોજાયેલ સત્સંગ સભા. ૪. પૂ. સ્વામી સાથે પદયાત્રામાં જોડાયેલ સંતો-પાર્ષદો. ૫-૬. જેસરમાં સત્સંગ સભા. ૭-૮. મોટા ભમોદ્રામાં સત્સંગ સભા. ૯. ફિફાદ ગામમાં સત્સંગ સભા. ૧૦. ગારીયાધારમાં સત્સંગ સભા. ૧૧. ઢસામાં સત્સંગ સભા. ૧૨. પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી સાથે પદયાત્રાના મુખ્ય યજમાન શ્રી શરદભાઈ ત્રિવેદી તથા સંતો-હરિભક્તો.



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ : ૪, અંક : ૦૭, તા. ૨૦-૦૮-૧૬

પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

## અનુક્રમણિકા

૧. ભગવાન શ્રી સ્વામિનારાયણની બાળલીલા ભૂમિ અયોધ્યા ૦૬

૨. અયોધ્યામાં બાળપ્રભુ ઘનશ્યામે કરેલ દિવ્ય લીલાચરિત્રો ૦૮

૩. શ્રી સ્વા.મંદિરની નજીક આવેલા પ્રાસાદિક સ્થળો ૧૪

- સ.ગુ. શ્રી રામાનંદ સ્વામી તથા શ્રી ધર્મ-ભક્તિ નિવાસ સ્થાન (શિખરબધ્ધ મંદિર)
- શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર
- મંદિરમાં ગંગાજળિયો કૂવો
- હલવાઈ (મીઠાઈ વેચનાર)ની દુકાન
- શ્રી ભટેશ્વર મહાદેવ મંદિર

૪. અયોધ્યા શહેરમાં આવેલા પ્રાસાદિક સ્થળો ૨૬

- શ્રી હનુમાન ગઢી
- કનક ભુવન
- રત્નસિંહાસન (દશરથ મહેલ)
- શ્રીરામ જન્મભૂમિ
- ❉ સીતાકૂપ : ❉ સીતા રસોઈઘર : ❉ રામગલોલા સ્વામી આશ્રમ :
- સુગ્રીવ ટીલા
- ❉ બિરલા મંદિર : ❉ દંતધાવન કુંડ : ❉ રઘુનાથદાસજીની બડી છાવણી :

૫. સરયૂ નદી કિનારે આવેલા પ્રાસાદિક સ્થળો ૩૨

- સરયૂ નદી
- રામ કી પૈડી
- સ્વર્ગદ્વાર ❉ કાલારામ મંદિર : ❉ નાગેશ્વર મંદિર :
- લક્ષ્મણ ઘાટ
- અહલ્યાબાઈ મંદિર
- બ્રહ્મકુંડ (ગુરુદ્વારા)

૬. રેલ્વે પાસે આવેલા પ્રાસાદિક સ્થળો ૩૮

- વિદ્યાકુંડ
- મણિ પર્વત
- સૂર્યકુંડ
- જગન્નાથ કાવડિયાની જગ્યા
- નંદીગ્રામ

૭. વાદળ છાયે સૂર્યાસ્ત ન થાય... ૪૪

૮. સત્સંગ સમાચાર પત્રિકા ૪૭

:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન-વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

:: પ્રકાશક/માલિક/તંત્રી ::

સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::

સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

:: સંકલન ::

**સાધુ અમૃતસ્વરૂપદાસજી**

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: લવાજમ દર ::

બે વર્ષ : રૂા. ૧૬૦/-, પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-

પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-

પરદેશમાં લવાજમ : $ 260 (યુ.એસ.એ), : £ 175 (યુરોપ)

:: લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧

**Visit us :** www.sardharkatha.com

www.swaminarayanvadtalgadi.org

**E-mail :-** chintankaryalay@gmail.com

हमारा लक्ष्य
विश्व का कल्याण हो...
Online : www.lakshyatv.com

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
દિવ્યઅમૃતવાણી
સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથા પારાયણ
સમય : દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથામૃત
સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦

છબીકલા : શિવલાલ સુદાણી - બારમણ, મો. ૯૮૭૯૨૬૯૫૪૦



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની

# બાળલીલાભૂમિ अयोध्या દર્શન

**સાધુ અમૃતસ્વરૂપદાસ** તથા **પા. ઉત્તમભગત**, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

ભારત દેશની પવિત્ર ધરા ઉપર અનેક **મહાન તીર્થો** આવેલા છે. એમાં ચારધામ અને સાતપુરીની યાત્રા મુખ્ય ગણાય છે. અને તે સાત પુરીઓમાં અયોધ્યાનું સ્થાન સૌથી પ્રથમ છે : 'अयोध्या मथुरा माया काशी कांची अवन्तिका । पुरी द्वारामती चैव सप्तैता मोक्षदायिकाः ।।'

પુરાણયુગથી પ્રસિદ્ધ અયોધ્યાનગરીમાં સમૃદ્ધિની છોળો ઊછળતી. વિશાળ અને પવિત્ર સરયૂ નદીના કિનારે આર્યરાજા મનુએ આ **અયોધ્યાનગરી**ની સ્થાપના કરી હતી. વાલ્મીકિ રામાયણમાં પણ અયોધ્યાનો ઘણો **મહિમા** વર્ણવેલો છે. બાર યોજન લાંબી અને ત્રણ યોજન પહોળી આ નગરી હતી.

સ્કંદ પુરાણ કહે છે : 'અયોધ્યાનગરી સુદર્શન ચક્ર ઉપર વસેલી નગરી છે. બ્રહ્મા, શિવ અને વિષ્ણુ આ ત્રણેનું **સમન્વિત સ્વરૂપ** એટલે આ પવિત્ર નગરી. અહીંનો બ્રહ્મકુંડ બ્રહ્માએ બનાવ્યો હતો અને આ જ કુંડ પાસે આવેલા ઋણમોચન તીર્થમાં લોમશઋષિએ સ્નાન કર્યું હતું. ઈક્ષ્વાકુ રાજા અને દિલીપ રાજા જેવા સમર્થ રાજવીઓ અહીં રાજ્ય કરી ગયા. અયોધ્યાનગરી ઈક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન થયેલા સૂર્યવંશી રાજાઓની રાજધાની તરીકે ઓળખાતી હતી. અહીં સૂર્યવંશી રાજા દશરથને ત્યાં મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ ત્રેતાયુગમાં પ્રગટ થયા, એમની જન્મભૂમિ આજે પણ **'શ્રીરામ જન્મભૂમિ'** તરીકે ઓળખાય છે. ભારતભરમાંથી લાખો યાત્રિકો અહીં દર વર્ષે 'રામલલા'નાં દર્શન માટે ઊમટે છે. એમાંય રામનવમી (ચૈત્ર સુદ નોમ)ના દિવસે તો અયોધ્યાની રોનક જ દિવ્ય બની જાય છે.

ભગવાન શ્રીરામચંદ્રજીની દેહત્યાગલીલા પછી આખી અયોધ્યાની પ્રજા શ્રીરામચંદ્રજીના અનુદેશ મુજબ બ્રહ્મલોક સમાન સંતાનક નામના લોકમાં સિધાવી. તે પછી વિશ્વામિત્ર ઋષિના સહકારથી રામપુત્ર કુશે નગરી ફરીથી વસાવી પણ કાળક્રમે તે પણ ઉજ્જડ બની. એકવાર માલવપતિ વિક્રમાદિત્ય આ સ્થળે લશ્કર સાથે આવી ચડ્યા અને ઋષિઓને પૂછતાં આ સ્થળનો મહિમા સમજાયો. તેમણે ફરીથી આજનું **અયોધ્યા** વસાવ્યું. અને 'રામજન્મભૂમિ' પર સુંદર **મંદિર** તૈયાર કર્યું. પરંતુ મોગલ શાસકોની આક્રમણ ધર્માંધતાને કારણે તે મંદિર સહિત અનેક મંદિરો વારંવાર નષ્ટ થતાં રહ્યા. આખરે બાબરના ઉમરાવ મીર બાંકીએ સને ૧૫૨૮ માં એ ધર્મસ્થળે 'બાબરી' નામે ઓળખાતી મસ્જિદનો ઢાંચો ચણાવી દીધો. સેંકડો વર્ષોમાં અનેક હિન્દુ મહાત્માઓ, રાજાઓ, શૂરવીરો અને ભક્તો આ સ્થાન બચાવવા માટે કુરબાન થઈ ગયા. જેથી **'શ્રીરામ જન્મભૂમિ'** આજે પણ ટકી રહી છે.

ગોસ્વામી તુલસીદાસજી **અયોધ્યાનો મહિમા** ગાતા લખે છે : **'અવધપ્રભાવ જાનઈ તબ પ્રાની, જબ ઉર બસહિં**

**રામ ધનુપાની; કવનિઉ જનમ અવધ બસ જોઈ, રામપરાયન સો પરિ હોઈ.'** - ધનુષ્યધારી ભગવાન શ્રીરામ જ્યારે હૃદયમાં વાસ કરે છે ત્યારે જ જીવ અયોધ્યાના પ્રભાવને જાણી શકે છે. કોઈપણ જન્મમાં અયોધ્યામાં રહેનાર વ્યક્તિ રામપરાયણ બની જાય છે. ગોસ્વામી તુલસીદાસે જ્યાં બેસીને **'શ્રી રામચરિત માનસ'**ની રચના કરી હતી તે **'તુલસીચોરા'** વગેરે અનેક **ઐતિહાસિક** અને **દિવ્ય** ઘટનાઓ આ નગરી સાથે જોડાયેલી છે.

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ **'ભક્તચિંતામણી'** ગ્રંથમાં મન મૂકીને **અયોધ્યાનગરી**નું વર્ણન કર્યું છે. અયોધ્યાનગરીનું **પ્રાકૃતિક વર્ણન** કરતા સ્વામી લખે છે :

એવી શોભા સર્જૂતીર તણી રે, વળી કહીએ શું મુખથી ઘણી રે;
બહુ વેદિયા બેઠા વિપર રે, કરે સ્નાન ને સંધ્યા સુંદર રે.
દેવમંદિર બહુ તીર્થ તીરે રે, શોભે સર્જૂ નિર્મળ નીરે રે;
વાડી વન સરજૂ તે વાર રે, પ્રભુ પધાર્યે શોભ્યાં અપાર રે.
તટ હવેલીના દીવા મળી રે, તેણે પુરી રહી ઝલમળી રે;
એવું શહેર સોયામણું ઘણું રે, રચેલ છે મનુરાજા તણું રે.
વળી ઈક્ષ્વાકુ કુળના જેહ રે, તેને રહેવાનું સ્થાનક એહ રે;
એવું શહેર સુંદર વિશાળા રે, તિયાં આવિયાં ધર્મ ને બાળા રે.
વળી વાસુદેવ ભગવાન રે, જન્મી રામ થયા જેહ સ્થાન રે;
એવી પુરી પવિત્ર ઘણી રે, વાડી વને વીંટી સોયામણિ રે.

(શ્રી ભક્ત ચિંતામણી : પ્ર. ૨૦)

અયોધ્યાનગરીની **રચના** વર્ણવતા સ્વામી કહે છે :

શોભે શેરી બજારો ચૌવટા રે, રૂડા રાજમારગ વાળ્યા મોટા રે;
સાત માળની હવેલી સાર રે, શોભે કૈલાસગિરિ આકાર રે.
બની પંગતિ તેની અપાર રે, શોભે બરોબર તેનાં બાર રે;
વળી હાટ વિવેકે વિભાગે રે, બરોબર સુંદર સારાં લાગે રે.
ક્યાંક વેચાય દુધ ને દઈ રે, ક્યાંઈ ઘૃત મિસરી ને મઈ રે;
ક્યાંક ફળ ફુલ વળી પાન રે, ક્યાંક વસ્ત્ર શસ્ત્રના સામાન રે.
ક્યાંક વાસણ ભૂષણવાળા રે, ક્યાંક ઝવેરી ને મોતિયાળા રે;
ક્યાંક ગજ બાજ શણગારી રે, ફરે નિત્ય તેની અસવારી રે.
ક્યાંક અનેક અન્ન રસાલું રે, ક્યાંક શાક સુંદર બકાલું રે;
ક્યાંક હાટ હારે હલવાઈ રે, વેચે વિવિધ ભાત્યે મીઠાઈ રે.
ક્યાંક ગાન તાન ને ગવૈયા રે, એમ સૌ કોઈ વિભાગે રૈયાં રે;
ક્યાંક વિપ્ર કરે વેદાભ્યાસ રે, ક્યાંક બાળ ભણે પંડા પાસ રે.
ક્યાંક લડે છે મલ્લ અખાડી રે, ખેલે કુસ્તિ પેચ ને લાકડી રે;
ક્યાંક પડી છે રૂની મલિયો રે, એમ શોભે છે શેરી ને ગલિયો રે.

(શ્રી ભક્ત ચિંતામણી : પ્ર. ૨૦)

વળી, ધાર્મિક દૃષ્ટિએ પણ અયોધ્યાનગરી કેવી હતી તેનું **વર્ણન** કરતા સ્વામી લખે છે :

વળી વસે બહુ વીતરાગી રે, રામ ઉપાસી ત્રિયાના ત્યાગી રે;
બહુ મંદિર ને ધર્મશાળું રે,
તેણે લાગે છે શહેર રૂપાળું રે.
પુષ્પ ચંદને છાંટ્યા છે ચોક રે,
દેવ સરિખાં વસે છે લોક રે;
રામ સીતા લછમન જતિ રે, બહુ મંદિરે તેની મૂરતિ રે.
તિયાં નિત્યે ઉઠી નરનાર રે, આવે દર્શને કરી પ્યાર રે;
થાય આરતીના ઝણકાર રે, કરે ઉત્સવ જન અપાર રે.
ઝાંઝ મૃદંગ ઝાલરી શંખ રે, ભેરી તૂરી ને વીણા અસંખ્ય રે;
થાય નાદ તેનો પુરમાંઈ રે, ઘોષે શહેર રહ્યું સર્વે છાઈ રે.

(શ્રી ભક્ત ચિંતામણી : પ્ર. ૨૦)

પૌરાણિક દૃષ્ટિએ તો અયોધ્યાનો મહિમા ખૂબજ કહ્યો છે. પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય માટે પણ અયોધ્યાનગરીનું માહાત્મ્ય **સવિશેષ** રહ્યું છે. ઉદ્ધવાવતાર સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીનું **પ્રાગટ્યસ્થાન** પણ અયોધ્યા છે. ધર્મભક્તિએ અસુરો દ્વારા અપતા કષ્ટના નિવારણ માટે હનુમાનજીની સ્તુતિ અયોધ્યામાં જ કરી. ભગવાન શ્રીહરિના નાનાભાઈ ઈચ્છારામજીની **જન્મભૂમિ** પણ અયોધ્યા છે. ભગવાન શ્રીહરિનો વિદ્યાભ્યાસ તેમજ યજ્ઞોપવીત સંસ્કાર આ અયોધ્યામાં જ થયો છે. અનંત જીવાત્માઓનો ઉદ્ધાર કરવા માટે શ્રીજીમહારાજે **ગૃહત્યાગ** પણ અયોધ્યામાં જ કર્યો હતો.

બાળપ્રભુ ઘનશ્યામ નિત્ય સરયૂ નદીમાં સ્નાન કરી પૂજાપાઠ વગેરે નિત્યક્રમથી પરવારીને જીવાત્માઓના ઉપદેશ માટે અયોધ્યા દરેક દેવમંદિરોને પાવન કરવા જતાં તેનું વર્ણન કરતા સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** લખે છે :

**રામકોટ** આદિ રૂડી રીતે રે, કરે પ્રદક્ષિણા તેને પ્રીતે રે;
**જન્મસ્થાન** ને **લછમન ઘાટ** રે, **રામઘાટે** જાય વર્ણિરાટ રે.
**બ્રહ્મકુંડ** વળી **સ્વર્ગદ્વારી** રે, **જાય જાનકી ઘાટે** વિચારી રે;
**વિદ્યાકુંડ સૂર્યકુંડ** જેહ રે, **ભદ્રસા** આદિ તીરથ તેહ રે.
**કનક સિંહાસન**માં દર્શન રે, નિત્યે જાવું **રત્નસિંહાસન** રે;
**હનુમાન ગઢિયે** હંમેશ રે, જાવું **સુગ્રીવટીલે** અહોનિશ રે.
**જગન્નાથ કાવડિયાની** જાગે રે, જાવું ત્યાગી પાસે વહાલું લાગે રે;
**અહલ્યાબાઈના મંદિર**માંઈ રે, જાવું નિત્ય દરશને ત્યાંઈ રે.
દિલાયસિંઘગંજ રાયગંજ રે, જુવે જેસંગપુર સુખપુંજ રે;
જિયાં જિયાં હરિ હરિજન રે, તિયાં તિયાં ફરે ભગવન રે.
સર્વે તીરથ ઉઠી સવારે રે, ફરે કરે દરશન પ્યારે રે;
રામજીની મૂર્તિઓ આગે રે, કરે સ્તુતિ ઉભા એક પગે રે.

(શ્રી ભક્ત ચિંતામણી : પ્ર. ૨૧)

ભગવાન શ્રી સ્વામિનારાયણનું ૩ થી ૧૧ વર્ષ સુધીનું બાળપણ અયોધ્યામાં બરહટ્ટાપુરમાં વીત્યું હતું. જ્યાં તે **પ્રાસાદિક ઘર** હતું તેમજ સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીનું

**અનુસંધાન પેજ નં. ૪૦ ઉપર**



## અયોધ્યામાં બાળપ્રભુ ઘનશ્યામે કરેલ દિવ્ય લીલાચરિત્રો

### લીલાચરિત્ર-૧

### બાળપ્રભુ ઘનશ્યામનું અયોધ્યામાં સૌપ્રથમ આગમન

બાળપ્રભુ ઘનશ્યામનું **ત્રીજું વર્ષ** ચાલતું હતું. ચૌલસંસ્કાર થયા પછી કાલીદત્તનો વધ કર્યો. ત્યારપછી એકદિવસ ધર્મદેવે વિચાર કર્યો કે, 'અહીં છપૈયામાં વારંવાર અસુરો ઉપદ્રવ કરે છે. માટે નીતિશાસ્ત્ર અનુસારે અહીં રહેવું તે ઠીક નથી.' પછી તે વાત ધર્મદેવે ભક્તિદેવીને કહી ત્યારે તેઓએ પણ કહ્યું : ''હા ! એ બરોબર છે.''

છપૈયામાં રહેવું નથી, અયોધ્યા રહેવા જઈશું. આવું નક્કી કરીને જરૂરી ઘરવખરી ગાડામાં ભરી અને પરિવાર સાથે ધર્મદેવે **અયોધ્યા** જવા પ્રયાણ કર્યું. એક ગાડામાં ધર્મદેવ અને રામપ્રતાપભાઈ બેઠા. બીજા ગાડામાં ભક્તિમાતા અને સુવાસિનીબાઈ બેઠાં અને ભક્તિમાતાના ખોળામાં બાળપ્રભુ ઘનશ્યામ બેઠા.

ધર્મદેવ બાળપ્રભુ ઘનશ્યામ સહિત છપૈયા છોડીને જાય છે તે વાત આખા છપૈયામાં પ્રસરી એટલે પુરજનો ધર્મદેવને આંગણે આવી પહોંચ્યા. સર્વે પુરુષો ધર્મદેવને હાથ જોડી વિનંતી કરવા લાગ્યા કે, 'અમને છોડી ન જાવ.' અને સર્વે નારીઓ ભક્તિમાતા પાસે આવીને કહેવા લાગી કે, 'હે માતા ! અમને મેલીને તમે દૂર જાઓ છો પણ આ ઘનશ્યામ વિના અમે પ્રાણ કેમ ટકાવી શકીશું ? જેમ જીવ વિના શરીર ન રહે તેમ ઘનશ્યામ વિના અમે પણ નહિ રહી શકીએ.' એમ કહી સર્વે રડવા લાગી. ત્યારે ભક્તિમાતાએ સૌને ધીરજ આપી. ધર્મદેવે પણ કહ્યું : ''તમે સર્વે આમ દુઃખી ન થાવ. અમે ક્યાં કોઈ દૂર પ્રદેશમાં જઈએ છીએ. અહીં નજીક અયોધ્યામાં જ રહીશું. આપણે સૌએ જેવી ભગવાનની મરજી હોય તેમજ કરવું જોઈએ.'' એમ કહી સૌને ધીરજ આપી. પછી ગાડા ચલાવ્યા. જ્યાં સુધી ગાડા દેખાયા ત્યાં સુધી સૌ પુરજનો સામે જોઈ રહ્યા પછી નિરાશ થઈ પુરમાં પાછા આવ્યા.

ધર્મદેવ મખોડા ઘાટ થઈને **સરયૂ તીરે** આવ્યા. ત્યાં સરયૂ નદી પાર ઉતરવા માટે એક નાવ મંગાવ્યું. નાવના કર્ણધારે બાળપ્રભુ ઘનશ્યામના ચરણોમાં **સોળ ચિહ્ન** જોયા એટલે તે ઓળખી ગયો કે, 'આ તો **સાક્ષાત્ ભગવાન** છે.' બાળપ્રભુ ઘનશ્યામે તેને ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપ્યા. એવામાં ધર્મદેવે કહ્યું : ''હે નાવિક ! આ નાવને સામે પાર પહોંચાડવાનું કેટલું ભાડું થશે ?'' ત્યારે નાવિક બોલ્યો : ''હે ધર્મદેવજી ! મારે ભાડું નથી જોઈતું. તેના બદલામાં મને આ ઘનશ્યામ મહારાજને રમાડવા દ્યો.''

જેનું વર્ણન કરતા પ.પ ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ **'શ્રીહરિલીલામૃત'** ગ્રંથમાં લખે છે : **'ભાડું ભાડું ભાડું રે નહીં લઉં હું નાવનું ભાડું... ભાડાને બદલે રમાડવા દ્યો, માનીશ મોટું સપાડું રે...નહીં લઉં૦'**

નાવિકની વાત સાંભળી ધર્મદેવે ગાડાનો બધો સામાન નાવમાં મુકાવ્યો ને નાવિકને બાળપ્રભુ ઘનશ્યામ રમાડવા માટે આપ્યા. જેવું સરયૂ નદીમાં નાવ ચાલ્યું ત્યાં તો નદીમાં પૂર આવ્યું. એટલે ધર્મદેવ સમજી ગયા કે **સરયૂ નદી** ઘનશ્યામના **ચરણ**નો **સ્પર્શ** કરી પાવન થવા ઈચ્છે છે. પછી બાળપ્રભુ ઘનશ્યામના ચરણને નદીમાં અડાડ્યા એટલે નદી તુરંત શાંત થઈ ગઈ. સરયૂ નદીના સ્વર્ગદ્વારી ઘાટે આવી સૌ નાવમાંથી નીચે ઊતર્યા. બાળપ્રભુએ હાથથી સાન કરીને નાવિકને મોક્ષનો કોલ આપ્યો. ત્યારબાદ સૌએ રામઘાટે **સ્નાન** કર્યું. ભક્તિમાતાએ બાળપ્રભુ ઘનશ્યામને સ્નાન કરાવી સુંદર વસ્ત્રો ધારણ કરાવ્યાં.

બરાબર સંધ્યા સમયે બાળપ્રભુ ઘનશ્યામે **સૌપ્રથમવાર** અયોધ્યાનગરીમાં **પ્રવેશ** કર્યો. અયોધ્યાની ગલીએ ગલીએ જે દરેક મંદિરો તેના ઘંટના નાદ થવા લાગ્યા. હજારો બ્રાહ્મણો સરયૂ નદીને કિનારે સંધ્યાવંદનાદિક ક્રિયા કરી રહ્યા હતા. આખી નગરી શણગારવામાં આવી હોય તેમ લાગતું હતું. પર્વતોના શિખર જેવા સાત સાત માળના મહેલો પંક્તિબદ્ધ શોભી રહ્યા હતા. નાના-મોટા રાજમાર્ગો ઉપર અતિ શ્રેષ્ઠ દુકાનોની પંક્તિઓ હતી. ઊંચા મંદિરોના શિખરો અને ઊંચા મહેલોના સમૂહોથી અતિ રમણીય આ નગરીમાં કોઈપણ પદાર્થની કમી ન હતી. આખી અયોધ્યા જાણે પ્રભુના પધારવાથી સુશોભિત બની ઊઠી હતી : **'વાડીવન સરજૂ તે વાર રે, પ્રભુ પધાર્યે શોભ્યા અપાર રે; જીયાં આવ્યા પોતે ઘનશ્યામ રે, તેણે કરી થયા શોભા ધામ રે...'**

વર્ષોની વિરહી અયોધ્યાનગરીને તો જાણે ફરીથી પોતાના **ઈષ્ટદેવની પ્રાપ્તિ** થઈ. સર્વત્ર **જયજયકાર** થઈ રહ્યો. અયોધ્યાની શોભાને નીરખતા નીરખતા અયોધ્યાના બરહટ્ટા નામના **શાખાનગર**માં જ્યાં ધર્મદેવનું પોતાનું ઘર હતું ત્યાં **નિવાસ** કર્યો.

## લીલાચરિત્ર-૨

### અનેક સ્વરૂપે થઈને મર્કટોને ભગાડ્યા

એકવખત અયોધ્યામાં ભક્તિમાતાએ એકાદશીના દિવસે શ્રીરામચંદ્રજીના જન્મસ્થાનકે દર્શન કરવા જવું હતું. તેથી બાળપ્રભુ ઘનશ્યામને સુંદર વસ્ત્ર-અલંકારો પહેરાવીને પોતાના જમણા હાથની આંગળી ઝલાવીને મોટા પુત્ર રામપ્રતાપભાઈ સહિત ઘરેથી ચાલ્યા તે ઊભી બજારે થઈને દંતધાવન કુંડ ઉપર આવીને મોટા કદમના વૃક્ષ નીચે ઘડી ઊભા રહી વિશ્રામ લીધો.

ત્યાંથી ચાલ્યા તે જન્મસ્થાનકે જતાં વચ્ચે આંબલીઓના બગીચામાં ગયા. ત્યારે બાળપ્રભુ **ઘનશ્યામ**ના ગજવામાં થોડાક ચણા હતા તેથી એક મર્કટ દોડીને ગજવાને વળગ્યું. ત્યારે ભક્તિમાતાની આંગળી મૂકી દઈને મર્કટનો હાથ પકડ્યો, તેથી મર્કટ ચિચિયારી પાડવા માંડ્યું. તે મર્કટની ચિચિયારી સાંભળી બીજા ઘણા મર્કટ ભેગા થઈ ત્યાં આવ્યા. તે જોઈને રામપ્રતાપભાઈને થયું કે, આ સર્વે મર્કટ ઘનશ્યામને મારશે. એમ જાણીને બે હાથમાં પથ્થર લઈને બધા મર્કટના સામા થયા. ભક્તિમાતા તો ભય પામીને એકબાજુ ઊભા રહીને ભગવાનનું સ્મરણ કરવા લાગ્યા.

એટલામાં તો બાળપ્રભુ ઘનશ્યામ **જેટલા મર્કટ હતા તેટલા સ્વરૂપે** થયા અને હાથમાં એક એક લાકડી ધારણ કરી સર્વે મર્કટને કાઢી મૂકીને પાછા એક સ્વરૂપે થઈને પ્રથમની જેમ ભક્તિમાતાની આંગળી પકડી લીધી. આ ચરિત્ર જોઈને રામપ્રતાપભાઈ તથા ભક્તિમાતા આનંદ પામ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે જન્મસ્થાનકે દર્શન કરીને રત્નસિંહાસન (દશરથ મહેલ), રંગમહોલ, રામકોટ, કોપભુવન થઈને હનુમાનગઢીએ દર્શન કરીને પાછા ઘેર આવતા હતા.

રસ્તામાં સારાં જામફળ જોઈને બાળપ્રભુ ઘનશ્યામે કહ્યું : ''હે દીદી ! અમને આ જામફળ લાવી આપો.'' ત્યારે ભક્તિમાતાએ જામફળ લઈને ગજવામાં ભરી આપ્યા અને બીજા વધ્યા તે રામપ્રતાપભાઈને આપ્યા. બાળપ્રભુ ઘનશ્યામના ગજવામાં જામફળ ભરેલા છે તેમ છતાં મોટાભાઈની પાસે જે જામફળ હતા તે માંગવા લાગ્યા. ત્યારે મોટાભાઈ કહે : ''હે ઘનશ્યામ ! આ તમારા ગજવામાં જામફળ ભર્યા છે તે પહેલા જમોને ! આ તો લાલજીને જમાડીને અમે સર્વે જમીશું.'' ત્યારે બાળપ્રભુએ કહ્યું : ''હે ભાઈ ! આ પ્રત્યક્ષ બોલતા લાલજીને જમાડો એટલે લાલજી તમારા ઉપર બહુ રાજી થશે.'' એવા મર્મ ભરેલા વચન બોલીને રડવા લાગ્યા અને પૃથ્વી ઉપર ઢળી પડ્યા.

તે સમયે ધર્મદેવ ચોતરા ઉપર બેસીને એકાદશી માહાત્મ્યનું પુસ્તક વાંચતા હતા તે હાથમાં લઈને પોતાના પુત્રની પાસે જઈને બોલ્યા : ''હે ઘનશ્યામ ! જુઓને આટલા બધા મર્કટ ક્યાંથી આવ્યા ? તમે ઊભા થઈને જુઓ તો ખરા અને ચાલો, હું તમને જામફળ આપું.'' એમ કહીને હાથ ઝાલીને બાળપ્રભુ ઘનશ્યામને ઊભા કરવા લાગ્યા તેથી બાળપ્રભુએ પોતાનામાં બહુ ભાર જણાવ્યો. ત્યારે ધર્મદેવે હાથ મૂકી દીધો. એટલે પોતે તુરત ઊભા થઈને દોડીને ઘરમાં જતા રહ્યા અને ધર્મદેવ આશ્ચર્ય પામી પાછા ચોતરે બેસીને વાંચવા લાગ્યા.

## લીલાચરિત્ર-૩

### મોટાભાઈ રામપ્રતાપજીને વીસ મંદિરે દર્શન આપ્યાં

**વિચર્યા એમ વીશ મંદિરે, દિઠા સર્વ સ્થળે હરિરાય;**
**અચરજ ઉરમાં ઉપજ્યું, તે તો વરણવ્યું નવ જાય.**
(શ્રીહરિલીલામૃત : ૨/૧૨/૪૬)

એકદિવસ સંધ્યા સમયમાં બાળપ્રભુ **ઘનશ્યામ** મંદિરોમાં દર્શન કરવા ગયા હતા. તે રાત્રિનો એક પ્રહર વીતી ગયો તોપણ પાછા ઘેર ન આવ્યા. તેથી ભક્તિમાતાએ રામપ્રતાપભાઈને કહ્યું : ''રામપ્રતાપ ! તમે ઘનશ્યામને તેડી લાવો, હજી સુધી ઘેર નથી આવ્યા.'' ત્યારે રામપ્રતાપભાઈ હનુમાનગઢીએ જોવા ગયા. ત્યાં બાળપ્રભુ ઘનશ્યામ એકાગ્રચિત્તે રામાયણની કથા સાંભળતા હતા.

મોટાભાઈએ બાળપ્રભુ ઘનશ્યામ પાસે જઈને કહ્યું : ''ઘનશ્યામ ! ઘેર ચાલો, માતા બોલાવે છે. ઘણું મોડું પણ થઈ ગયું છે.'' ત્યારે બાળપ્રભુ કહે : ''ભાઈ ! તમે એમ કરો કે એકાદ બીજા મંદિરે દર્શન કરી આવો ત્યાં સુધીમાં આ કથાનો અધ્યાય પૂર્ણ થઈ જશે. પછી આપણે બંને સાથે ઘેર જઈશું.''

પછી રામપ્રતાપભાઈ રત્નસિંહાસને દર્શન કરવા ગયા. અહીં ભાગવતની કથા વંચાતી હતી. ત્યાં પણ બાળપ્રભુ ઘનશ્યામ મહારાજ એકાગ્રચિત્તે કથા સાંભળતા હતા. ત્યારે રામપ્રતાપભાઈને આશ્ચર્ય થયું કે, ઘનશ્યામ અહીં ક્યાંથી આવી ગયા ! એટલે ત્યાંના પૂજારીને પૂછ્યું તો તેમણે કહ્યું : ''ઘનશ્યામ તો સંધ્યા સમયના અહીં જ છે.'' પછી **મોટાભાઈ** બાળપ્રભુ ઘનશ્યામ પ્રત્યે બોલ્યા : ''ઘનશ્યામ ! ઘેર ચાલો, માતા બોલાવે છે.'' ત્યારે **બાળપ્રભુ** કહે : ''તમે બીજા મંદિરમાં દર્શન કરીને આવો ત્યાં સુધીમાં કથાનો અધ્યાય પૂરો થઈ જશે. પછી આપણે સાથે ઘેર જઈશું.'' તેથી રામપ્રતાપભાઈ કોપભુવને ગયા. તો ત્યાં બાળપ્રભુ ઘનશ્યામ એક પગે ઊભા રહીને માળા ફેરવતા હતા. ત્યાંના દર્શનાર્થીઓને પૂછ્યું : ''ઘનશ્યામ ક્યારે અહીં આવ્યા ?'' ત્યારે તેઓએ કહ્યું : ''સંધ્યા સમયના અહીં જ છે.''

પછી મોટાભાઈ કનકભુવન, રામમહોલ, સુગ્રીવ ટીલા, જન્મસ્થાનક આદિક વીસ મંદિરોમાં ફર્યા તો બધા મંદિરોમાં



બાળપ્રભુ ઘનશ્યામ મહારાજને જોયા. પછી એમ થયું હવે હનુમાનગઢીએ પાછો જાઉં ત્યાં છે કે નહિ ? એટલે હનુમાનગઢી ગયા તો ત્યાં પણ બાળપ્રભુ ઘનશ્યામ કથા સાંભળતા બેઠા હતા. તેથી રામપ્રતાપભાઈ વિચારવા લાગ્યા કે, ''જેમ અક્રૂરજીને યમુનાજીના પાણીમાં અને બહાર એમ બે સ્વરૂપે ભગવાન શ્રીકૃષ્ણે દર્શન આપ્યા હતા તથા નારદને દ્વારિકામાં અનેકરૂપે દર્શન થયા હતા તેમ આજે મારા ઉપર કૃપા કરી મને **અનેકરૂપે દર્શન** થયા છે.'' આમ વિચાર કરતા મોટાભાઈને જોઈ બાળપ્રભુ ઘનશ્યામે કહ્યું : ''ભાઈ ! ચાલો, કથા પૂરી થઈ ગઈ છે હવે ઘેર જઈએ.'' આથી બંને ભાઈઓ ઘેર આવ્યા ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. એટલે ભક્તિમાતાએ ઠપકો આપ્યો કે, ''ઘનશ્યામ ! તમારે આવી રીતે રાત્રિના સમયે એકલા ફરવું નહિ. અસુરોનો ઉપદ્રવ ઘણો છે. માટે વહેલાસર ઘેર આવી જવું. જો રાત્રિની ચાર ઘડી સુધીમાં નહિ આવો તો દરવાજો ખોલીશ નહિ અને ઘરમાં પેસવા નહિ દઉં.'' એમ કહી ભક્તિમાતાએ પ્રેમથી બંને ભાઈઓને જમાડ્યા. પછી પલંગ ઢાળી તે ઉપર બાળપ્રભુને પોઢાડી દીધા. પછી રામપ્રતાપભાઈએ બધી વાત ઘરના તમામ સંબંધીઓને કહી સંભળાવી. તેથી સર્વે આચરજ પામ્યા અને ભગવાનપણાનો **નિશ્ચય** થયો.

પછી બીજે દિવસે ફરી બાળપ્રભુ ઘનશ્યામ રાત્રિએ મોડા આવ્યા. અને દરવાજો ખટખટાવ્યો. એટલે **ભક્તિમાતા** દરવાજા પાસે આવી પ્રેમથી બોલ્યા :

**પ્રેમવતી પણ પ્રેમથી, કહે કોણ બોલે છે બા'ર ?**
**જામની જામ વિતી ગઇ, કોઇ હશે ચોર ચખાર.**
**શ્રીહરિયે સંભળાવિયાં, નિજનામ ત્યાં રુડી રીત;**
**વક્રોક્તિમાં વાળિયા, માયે ઉત્તર પ્રીત સહીત.**
(શ્રીહરિલીલામૃત : ૨/૧૨/૬૨-૬૩)

''માતા ! હું ઘનશ્યામ છું.'' - ''ઘનશ્યામ તો કાળુ વાદળ કહેવાય તેનું અહીં શું કામ છે ? ક્યાંક વનમાં જઈને વૃષ્ટિ કરો.''

''માતા ! હું નીલકંઠ છું'' - ''નીલકંઠ તો મોર કહેવાય. તેનું અહીં શું કામ છે ? જાઓ ક્યાંક પર્વત ઉપર ચડીને ઊંચા સ્વરે ટહુકા કરો.''

''માતા ! હું હરિકૃષ્ણ છું.'' - ''હરિ એટલે સિંહ અને કૃષ્ણ એટલે કાળો. તે અમે તો કોઈ દિવસ કાળો સિંહ જોયો નથી.''

''માતા ! હું વૃષપુત્ર છું.'' - ''વૃષપુત્ર તો બળદ કહેવાય તેનું અહીં શું કામ છે ? ધુંસરી ધારી ખેતરે ખેતી કરો.''

''માતા ! હું ધર્મતનુજ છું.'' - ''ધર્મ તો યુધિષ્ઠિર કહેવાય. એમને તો કોઈ પુત્ર ન હતા.''

''માતા ! હું હરિ છું.'' - ''હરિ=ઈન્દ્ર તો સ્વર્ગમાં રહે છે તેનું અહીં શું કામ છે ?''

''માતા ! હું ભક્તિતનુજ છું.'' - ''ભક્તિને તો બે પુત્ર છે

- જ્ઞાન અને વૈરાગ્ય.''

આમ વક્રોક્તિમાં ભક્તિમાતાએ **ઉત્તર** આપ્યા. તેથી બાળપ્રભુ ઘનશ્યામે કહ્યું : ''માતા ! **હું તારો લાલો છું અને મને ખૂબજ ભૂખ લાગી છે** માટે દરવાજો ખોલો.'' ત્યારે ભક્તિમાતાએ દરવાજો ખોલ્યો અને હેતપૂર્વક પોતાની છાતીએ ચાંપી બાળપ્રભુ ઘનશ્યામને વાળું કરાવ્યું. પછી બાળપ્રભુ ઘનશ્યામે કહ્યું : ''હે માતા ! હવે હું ક્યારેય રાત્રિએ મોડો નહિ આવું.'' આવું સાંભળી **ભક્તિમાતા** અતિશય રાજી થયા.

## લીલાચરિત્ર-૪

### કથાશ્રવણ કરવામાં વિઘ્ન કરનાર અસુરોને પરસ્પર વૈર કરાવી નાશ કર્યો

એકવખત અયોધ્યામાં નવગજાપીરની આંબલી નીચે કેટલાક દિવસથી મહાભારતની કથા વંચાતી હતી. એટલે એકાદશીના દિવસે બાળપ્રભુ ઘનશ્યામે પોતાના દિલ્લીસંગ, માનસંગ, કેસરીસંગ આદિક મિત્રોને કહ્યું : ''ચાલો આપણે કથા સાંભળવા જઈએ.'' મિત્રો તો તૈયાર થઈ ગયા. પરંતુ સાંજનો સમય હોવાથી મોટાભાઈ રામપ્રતાપજીએ ના પાડી.

બાળપ્રભુ ઘનશ્યામને **કથા શ્રવણ** કરવા જવાની તીવ્ર ઈચ્છા હતી. તેથી મિત્રો કહે : ''ઘનશ્યામ ! હમણાં રોકાઈ જાવ. મોટાભાઈ સૂઈ જાય પછી જઈશું.'' પછી જ્યારે મોટાભાઈ સૂઈ ગયા ત્યારે મિત્રોની સાથે બાળપ્રભુ ઘનશ્યામ ચાલી નીકળ્યા. નવગજાપીર આંબલી જ્યાં કથાસ્થળ હતું ત્યાં આવ્યા. ત્યાં અયોધ્યાના રાજા દર્શનસિંહજી પણ ગાદિ-તકિયા પર બિરાજમાન થઈને કથા સાંભળતા હતા. બાળપ્રભુ ઘનશ્યામને રાજા દર્શનસિંહજીએ તરત જ પાસે બોલાવીને પોતાની બાજુમાં ગાદી પર બેસાર્યા. તે છેક કથાની સમાપ્તિ થઈ ત્યાં સુધી બેઠા.

કથાની સમાપ્તિ થઈ એટલે શાસ્ત્રીજીનું સન્માન કર્યું ને પોતાની પાસે પાંચ રૂપિયા હતા તે ભેટમાં મૂકી દીધા અને મહાતેજોમય સ્વરૂપે શ્રીરામચંદ્રજી સ્વરૂપે દર્શન આપ્યા. બાળપ્રભુ ઘનશ્યામ મહારાજે થોડીવાર આવું **અલૌકિક-ઐશ્વર્ય** બતાવીને પાછું પોતાનામાં સમાવી લીધું.

પછી ત્યાંથી ઘેર આવવા નીકળ્યા તો રસ્તામાં રાજાના દરબાર પાસે કેટલાક અસુરો બાળપ્રભુ ઘનશ્યામને મારવા ફરી વળ્યા. બંને બાજુના દરવાજા બંધ કરી તાળા મારી દીધા. અનંત શક્તિમાન સર્વાત્મા-પરમાત્માને કોણ રોકી શકે ? બાળપ્રભુ ઘનશ્યામની ઈચ્છાથી એ અસુરોને પરસ્પર ઝઘડો થયો. તેમાં અસુરો અંદરોઅંદર જ નાશ પામ્યા. પછી બાળપ્રભુ ઘનશ્યામ દિવ્યશક્તિથી તાળા ખોલી ને છાનામાના ભાઈને ખબર ન પડે તેમ ઘેર આવીને પોઢી ગયા.

આ રીતે અયોધ્યામાં ઘણા ઠેકાણે રામાયણ-ભાગવતની કથાઓ વંચાતી તેને સાંભળવા માટે બાળપ્રભુ **ઘનશ્યામ** બંને વખત પહોંચી જતા. તેમાં ક્યારેક રાત્રે મોડું થઈ જતું ત્યારે **મોટાભાઈ** કહેતા : ''હે ઘનશ્યામ ! તમારે રાત્રિમાં ક્યાંય કથા સાંભળવા જવું નહીં. કારણ કે કોઈક અસુર તમને કષ્ટ આપે, વિઘ્ન કરે.'' મોટાભાઈની વાત સાંભળીને બાળપ્રભુ ઘનશ્યામ પણ કહે : ''હે મોટાભાઈ ! એવા **એક-બે વિઘ્ન**ને કોણ ગણે છે ? પરંતુ **કરોડ વિઘ્ન આવે તો પણ** કથા સાંભળ્યા વિના કેમ ચાલે ?''

આ રીતે અયોધ્યામાં નાના-મોટા ત્રણસો સાઠ મંદિરોમાં નિત્ય **દર્શન** કરીને જમવાનું **નિયમ** બાળપ્રભુ ઘનશ્યામને હતું. અયોધ્યામાં રહ્યા ત્યાં સુધી કોઈ દિવસ દર્શન કર્યા વિના જળપાન કરતા નહિ. આમ, ભગવાન શ્રીહરિએ કથાવાર્તાની **અભિરુચિ** અને દર્શનનો **આગ્રહ** અયોધ્યામાં મંદિરે મંદિરે દર્શન અને કથાશ્રવણ દ્વારા બાલ્યાવસ્થામાં પોતે આચરીને આશ્રિતોને પણ સમજાવ્યો છે.

## લીલાચરિત્ર-૫

### ઘનશ્યામ મહાપ્રભુનો ગૃહત્યાગ

માતા ભક્તિદેવી તથા પિતા ધર્મદેવને દિવ્યગતિ આપ્યા પછી બાળપ્રભુ ઘનશ્યામે ઘરનો ત્યાગ કરી તપ કરવા વનમાં જવાનો વિચાર કર્યો. તેઓ ઘેરથી ભાગી નીકળવાનો લાગ જોતા હતા. તેવામાં એક દિવસ સવારે બાળપ્રભુ **ઘનશ્યામ** સંસારથી ખૂબ ઉદાસ થઈ ગયા. નાહી-ધોઈને અયોધ્યાનાં બધા મંદિરોમાં દર્શન કરી આવ્યા. દર્શન કરીને પાછા આવતા હતા. ત્યારે વચ્ચે ઉપવનમાં કેટલાય મલ્લો **કુસ્તીદાવ** રમતા હતા. મલ્લોએ બાળપ્રભુ ઘનશ્યામને આવતા જોઈ ચારે બાજુથી ઘેરી લીધા અને આગળ જવા દીધા નહિ.

આથી બાળપ્રભુ ઘનશ્યામે પોતાનું શરીર મલ્લ જેવું મોટું



અને બળવાન બનાવી દીધું. તેઓ મલ્લો સાથે કુસ્તીમાં ઊતરી પડયા. એક એક મલ્લને હવામાં અદ્ધર ગોળ ગોળ ફેરવીને પછાડ્યા. સૌના હાડકાં ખોખરાં કરી નાખ્યાં. કોઈ ઊભા થઈ શક્યા નહિ. સત્તાવીશે સત્તાવીશ મલ્લ રોવા લાગ્યા.

આથી મલ્લોનાં માતાપિતા અને સંબંધીઓ બાળપ્રભુ ઘનશ્યામના મોટાભાઈને **ફરિયાદ** કરવા ગયાં. તેમણે રામપ્રતાપભાઈને કહ્યું : ''અમારા પુત્રને વગર વાંકે તમારા બાળપ્રભુ ઘનશ્યામે માર્યા છે.'' આ સાંભળી રામપ્રતાપભાઈને થયું કે, ઘનશ્યામને **ઠપકો** આપવો જોઈએ. આવી ફરિયાદો તેમને માટે રોજ આવશે તો ગામમાં આપણું ખોટું દેખાશે. વળી, માતાપિતાની ગેરહાજરીમાં ઘનશ્યામની જવાબદારી મારા ઉપર છે. તેઓ આમ તોફાન કરશે તો તેમને કન્યા પણ કોણ આપશે. માટે હવે જલદીથી એમના વિવાહ પણ કરી નાખવા છે. એમ વિચારી રામપ્રતાપભાઈએ બાળપ્રભુ ઘનશ્યામને ઠપકો આપ્યો. બાળપ્રભુ ઘનશ્યામે મૂંગે મોઢે સાંભળી લીધું અને છેલ્લે કહ્યું : ''મોટાભાઈ, આજ પછી મારી કોઈ ફરિયાદ નહિ આવે.''

બસ, આ જ સમયે બાળપ્રભુ ઘનશ્યામે **ગૃહત્યાગ** કરવાનો દૃઢ સંકલ્પ કરી લીધો. સાંજે મોટાભાઈ અને ભાભી સાથે શાંતિથી વાળુ કરી સૂઈ ગયા.

બીજે દિવસે વહેલી સવારે બાળપ્રભુ ઘનશ્યામ ઊઠી ગયા. હળવેકથી સાથે લેવાનો તૈયાર કરી રાખેલ સામાન લઈને જ્યારે સૌ ઘરમાં સૂતાં હતાં ત્યારે ઘર છોડીને વનમાં જવા માટે સ્નાન કરવાને બહાને **સરયૂ નદી તરફ** ચાલવા લાગ્યા.

**કરી શ્રીહરિ એટલું કામ, ચાલ્યા ઘેર થકી ઘનશ્યામ;**
**સંવત્ અઢાર ઓગણપચાસ, વર્તે વર્ષમાં અષાઢ માસ.**
**સુદિ દશમ શુકરવાર, તેદિ પ્રભુજી થયા તૈયાર;**
**પ્રાતઃકાળે ચાલ્યા નાવા મિષે, ત્યાંથી શુદ્ધ ઉત્તરની દિશે.**
(શ્રી ભક્ત ચિંતામણી : પ્ર. ૨૬)

**ભક્તિ તથા વેદ વસૂ શશાંક, બેઠો નવો વિક્રમ વર્ષ અંક;**
**અષાઢમાસી દશમી શુદીમાં, ના'યા હરિ જૈ સરજૂ નદીમાં.**
(શ્રીહરિલીલામૃત : ૨/૧૮/૩૩)

પૃથ્વી ઉપર **ભાગવત ધર્મ**ના **સ્થાપનના** ઈતિહાસનો મંગળમય **પ્રારંભ** આજથી શરૂ થયો. આજની **શુભ તિથિ** હતી આ.સં. ૧૮૪૯ના અષાઢ સુદ - ૧૦ ને શુક્રવાર (તા. ૨૯-૬-૧૭૯૨)

(સં. ૧૮૪૦માં ધર્મદેવ છપૈયાથી **અયોધ્યા** રહેવા આવ્યા. પછી અવારનવાર પ્રસંગોપાત્ત છપૈયા જતા. થોડો ઘણો સમય છપૈયા રહેતા અને પાછા અયોધ્યા આવીને રહેતા. આમ, સં. ૧૮૪૦ થી સં. ૧૮૪૯ના સમયગાળા દરમ્યાન ભગવાન શ્રીહરિ વિશેષ કરીને અયોધ્યામાં રહ્યા હતા.)

બાળપ્રભુ ઘનશ્યામે કેડ ઉપર મુંજની મેખલા બાંધી હતી. શરીર પર ફક્ત એક નાનું આચ્છાદન વસ્ત્રે સહિત કૌપીન તથા ઉત્તરીયવસ્ત્ર રૂપે મૃગચર્મ ધાર્યું હતું. એક હાથમાં માળા હતી. બીજા હાથમાં પલાશનો દંડ હતો. તેને છેડે બધાં શાસ્ત્રોના સારરૂપી ગુટકો કપડામાં બાંધી લટકાવેલો તથા કમંડળ, ભિક્ષાપાત્ર અને પાણી ગાળવાનું વસ્ત્ર સાથે હતાં. ગળામાં તુલસીની બેવડી કંઠી હતી. ખભે જનોઈ હતી, શાલિગ્રામ અને બાલમુકુન્દનો બટવો પણ સાથે લીધેલો અને કપાળમાં તિલક-ચાંદલો, માથે જટા બાંધી હતી અને ઉઘાડે પગે આજે સમગ્ર વિશ્વના આધ્યાત્મિક ક્ષેત્રે **ઉચ્ચતમ** અને **અલૌકિક** ગણાતું બાળપ્રભુ ઘનશ્યામનું **પ્રસ્થાન** થયું.

साच्छादनं तु कौपीनमुत्तरीयं मृगाजिनम् ।
बिभ्रद्दण्डं च पालाशं ब्रह्मसूत्रं सितं तथा ॥
कण्ठे दधानस्तुलसीकाष्ठजं मालिकाद्वयम् ।
सचन्द्रकोर्ध्वपुण्ड्रस्य ललाटे लक्षणं तथा ॥
जटां मौञ्जीं मेखलां च जपमालां कमण्डलुम् ।
भिक्षापात्रं वस्त्रखण्डं बिभ्रत्पानीयगालनम् ॥
शालग्रामशिलां बालमुकुन्दं चाल्पसम्पुटे ।
निधाय वाससाऽऽवेष्ट्य कण्ठे बिभ्रदपादुकः ॥
लघ्वीं च पुस्तिकां सारचतुष्कस्य सुरक्षिताम् ।
मधूत्थाक्तसुवस्त्राद्यैः स्कन्धे बिभ्रदतिप्रियाम् ॥
(શ્રી સત્સંગિજીવન : ૧/૪૨/૧૫-૧૯)

**ઘર પરથી ઉતર્યું મન, વાહલું લાગે છે વસવું વન;**
**એક કોપીન ને આચ્છાદાન, તે વિના બીજું નથી વસન.**
**મૃગછાળા ને તુલસીમાળ, ઊર્ધ્વપુંડ્ર ચિન્હ છે વિશાળ;**
**જટા મુકુટ મંડિત માથે, લીધો પલાશનો દંડ હાથે.**
**ચારે શાસ્ત્રતણું જેહ સાર, તેનું પુસ્તક ખભા મોઝાર;**
**મુંજી મેખળા કમંડળું કર, પાસે ભિક્ષાનું પાત્ર સુંદર.**
**બાળમુકુંદ ને શાલગ્રામ, બાંધ્યો કન્ઠે બટવો તે શ્યામ;**
**એવા થકા સરજૂને તીર, આવ્યા ઉતરવા નદી નીર.**
(શ્રી ભક્ત ચિંતામણી : પ્ર. ૨૬)

પૌગંડાવસ્થા અને કિશોરઅવસ્થાની અનેક **દિવ્ય લીલાથી તીર્થમય** બની ગયેલા પરમ પુનિત ધામરૂપી અયોધ્યાના બરહટ્ટા શાખાનગરના પોતાના **નિવાસસ્થાન**ને છેલ્લા પ્રણામ કર્યા. ભવિષ્યમાં યાત્રિકો અહીં આવી પોતાના દિવ્ય લીલાચરિત્રોનું **સ્મરણ** સાથે સ્મૃતિ કરશે તેમનું **કલ્યાણ** કરવું તેવો **સંકલ્પ** કર્યો. અયોધ્યાના મંદિરો, હનુમાનગઢી, કનકભુવન, સ્વર્ગદ્વારી, જન્મસ્થાનક, સુગ્રીવટીલા વગેરે મંદિરો પોતાના પાદસ્પર્શથી નવીન તીર્થત્વ પામ્યા છે.

અયોધ્યા નગરીના રાજમાર્ગો, મલ્લના અખાડા, સરયૂ નદીના પવિત્ર ઘાટો - આ તમામ સ્થળોમાં પોતે વિચર્યા, તે ભૂમિને પાવન કરી નવું તીર્થત્વ આપ્યું. તે તીર્થોનું પોતાની સ્મૃતિ સહિત જે યાત્રિકો દર્શન કરશે તેમનું **આત્યંતિક કલ્યાણ** કરવાનો મહામોટો સંકલ્પ આજે ઘનશ્યામ મહાપ્રભુએ કર્યો.

ઘનશ્યામ મહાપ્રભુએ **ગૃહત્યાગ** કર્યો. આથમતા ચંદ્રના ઝાંખા અજવાળામાં ઘનશ્યામ મહાપ્રભુ અયોધ્યા નગરીના એક પછી એક માર્ગો પસાર કરતા ચાલ્યા જાય છે. વિષ્ણુના કપાળના સ્થાનરૂપ ગણાતી અયોધ્યા નગરી આજે ઉજ્જડ બની રહી હતી. રામના વનવાસનો વિરહ તો ચૌદ વર્ષ રહ્યો પણ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ઘનશ્યામ મહાપ્રભુ તો અયોધ્યાનો સદાને માટે ત્યાગ કરતા હતા. કાળો અંચળો પહેરીને બેઠેલી નિસ્તેજ વિધવા સમી અયોધ્યા નગરી આજે દેખાતી હતી ! કોઈ કોઈ ઘરમાંથી બહાર આવતું ઝાંખું અજવાળું વાતાવરણને ગૂંગળાવતું હતું. ગાઢ નિદ્રામાં ભૂંડાં સ્વપ્ન દેખીને બી ગયેલ કોઈકની કાળી ચીસ સંભળાતી હતી. પરંતુ સ્વસ્વરૂપના ધ્યાનમાં મગ્ન નિઃશંક ઘનશ્યામ મહાપ્રભુ એક પછી એક શેરી વટાવતા જતા હતા.

ઘનશ્યામ મહાપ્રભુ **સરયૂતટે** પહોંચ્યા. રોજના સમય કરતા ઘણા વહેલા છે એટલે કોઈ માણસની અવરજવર દેખાતી નથી. 'પોતાને કોઈ મનુષ્ય જોઈ ન જાય' એમ જન સમુદાયથી ભય પામતા થકા મહાનદી સરયૂને તરવાની ઈચ્છાથી નૌકાને આવવાની રાહ જોતા ઊભા રહ્યા.

તેવામાં ભયાનક આકૃતિવાળો કોઈ **કૌશિક** નામનો અસુર ત્યાં આવ્યો. પૂર્વે પરસ્પર યુદ્ધમાં મરણ પામેલા અસુરોમાં બાકી રહેલો આ અસુર શ્રીહરિનો શત્રુ હતો. તેણે ઘનશ્યામ મહાપ્રભુને બે હાથે પકડી ઊંચા કર્યા. મહાપ્રભુની ઈચ્છાથી જ તે ત્યાં આવ્યો હતો. તેથી ઘનશ્યામ મહાપ્રભુ એ જ સ્થિતિમાં સ્વસ્થ રહ્યા. તેમને તો સરયૂમાં ઝંપલાવવું જ હતું. પરંતુ આસુરી ભાવનાવાળા તે પુરુષને નિમિત્ત બનાવી તેને તેના કર્મોનું ફળ આપવું હતું. તે દોડ્યો. સરયૂના પહોળા પટમાં પાણીના ભયંકર લોઢ ઊછળતા હતા. અનેક જળચર પ્રાણીઓને સંઘરતી સરયૂ આજે વિનાશનું તાંડવ ખેલતી હોય તેવી ભયંકર દેખાતી હતી. ભલભલાની છાતી સરયૂનું આ વિકરાળ સ્વરૂપ જોઈ થંભી જતી. અસુરને સરયૂનું આ સ્વરૂપ જોઈ આનંદ થયો. ઘનશ્યામ આજે સરયૂ નદીના આ પ્રવાહમાં અટવાઈને ખતમ થઈ જશે તે વિચારથી તેણે અટ્ટહાસ્ય કર્યું. એક નાનકડા બાળકે પોતાની વિડંબના કરી ! આજે તેનું ફળ તેને ચખાડું છું. લક્ષ્મણઘાટ સુધી તે નીલકંઠને એમ ને એમ પકડીને દોડ્યો. લક્ષ્મણઘાટ પાસે આવીને તેણે ઘનશ્યામ મહાપ્રભુને જોરથી સરયૂના પ્રવાહમાં ફેંક્યા અને ફરી તેણે અટ્ટહાસ્ય કર્યું.

આ પડઘો અયોધ્યાની શેરીએ શેરીએ સંભળાયો. જાણે ધરતીકંપ થયો હોય તેવી વિકરાળ ગર્જનાથી અયોધ્યા નગરી ધણધણી ઊઠી. એ જ વખતે પ્રચંડ વાવાઝોડું શરૂ થયું. પરંતુ ઘનશ્યામ મહાપ્રભુના સ્પર્શથી સરયૂને સાન આવી ગઈ. તેના પ્રવાહનો ઉન્માદ શાંત પડી ગયો. નવપરિણીત નારીની લજ્જાભરી ચાલને પણ શરમાવે તેવી તેની ગતિ બની ગઈ.

મહાપ્રભુની ઈચ્છાથી ગરુડજી આવીને ઘનશ્યામ મહાપ્રભુને પોતાના ઉપર લઈ લીધા. સૂર્યોદયથી આરંભી સાડા ત્રણ પ્રહર પર્યંત ઘનશ્યામ મહાપ્રભુને ત્રણ યોજન (બાર ગાઉ) દૂર સરયૂના સામે કિનારે ગરુડજીએ બહાર ઉતાર્યા. પછી ગરુડજીએ ફળ-પુષ્પોથી પૂજા કરી. તે પ્રસાદી કરીને ઘનશ્યામ મહાપ્રભુએ ગરુડજીને પાછી આપી. પછી ઘનશ્યામ મહાપ્રભુને નમસ્કાર કરીને ગરુડજી પાછા અદૃશ્ય થઈ ગયા.

નદીમાં ફેંકનાર તે અસુર પોતાને જે રીતે મૃત્યુ પામેલા જાણે તે પ્રમાણે ચેષ્ટા કરતા ઘનશ્યામ મહાપ્રભુ તરંગો સાથે તણાતા તણાતા જાણે ચેષ્ટા રહિત બન્યા હોય ને શું ? તેવા જણાતા હતા. ઘનશ્યામ મહાપ્રભુની માયાથી મોહ પામેલો અસુર ચેષ્ટા રહિત બનેલા જણાતા શ્રીહરિને મૃત્યુ પામેલાં જાણી અતિ હર્ષ પામતો પામતો ત્યાંથી પાછો વળ્યો, અને જ્યાં જ્યાં પોતાના (મિત્રાદિ સંબંધવાળા) અસુરો રહેતા હતા ત્યાં ત્યાં જઈ 'પોતે શ્રીહરિને મારીને આવ્યો છે' એવી વાત કહેવા લાગ્યો. તે સાંભળી કેટલાક અસુરોએ **ઘનશ્યામ મહાપ્રભુનું** મૃત્યુ થયાની વાતને સત્ય માની અને કેટલાકે તો એ વાતનો સ્વીકાર પણ કર્યો નહિ. યોગઐશ્વર્યના પ્રભાવથી ઘનશ્યામ મહાપ્રભુ જળમાં ડૂબ્યા નહિ અને તેમાંથી બહાર નીકળી, તે સ્થાનેથી આગળ ઉત્તર દિશામાં **શ્યામવર્ણ**ના **હિમાલય તરફ** પ્રયાણ કર્યું.

આ બાજુ અયોધ્યામાં **હનુમાનજી** પોતાનો આહ્નિક વિધિ સમાપ્ત કરી દરરોજના ક્રમ પ્રમાણે ઘનશ્યામ મહાપ્રભુના દર્શન કરવા ધર્મદેવના ભુવનમાં આવ્યા. હનુમાનજી ઘનશ્યામ મહાપ્રભુને પોતાના ઈષ્ટદેવ શ્રીરામચંદ્ર સ્વરૂપે જાણતા હોવાથી પ્રતિદિન ગાઢ અનુરાગથી તેમનાં દર્શન કરવા આવતા હતા. અહીં ધર્મભુવનમાં ઘનશ્યામ મહાપ્રભુને નહિ જોવાથી હનુમાનજી અયોધ્યાપુરીમાં ચારે બાજુ શોધખોળ કરવા લાગ્યા પણ ક્યાંય મળ્યા નહિ. તેથી સરયૂ કિનારે બેસી એક મુહૂર્ત પર્યંત ઘનશ્યામ મહાપ્રભુનું ધ્યાન કર્યું. ધ્યાન સ્થિતિમાં હનુમાનજીએ જાણ્યું કે 'ઘનશ્યામ મહાપ્રભુ ધર્મભક્તિનું પોષણ કરવા અને અધર્મનો વિનાશ કરવા ભરતખંડની યાત્રાએ ઘર થકી ચાલી નીકળ્યા છે.'

અનુસંધાન પેજ નં. ૪૧ ઉપર




# અયોધ્યામાં બાળપ્રભુલીલાના प्रासादिक तीर्थस्थानो

## સ.ગુ. શ્રી રામાનંદ સ્વામી તથા શ્રી ધર્મ-ભક્તિ નિવાસ સ્થાન (શિખરબધ્ધ મંદિર)

સં. ૧૮૪૦ થી સં. ૧૮૪૯ સુધી અયોધ્યામાં ભગવાન શ્રી સ્વામિનારાયણે બાળસ્વરૂપે જે સ્થાનમાં રહીને અનેક દિવ્ય **બાળલીલા-ચરિત્રો** કર્યા છે, એવું સ્થાન એટલે હાલમાં શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરના પાછળના ભાગમાં આવેલ શ્રી ધર્મદેવ તથા સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીનું **નિવાસસ્થાન.**

આ સ્થાનમાં જ ઉદ્ધવાવતાર સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીનું પ્રાગટ્ય થયું હતું. તેમજ છપૈયામાં અસુરોનો ઉપદ્રવ થતા ધર્મ-ભક્તિએ અયોધ્યાના બરહટ્ટા નામના શાખાનગરમાં આ સ્થાનમાં જ નિવાસ કર્યો હતો. આ સ્થાનની કાયમી **સ્મૃતિ** જળવાઈ રહે તેવા શુભ હેતુથી **છત્રી** કરવામાં આવી હતી. પરંતુ હાલમાં નૂતન નકશીકલા યુક્ત કાષ્ઠની સ્મૃતિછત્રી નિર્માણઅર્થે જૂની સ્મૃતિછત્રી કાઢી નાખવામાં આવી છે.

### લીલાચરિત્ર-૧

### સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીનું પ્રાગટ્ય

**દુર્વાસાના શાપથી, ઉદ્ધવે ધર્યો અવતાર;**
**પૂર્વે દિશે અયોધ્યા પુરી, ત્યાં બ્રાહ્મણ સુંદર સાર.**
**કશ્યપ ગોત્ર ને ઋગ્વેદ, આશ્વલાયન શાખા જેહની;**
**અજય નામે વિપ્ર પવિત્ર, સુમતિ પત્ની તેહની.**
**તેને તે ઘેર પ્રકટ્યા, ઉદ્ધવ આપે ઉદાર;**
**સંવત સત્તર પંચાણવે શ્રાવણ વદી આઠમ સવાર.**
**તેહ સમે ઉદ્ધવજીએ, આપે ધર્યો અવતાર;**
**જન્મ સમે જય જય શબ્દે, વદે છે નર ને નાર.**
(શ્રી ભક્ત ચિંતામણી : પ્ર. ૩૬)

આજે વિશ્વભરમાં **'શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય'** તરીકે વિવિધ ક્ષેત્રે ઉપસી રહેલા મૂળ 'ઉદ્ધવ સંપ્રદાય'ના સંસ્થાપક ઉદ્ધવાવતાર શ્રી રામાનંદ સ્વામી છે. તેમનો જન્મ દુર્વાસાના શાપથી અયોધ્યાનગરીમાં આ સ્થાને અજય વિપ્રને ઘેર માતા સુમતિના ઉદરે સં. ૧૭૯૫ના શ્રાવણ વદ - ૮ (જન્માષ્ટમી)ના દિવસે થયો હતો. બાળપણનું નામ **રામશર્મા** હતું.

શુક્લપક્ષના ચંદ્રની માફક વૃદ્ધિ પામતા રામશર્મા માતા-પિતાનો આનંદ આપી, પરિવાર તથા

નગરવાસીઓને સ્વભક્તિ વૈભવથી પ્રભાવિત કરતા રહ્યા. આઠ વર્ષે યજ્ઞોપવીત પ્રાપ્ત કર્યા પછી વેદાધ્યયન નિમિત્તે ગૃહત્યાગ કરીને સદ્‌ગુરુની શોધમાં નીકળી પડ્યા. અયોધ્યાથી નીકળેલા રામશર્માને જૂનાગઢ ગિરનારની તળેટીમાં આત્માનંદ સ્વામી નામે સિદ્ધ મળ્યા. તેમની પાસેથી દીક્ષા લીધી અને 'રામાનંદ સ્વામી' નામ ધારણ કર્યું. અષ્ટાંગ યોગ સાધના કરતાં સિદ્ધ દશાને પામ્યા. સમાધિમાં નિરાકાર તેજના દર્શનથી ભયભીત થયેલા રામાનંદ સ્વામીએ નિરાકારવાદી ગુરુનો ત્યાગ કરીને દક્ષિણ ભારતની વાટ લીધી.

શ્રીરંગક્ષેત્રમાં આચાર્યપ્રવર **શ્રી રામાનુજાચાર્ય** થકી સમાધિમાં દીક્ષા પામ્યા. ગુરુના આદેશ મુજબ ભજન કરતા થકા હૃદયમાં શ્રીલક્ષ્મીનારાયણના દર્શન થયાં, એટલે પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા. પરંતુ પરદેશી વ્યક્તિથી શાંતિ અને વિસ્તરતી કીર્તિ સ્થાનિક લોકો જોઈ ન શક્યા. તેના ત્રાસથી પરેશાન રામાનંદ સ્વામી વૃંદાવન આવ્યા. ત્યાં ભગવદનુષ્ઠાન કરતા થકા શ્રીકૃષ્ણનારાયણના દર્શન થયાં. તેમની જ ઈચ્છાથી 'પોતે ઉદ્ધવ છે અને સંપ્રદાય સ્થાપનાર્થે પોતાને પૃથ્વી ઉપર મોકલ્યા છે' એમ જાણી સૌરાષ્ટ્ર તરફ જઈને ફક્ત ૧૯ વર્ષની ઉંમરે સં. ૧૮૧૧માં નૂતન સંપ્રદાયની સ્થાપનાની દિવ્ય અંતઃસ્ફુરણા ચરિતાર્થ કરી.

શ્રી રામાનુજાચાર્યના સિદ્ધાંતાનુસાર તત્ત્વત્રય પ્રતિપાદન કરીને સ્વામીએ સૌરાષ્ટ્રની ધરાને 'ઉદ્ધવ સંપ્રદાય'ની સ્થાપનાનું કેન્દ્ર બનાવી. રામાનંદ સ્વામીએ ભક્તિમાર્ગનો પ્રચાર-પ્રસાર પણ શ્રી રામાનુજાચાર્યના સિદ્ધાંતાનુસાર કર્યો. ગામડે ગામડે તેમના બ્રહ્મજ્ઞાનની ચર્ચાઓ થવા લાગી. ઠેર ઠેર ભક્ત મંડળીઓ અને સદાવ્રતો દ્વારા સંપ્રદાયની પુષ્ટિ થવા લાગી.

તેમના આ આશ્રમો પૈકી સં. ૧૮૫૬ શ્રાવણ સુદ - ૬ના રોજ લોજ આશ્રમમાં નીલકંઠ વર્ણીરૂપે શ્રીજીમહારાજ સ્વયં પધાર્યા. પીપલાણામાં રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને દીક્ષા આપીને **'સહજાનંદ સ્વામી'** અને **'નારાયણમુનિ'** એવા બે નામ આપ્યા. ત્યારબાદ સં. ૧૮૫૮ના કારતક સુદ - એકાદશી દિને જેતપુરમાં સર્વ સંમતિથી સહજાનંદ સ્વામીને ધર્મધુરા સોંપીને પોતાના જન્મકાર્યને પૂર્ણ સમજી સં. ૧૮૫૮ માગશર સુદ - ૧૩ના રોજ ફરેણી મુકામે પંચભૌતિક દેહનો ત્યાગ કરીને અક્ષરધામ સિધાવ્યા.

## લીલાચરિત્ર-૨

### ધર્મ-ભક્તિનું સૌપ્રથમવાર અયોધ્યામાં બરહટ્ટા શાખાનગરમાં આગમન

છપૈયામાં ધર્મદેવ અને ભક્તિદેવી લગ્નગ્રંથીથી જોડાયા બાદ સમય જતાં તેમને પ્રથમ પુત્ર રામપ્રતાપજીનો જન્મ થયો. ધર્મ અને ભક્તિનું નિર્મળ અને ભક્તિમય જીવન જોઈ આસુર ભાવવાળાઓએ તેમને પરેશાન કરવાના પ્રયત્નો આદર્યા. ધર્મ અને ભક્તિ ગુણવાન હતાં, ભક્તિભાવવાળાં હતાં, શીલ અને સંતોષે યુક્ત હતાં પરંતુ લોકોમાં આસુરી ભાવનાનો પ્રવેશ થયો હતો તેથી તેમનામાં તેમને દોષ દેખાવા લાગ્યા. તેમનું નિર્મળ દાંપત્ય જીવન લોકોની ઈર્ષ્યાનું કારણ બન્યું. તેમને હેરાન કરવાની ભાવના રોજ ને રોજ વધતી ગઈ. વાતાવરણ કલુષિત બની ગયું. આવા આસુરી તત્ત્વોનો પ્રતિકાર અર્થાત્ ઝનૂનભેર સામનો કરવાનો ધર્મ અને ભક્તિનો સ્વભાવ ન હોવાથી તેઓએ જન્મસિદ્ધ ધૈર્યથી સર્વ કષ્ટ સહન જ કર્યું. ધર્મદેવની આજીવિકા તૂટી. છપૈયામાં રહેવું મુશ્કેલ બની ગયું. દંપતી પોતાના પુત્રને લઈને અયોધ્યા આવ્યાં. અહીં અયોધ્યાના શાખાનગર બરહટ્ટાપુરમાં આ નિવાસસ્થાનમાં આવી તેઓ રહ્યાં.

**પુરગ્રામ દેશમાં જે દૈત્ય રે, પીડે છે ભક્તિ ધર્મને નિત્ય રે;**
**તેને દુઃખે ભક્તિ ધર્મદેવ રે, આવ્યા અયોધ્યામાં તતખેવ રે.**

(શ્રી ભક્ત ચિંતામણી : પ્ર. ૧૨)

પરંતુ અસુરોના હાથ લાંબા હતા. તેમણે તે અહીં સુધી પ્રસાર્યા. આ ત્રાસથી કંટાળી રામપ્રતાપને પોતાના સંબંધીને ત્યાં મૂકીને ધર્મ અને ભક્તિ અયોધ્યામાંથી નીકળી ભગવાન શિવની નગરી કાશીપુરીમાં આવ્યાં. અહીં પણ અસુરોના ઉપદ્રવની વિષમતા ઓછી થઈ નહિ. થોડા માસ કાશીપુરીમાં રહી તેઓ પ્રયાગ ગયાં. અહીં રામાનંદ સ્વામીનું મિલન થયું અને સ્વામી પાસેથી દીક્ષા લીધી, મંત્ર લીધો અને પાછા ફરતા ફરતા હવે અસુરો શાંત થયા હશે એમ માની છપૈયા આવીને રહ્યા અને મુમુક્ષુઓને રામાનંદ સ્વામીએ આપેલ મંત્ર ઉપદેશ આપવા લાગ્યા. કેટલાય મુમુક્ષુઓ ધર્મદેવના શિષ્યો બન્યા. એ જોઈને અસુરો ઈર્ષ્યાથી બળી ઊઠ્યા અને પહેલા કરતા વધુ દુઃખ આપવા લાગ્યા. એ દુઃખનું નિવારણ કરવા માટે ધર્મ-ભક્તિ પુનઃ અયોધ્યા આવ્યા.

આ વખતે અસુરોએ દુઃખ આપવામાં કાંઈ બાકી રાખ્યું નહીં. ઘરમાં આવીને વસ્તુ-પદાર્થ, સીધુ-સામાન બધું ચોરી ગયા. ઘરમાં કોઈ પદાર્થ રહેવા દીધો નહિ. ખૂબ ધીરજ રાખી. એક દિવસ ભક્તિમાતાએ અતિ દુઃખી થઈને ધર્મદેવને વાત કરતા કહ્યું :

**હું તો તમને શા વડે સેવું રે, નથી ઘરમાં પદારથ એવું રે;**
**ન મળે ઘરમાં જમવા અન્ન રે, શીયો કરું મનોરથ મન રે.**

(શ્રી ભક્ત ચિંતામણી : પ્ર. ૧૨)

જ્યારે આવી પરિસ્થિતિ આવી ત્યારે દુઃખ નિવારવા માટે ધર્મદેવને સ્મરણ થયું કે, પિતાજીએ કહ્યું હતું કે જ્યારે કષ્ટ પડે ત્યારે હનુમાનજીને સંભારજો એ આપણા કુળદેવ છે. તેઓ કષ્ટ થકી રક્ષા કરશે. એમ વિચારી ધર્મદેવે હનુમાનગઢીએ જઈ હનુમાનજીનું સ્તવન અને જાપ કરવા લાગ્યા : 'नमस्त आञ्जनेयाय वायुपुत्राय धीमते ।रामदूताय महते सुग्रीवसचिवाय च ॥'

આ સૂત્રનો પાઠ કરીને પછી એક પગે ઊભા રહીને નિરાહાર ઉપવાસ કરતા હનુમાનજીની આરાધના કરતા બે માસ પૂરા થયા ત્યારે સ્વપ્નમાં હનુમાનજીએ દર્શન આપ્યા ને કહ્યું : "હે ધર્મદેવ ! હું તમારા પ્રસન્ન થયો છું. તમારું આ દુઃખ હવે થોડા જ દિવસોમાં ટળી જશે. તમે દંપતી અહીંથી વૃંદાવન જઈને ત્યાં વિષ્ણુયાગ કરજો, પ્રભુ સહાય કરશે." આટલું કહી હનુમાનજી અદશ્ય થઈ ગયા. અને પછી ધર્મ-ભક્તિએ પુત્ર રામપ્રતાપને મોસાળમાં મૂકી, મામા-મામીને ભલામણ કરીને ધર્મ-ભક્તિ વૃંદાવનની વાટે ચાલ્યાં. ત્યાં જઈને ભગવદારાધનાથી વરદાનમાં પુત્રરૂપે સાક્ષાત્ ભગવાન શ્રીહરિને પ્રાપ્ત કર્યા.

## લીલાચરિત્ર-૩

### અયોધ્યામાં નાનાભાઈ ઈચ્છારામજીનો જન્મ

બાળપ્રભુ ઘનશ્યામના પાંચ વર્ષના થયા ત્યારે સં. ૧૮૪૨ના વૈશાખ સુદ બીજના દિવસે બ્રાહ્મમુહૂર્તમાં પ્રાતઃકાળે માતા ભક્તિદેવીએ ત્રીજા પુત્રને જન્મ આપ્યો. પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી **'શ્રીહરિલીલામૃત ગ્રંથ'**માં વર્ણન કરતા કહે છે :-

**'કહી પાંચ વરસની વ્યવસ્થા,**
**અને ઉતરી કુમાર અવસ્થા;**
**છઠ્ઠા વર્ષનો આરંભ થાય,**
**વય પૌગંડ તે કહેવાય.**
**શુદિ વૈશાખી બીજ ગણાઇ,**
**ત્યારે જન્મ્યા ઈચ્છારામ ભાઇ;**
**ગુણે જાણિયે પ્રદ્યુમ્ન જેવા,**
**અતિ સમરથ પણ તે એવા.'**

(શ્રીહરિલીલામૃત : ૨/૧૨/૨-૩)

જેઓ ગુણ કરીને સ્વયં પ્રદ્યુમ્ન સમાન હતા. તેથી બધાને માટે આદરણીય અને પૂજનીય હતા. તેઓ રૂપ, લાવણ્ય, સૌશીલ્યાદિ ગુણોવાળા, શાંત, ધીર, સંતોષી અને હંમેશાં બાળપ્રભુ ઘનશ્યામની ઈચ્છાને અનુસરતા હોવાથી **'ઈચ્છારામ'** એવા સાર્થક નામથી પ્રસિદ્ધિ પામ્યા.

## લીલાચરિત્ર-૪


### અયોધ્યામાં બાળપ્રભુ ઘનશ્યામનો વિદ્યારંભ

અયોધ્યામાં બરહટ્ટાપુરમાં ધર્મદેવ પોતાના નિવાસ્થાને રહેતા હતા. અહીં બાળપ્રભુ **ઘનશ્યામ**ના **પાંચ વર્ષ** પૂર્ણ થયા પછી પોતે એકલા જ સરયૂ નદીમાં સ્નાન કરવા જવા લાગ્યા. તેથી ધર્મદેવે બાળપ્રભુ ઘનશ્યામને સં. ૧૮૪૨ ચૈત્ર સુદ - ૨ના દિવસે **વિદ્યા** ભણાવવાનો **શુભારંભ** કર્યો. ભક્તિમાતાએ સુંદર વસ્ત્ર-અલંકારો પહેરાવી કસુંબી રંગની માથે ટોપી પહેરાવી. લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો વિદ્યારંભ કરાવતા પહેલા ધર્મદેવે બાળપ્રભુ ઘનશ્યામ પાસે પહેલા દેવોનું પૂજન કરાવ્યું. પછી બ્રાહ્મણોને ભોજન કરાવી વિવિધ પ્રકારના વાજિંત્રો વગડાવ્યા. વિપ્રોને અપાર દાન આપ્યા. ગોળ-ધાણા અને શ્રીફળ તૈયાર કરી પુરજનોને વહેંચ્યા.

સૌપ્રથમ ધર્મદેવે અક્ષરો અને આંક લખી આપ્યા. બાળપ્રભુ ઘનશ્યામે સુંદર રીતે પિતાજીએ લખી આપેલા અક્ષરો અને આંક એકજ વખતમાં કોઈ ભૂલ કર્યા વિના સુંદર અક્ષરોથી લખ્યા. તે જોઈને બાળપ્રભુ ઘનશ્યામ **મોટા વિદ્વાન** થશે એમ સૌ લોકો અનુમાન કરવા લાગ્યા.

ત્યારે ધર્મદેવે બાળપ્રભુ ઘનશ્યામને કુશાગ્રબુદ્ધિવાળા જાણી વૈશાખ સુદ - ૧૨ના દિવસે અયોધ્યામાં જ વિદ્યાકુંડ પાસે રહેતા **હૃદયરામ** નામના વિદ્વાન બ્રાહ્મણ કે જેઓ વિદ્યાગુરુ બૃહસ્પતિ સમાન ગુણવાન હતા તેઓની પાસે ભણવા માટે નિશાળે બેસાર્યા. થોડા દિવસમાં બાળપ્રભુ ઘનશ્યામ કાવ્ય, ઈતિહાસ, પુરાણ આદિક સંસ્કૃત અને પ્રાકૃત **ગ્રંથોનું વાંચન** કરવા લાગ્યા.

થોડા જ દિવસોમાં બાળપ્રભુ ઘનશ્યામે વેદ, શિક્ષા, વ્યાકરણ, છંદ, જ્યોતિષ વગેરે તમામ વિદ્યાઓ ભણી લીધી. અયોધ્યાના મોટા મોટા પંડિતો, શાસ્ત્રીઓ બધા નવાઈ પામી ગયા કે, 'આ બાળક ઘનશ્યામ તો કોઈ દેવ કે સાક્ષાત્ ભગવાન જ છે !' એ સિવાય આટલી અપાર બુદ્ધિ સંભવી ન શકે. આખા



અયોધ્યામાં પણ લોકો આવી વાતો કરવા લાગ્યા.

ચાર વેદ, અઢાર પુરાણ વગેરે શાસ્ત્રો ભણી લીધા પછી એકસમયે બાળપ્રભુ ઘનશ્યામે સર્વ શાસ્ત્રોમાંથી **સાર** તારવ્યો. શ્રીમદ્ ભાગવતમાંથી દશમસ્કંધ અને પંચમસ્કંધનો સાર કાઢ્યો. ધર્મશાસ્ત્રોમાંથી યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, સ્કંદપુરાણમાંથી શ્રી વાસુદેવ માહાત્મ્ય તથા મહાભારતમાંથી ભગવદ્ ગીતા, વિષ્ણુસહસ્રનામ તથા વિદુરનીતિ એ સાર રૂપે તારવ્યા અને એ ચાર શાસ્ત્રોના સારનો સરસ **ગુટકો** લખીને પિતા ધર્મદેવને બતાવ્યો.

આ જોઈને ધર્મદેવ ખૂબ પ્રસન્ન થયા ને મનમાં વિચારવા લાગ્યા કે, ખરેખર અમારા પુત્ર ઘનશ્યામ સામાન્ય મનુષ્ય નથી. પછી રામપ્રતાપજીને બોલાવીને કહ્યું : ''પુત્ર ! આ તમારા ભાઈ ઘનશ્યામને કોઈ સામાન્ય મનુષ્ય સમજતા નહિ એ તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનારાયણ છે. માટે એમને સાચવજો.'' રામપ્રતાપભાઈએ પણ પિતાજીની વાત માની.

બાળપ્રભુએ યજ્ઞોપવીત સંસ્કાર પ્રાપ્ત કર્યા પહેલા શાસ્ત્રોનો અભ્યાસ સંપૂર્ણ કરી લીધો. આમ, બાળક્રીડાથી કૌમાર અવસ્થા પૂર્ણ કરી બાળપ્રભુ ઘનશ્યામે પૌગંડાવસ્થામાં પ્રવેશ કર્યો.

બાળપ્રભુ ઘનશ્યામે શાસ્ત્રોના સારનો સરસ ગુટકો તૈયાર કર્યો હતો તે જોયા પછી પિતા ધર્મદેવને પણ આશ્ચર્ય થયું હતું. મોટા મોટા વિદ્વાનો ધર્મદેવ પાસે બેસવા આવતા ત્યારે આ ગુટકો જોતા અને ચર્ચા કરતા. એમાં એક દિવસ વિદ્યાકુંડ પાઠશાળાના **પ્રધાનાધ્યાપક** ધર્મપિતા પાસે આવ્યા. તેમણે ગુટકો જોઈને કહ્યું : ''ધર્મદેવજી ! આ નાનકડા ઘનશ્યામ પાસે તો આવી અગાધશક્તિ છે. અત્યારથી જ એક **પાઠશાળા** ખોલવી જોઈએ અને એમના જ્ઞાનનો લાભ બીજા બાળકોને મળવો જોઈએ.'' આવી સલાહ આપીને પ્રધાનાચાર્ય જતા રહ્યા.

થોડા દિવસો પછી આખાય અયોધ્યામાં ખબર પડી કે, ધર્મદેવના પુત્ર ઘનશ્યામ પોતે **નિશાળ** ચલાવે છે. બાળપ્રભુ ઘનશ્યામનો પ્રતાપ જોઈને વિદ્યાકુંડ આદિક પાઠશાળામાં જતા વિદ્યાર્થીઓ ધર્મદેવના ઘરે બાળપ્રભુ ઘનશ્યામ પાસે ભણવા માટે આવવા લાગ્યા. ધર્મદેવને પ્રયાગક્ષેત્રને વિષે રામાનંદ સ્વામીએ આપેલો **મંત્ર ઉપદેશ** પોતાના પિતા થકી પામીને બાળપ્રભુ સર્વે વિદ્યાર્થીઓને મંત્ર ઉપદેશ કરી શિષ્ય બનાવી તુલસીની કંઠી ધારણ કરાવી શાસ્ત્રાભ્યાસની સાથે ધર્મના સંસ્કારો, પૂજા-પાઠ, તિલક-ચાંદલો વગેરે બાળપ્રભુ ઘનશ્યામ વિદ્યાર્થીઓને શીખવાડતા હતા. બાળપ્રભુ ઘનશ્યામના યોગમાં આવવાથી બાળવિદ્યાર્થીઓનું **ચારિત્ર્ય** શ્રેષ્ઠ થવા લાગ્યું.

(શ્રી ઘનશ્યામલીલામૃતસાગર : ૪૧/૧૨-૧૬)

## લીલાચરિત્ર-૫

### બાળપ્રભુ ઘનશ્યામે વાંદરાને સમાધિ કરાવી

ધર્મદેવ પરિવાર સાથે અયોધ્યા આવ્યા તે જ દિવસે બાળપ્રભુ **ઘનશ્યામ** ધર્મપિતાની બાજુમાં ઓસરીમાં જમવા બેઠા હતા. ભક્તિમાતા પીરસતાં હતાં. તે વખતે સામેના ઝાડ પરથી એક વાંદરાએ ઘનશ્યામને જમતા જોયા. હૂપ.... હૂપ.... હૂપ.... કૂદતો વાંદરો ઓશરીમાં આવ્યો. એક ઝડપ મારીને ઘણી બધી રોટલીઓ ઉપાડી લીધી. છલાંગ મારતો પાછો વાંદરો ઝાડ પર પહોંચી ગયો. ડાળ પર બેસીને રોટલીને બટકું ભરવા ગયો ત્યાં તો બાળપ્રભુ ઘનશ્યામે તેની સામે દૃષ્ટિ કરી અને તરત જ વાંદરાને **સમાધિ** થઈ. રોટલીઓ હાથમાં સ્થિર રહી ગઈ. ત્રણ દિવસ સુધી વાંદરો સમાધિમાં સ્થિર રહ્યો.



ત્રણ દિવસ પછી સમાધિમાંથી જાગ્યો ત્યારે વાંદરો કૂદતો કૂદતો ઘરમાં બાળપ્રભુ ઘનશ્યામ પાસે આવ્યો. હાથ જોડીને બાળપ્રભુ ઘનશ્યામના પગ પાસે બેસી ગયો. બાળપ્રભુ ઘનશ્યામે તેને **આશીર્વાદ** આપ્યા અને થોડું ખાવાનું આપ્યું. આશીર્વાદ લઈને, બાળપ્રભુ ઘનશ્યામે આપેલી પ્રસાદી ખાઈને વાંદરો ઝાડ પર પાછો ચાલ્યો ગયો.

## લીલાચરિત્ર-૬

### વાંદરાઓને બોધપાઠ

એકવાર બાળપ્રભુ **ઘનશ્યામ** થાળીમાં દહીં ને રોટલી લઈને ઘરઆંગણે ઓસરીમાં જમવા બેઠા. તેવામાં એક **તોફાની વાંદરો** છલાંગ મારતો આવ્યો. બાળપ્રભુ ઘનશ્યામના હાથમાંથી રોટલી ખૂંચવીને કૂદતો કૂદતો આંબલીની ડાળે જઈને બેઠો. બાળપ્રભુ ઘનશ્યામે આંબલીની ડાળ સુધી હાથ લાંબો કર્યો....અને...વાંદરાને ગરદન પકડીને નીચે પછાડ્યો. એટલે વાંદરાએ **ચિચિયારી** પાડી.

તેની ચિચિયારી સાંભળીને **વીશેક વાંદરાઓ** દોડી આવ્યા. બધા વાંદરાઓએ કિકિયારી અને કૂદાકૂદ કરી મૂકી અને બાળપ્રભુ ઘનશ્યામને મારવાનો વિચાર કર્યો. ધીમે ધીમે ચારે બાજુથી વાંદરાઓએ ઘનશ્યામને ઘેરી લીધા. ધર્મપિતાએ આ જોયું. તેમને થયું કે આ વાંદરાઓ બાળપ્રભુ ઘનશ્યામને મારી નાખશે તેથી તેઓ ઘરમાં લાકડી લેવા ગયા.

એટલી વારમાં તો બાળપ્રભુ ઘનશ્યામે જેટલા વાંદરા હતા એટલાં પોતાનાં **સ્વરૂપ** ધારણ કર્યાં. દરેક વાંદરાની પાછળ બાળપ્રભુ ઘનશ્યામનું એક એક સ્વરૂપ તેમને પકડવા દોડ્યું. બાળપ્રભુ ઘનશ્યામનાં આટલાં બધાં સ્વરૂપ જોઈને વાંદરાઓ ગભરાયા. પણ બાળપ્રભુ ઘનશ્યામે તો કો'કને કાન પકડીને ફગાવ્યો, તો કો'કને પગ ઝાલીને ફગાવ્યો. કો'કને પૂંછડેથી પકડીને ફેંક્યો, તો કો'કને બોચીથી ઝાલીને ફેંક્યો. બીજા કેટલાંક વાંદરાઓ તો બીકના માર્યા ચિચિયારીઓ પાડતાં દૂર નાસી ગયા. પછી ઘનશ્યામે પોતાનાં બીજા સ્વરૂપો અદ્રશ્ય કરી દીધાં.

થોડીવારમાં ધર્મદેવ લાકડી લઈને બહાર આવ્યા. આવું ચરિત્ર જોઈને **ધર્મદેવ** બોલ્યા : "હે ઘનશ્યામ ! તમે એકલા છો એમ જાણી મર્કટો તમને મારશે. એવું જાણી હું લાકડી લઈને આવ્યો. ત્યાં તો જેટલા મર્કટ હતા તેટલા રૂપે મને તમારા દર્શન થયા. હવે તમે એક દેખાઓ છો તે શું હશે ? અને તમારો પ્રસાદ જમ્યો તે મર્કટ તથા બીજા સર્વે મર્કટને શું ફળ મળશે ?" ત્યારે પિતાનો સંશય દૂર કરવા બાળપ્રભુએ કહ્યું : "પિતાજી ! જે મર્કટે અમારો પ્રસાદ ખાધો છે તેને થોડાક કાળમાં **હિન્દુસ્તાનનું રાજ્ય** મળશે ને બીજા મર્કટો તેના **અનુચર** થશે." આવું વચન સાંભળીને માતાપિતા રાજી થયા.

પછી બાળપ્રભુ ઘનશ્યામની ઈચ્છાથી ભાગી ગયેલા **તમામ વાંદરાઓ** એક પછી એક એમ ક્રમથી આવી બાળપ્રભુ ઘનશ્યામને પગે લાગીને સામા બેઠા. તે વખતે છપૈયાથી મામા વશરામ તરવાડી તથા મોતી તરવાડી એ બંને પોતાના પિતા દુંદ તરવાડી બિમાર હોવાથી ધર્મ-ભક્તિ અને ઘનશ્યામ પ્રભુને તેડવા આવ્યા હતા. તેઓ પણ આવું ચરિત્ર જોઈને **વિસ્મય** પામ્યા.

### લીલાચરિત્ર-૭


## કુબેર ભંડારી તથા વરુણદેવે બાળપ્રભુ ઘનશ્યામની પૂજા કરી


એકવખત બાળપ્રભુ **ઘનશ્યામ** સ્નાન કરી પોતાનો નિત્યવિધિ કરીને ઘરની ઓસરીમાં બેસીને ઠાકોરજીની પૂજા કરતા હતા. તે સમયે લાલજીની મૂર્તિને વસ્ત્ર-અલંકારો પહેરાવ્યાં, પુષ્પ અર્પણ કર્યા અને નૈવેદ્ય ધરાવ્યું. પછી બાળપ્રભુ આંખો બંધ કરી હાથમાં માળા લઈ ફેરવતા હતા. એ વખતે સુવાસિનીભાભી ઘરમાંથી બહાર આવ્યા. ત્યારે **કુબેર ભંડારી** તથા **વરુણદેવ** બંને આવીને બાળપ્રભુ ઘનશ્યામને પગે લાગી ચંદનપુષ્પોથી **પૂજા** કરીને **આરતી** ઉતારતા હતા. તે જોઈને સુવાસિનીબાઈ આશ્ચર્ય પામી બોલ્યા : "આ બે પુરુષો કોણ છે ?" તે સાંભળી ભક્તિમાતા ઓરડામાં ઈચ્છારામભાઈને સ્તનપાન કરાવતા હતા. તેમને તેડીને તરત બહાર આવ્યા. તે વખતે બંને દેવો પૂજા કરી અદ્રશ્ય થઈ ગયા. આ જોઈને બધાને ખૂબજ **આશ્ચર્ય** થયું.

### લીલાચરિત્ર-૮

## બાળપ્રભુ ઘનશ્યામનો યજ્ઞોપવીત સંસ્કાર

બાળપ્રભુ ઘનશ્યામે **આઠમા વર્ષમાં** પ્રવેશ કર્યો. ત્યારે ધર્મદેવે વિચાર્યું કે હવે ઘનશ્યામનો **યજ્ઞોપવીત સંસ્કારવિધિ** કરવો છે. ભક્તિમાતા આદિક સર્વે સંબંધીઓને ભેગા કરીને કહ્યું : "ઘનશ્યામનો યજ્ઞોપીવત (જનોઈ) સંસ્કાર અયોધ્યામાં જઈને કરવાની મારી ઈચ્છા છે તો તે બાબતે તમે સર્વે શું કહો છો ?" ત્યારે સર્વે એ અતિશય હર્ષ પામતા કહ્યું : "હા, એ ઠીક છે. આપણે અયોધ્યામાં જ ઊજવીશું." તેથી ધર્મદેવ, ત્રણે પુત્રો,





ભક્તિદેવી અને સુવાસિનીબાઈ બધા અયોધ્યામાં શાખાનગર **બરહટ્ટાપુર**માં પોતાના ઘેર આવ્યા.

જ્યોતિષશાસ્ત્રને જાણનારા **હરિકૃષ્ણ ઉપાધ્યાય** નામના વિદ્વાન બ્રાહ્મણને પોતાને ઘેર બોલાવીને યજ્ઞોપવીત સંસ્કારવિધિનું મુહૂર્ત જોવરાવ્યું. હરિકૃષ્ણ ઉપાધ્યાયે **પંચાગ** જોઈને કહ્યું : ''ધર્મદેવજી ! તમારા પુત્ર ઘનશ્યામના ગર્ભથી આઠમા ચાલુ વર્ષમાં જ સં. ૧૮૪૪ના ફાગણ સુદિ દશમીના સોમવારે પુષ્ય નક્ષત્ર તેમજ મેષ લગ્નમાં ખૂબજ **સારું મુહૂર્ત** છે. તેથી તે સમયે યજ્ઞોપવીત સંસ્કાર કરો.''

જનોઈવિધિનું સારું મુહૂર્ત જાણી ધર્મદેવના શિષ્યોએ ધર્મદેવનું ઘર ધન-ધાન્યથી છલોછલ ભરી દીધું. ધર્મદેવે પોતાના સંબંધીજનો, જ્ઞાતિજનો, સુહૃદમિત્રો તમામને મંગળ પત્રિકા મોકલાવી અને વેદોના પારંગત વિપ્રોને તેડાવ્યા.

ફાગણ સુદ-૧૦ને દિવસે વહેલી સવારથી ધર્મદેવનું ઘર શરણાઈના સૂરોથી ગાજી ઊઠયું. સ્ત્રીઓ મંગળ ગીતો ગાવા લાગી. ગોર હરિકૃષ્ણ ઉપાધ્યાય બીજા બ્રાહ્મણોને સાથે રાખીને મંત્રોચ્ચાર કરવા લાગ્યા, યજ્ઞમાં આહુતિઓ આપી અને ઘી, જવ, તલ વગેરે નાખીને અગ્નિ પ્રગટાવ્યો. ગોરે બાળપ્રભુ ઘનશ્યામને સંકલ્પ કરાવ્યો. પછી રામબલિ હજામને બોલાવીને ઘનશ્યામનું મુંડન કરાવ્યું. પછી સ્નાન કરાવ્યું ને પીળું પીતાંબર પહેરાવ્યું.

બાળપ્રભુ ઘનશ્યામ યજ્ઞમંડપમાં આવ્યા. માતાપિતાને પગે લાગ્યા. આહુતિ આપી, ત્યાં તો આકાશમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને બીજા દેવો દર્શન કરવા આવ્યા. આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી.

ધર્મદેવે ઘનશ્યામની કેડમાં કટિસૂત્ર બાંધ્યું. કૌપીન ધારણ કરાવી, કપાસના તંતુથી રચેલ નવ તંતુ અને ત્રણ સૂત્રવાળી શ્વેત રંગની યજ્ઞોપવીત બાળપ્રભુ ઘનશ્યામને ધારણ કરાવી. '**अग्ने व्रतपते व्रतं चरिष्यामि**' ઈત્યાદિ મંત્રો વડે આચાર્યે ઘીની પાંચ આહુતિથી હોમ કર્યો અને બાળપ્રભુ ઘનશ્યામનાં નાભિ આદિ પાંચ અંગોનો સ્પર્શ કરી કહ્યું કે 'આજ દિવસથી ધરતી ઉપર તમે બ્રહ્મચારી બન્યા છો.'

આચાર્યે ઉપદેશ કરેલાં ચાર પ્રકારનાં વાક્યોને યથાર્થ રીતે બાળપ્રભુ ઘનશ્યામને સમજાવતાં ધર્મદેવ કહેવા લાગ્યા : ''હે પુત્ર ! તમે નિરંતર પ્રાતઃ સમયે તેમજ સાયં સમયે **સમિધ** ગ્રહણ કરો. અથવા એક માત્ર સાયંકાળના સમયે જ સમિધ ગ્રહણ કરો. નિરંતર ભોજન પહેલાં અને પછીના સમયે **અપોશાન વિધિ** કરો. દિવસની **નિદ્રા**નો પ્રયત્નપૂર્વક **ત્યાગ** કરો અને આચાર્યની **સેવાપરાયણ** બનો.''

પિતા આ પ્રમાણે કહેતા હતા ત્યારે બાળપ્રભુ ઘનશ્યામ હસતા હસતા પ્રત્યેક આદેશ સામે **'બાઢમ્' 'બાઢમ્'** અર્થાત્ 'હું એ પ્રમાણે જ કરીશ' એ પ્રમાણે ઉચ્ચ સ્વરે બોલતા હતા. તેથી ધર્મદેવ, ભક્તિદેવી અને અન્ય સંબંધીજનો અતિશય હર્ષ પામતાં હતાં.

વિધિના જ્ઞાતા ગુરુએ બાળપ્રભુ ઘનશ્યામના કટિ પ્રદેશમાં મુંજના ઘાસની સૂક્ષ્મ, કોમળ, તેમજ ત્રેવડી **'મેખલા'** ધારણ કરાવી. ધર્મદેવે ત્રણ પ્રવરને અનુસારે કટિસૂત્રમાં **ત્રણ ગ્રંથિઓ** કરી. અગ્નિથી ઉત્તર ભાગમાં તેમજ ઉત્તર દિશા તરફ અગ્રભાગવાળા દર્ભના આસન ઉપર પૂર્વ મુખે બિરાજમાન ધર્મદેવે પશ્ચિમમુખે બિરાજમાન શ્રીહરિને 'બ્રાહ્મ ગાયત્રી' મંત્રનો ઉપદેશ આપ્યો. તે સમયે મહા દુંદુભિઓના નાદો થયા. અનેક પ્રકારનાં વાજિંત્રોનો ધ્વનિ થવા લાગ્યો. તે સમયે ચારે બાજુએથી જયઘોષની સાથે વેદમંત્રોનો ઘોષ થતો હતો અને એ ઘોષ સ્ત્રીઓના સુમધુર કંઠે ગવાતાં ગીતોની સાથે એકરૂપ થઈ કર્ણપ્રિય બનેલો અતિ શોભતો હતો.

ધર્મદેવે શ્રીહરિને બ્રહ્મશક્તિના પ્રતિનિધિભૂત મસ્તક પર્યંત લાંબો તેમજ ખાખરાના વૃક્ષમાંથી બનાવેલો દંડ **'सुश्रवसे'** ઈત્યાદિ મંત્રોચ્ચાર સાથે ધારણ કરાવ્યો. ઉત્તરીય વસ્ત્રને સ્થાને મૃગચર્મ ધારણ કરાવ્યું. ત્યારબાદ સંધ્યાવંદન કર્મની શિક્ષા આપી.

ધર્મદેવે બાળપ્રભુ ઘનશ્યામને સદ્બોધ આપ્યો, ત્યારે બ્રહ્મચારીના વેષને ધરનારા બાળપ્રભુ ઘનશ્યામે પણ પિતાને પ્રતિસાદ સ્વરૂપે **'બાઢમ્'** (હું તેમ કરીશ) એમ બોલી સ્વીકૃતિ આપી અને બે હાથ ઊંચા કરી સૂર્યનારાયણની સ્તુતિ કરી, પછી અગ્નિની પ્રદક્ષિણા કરી.

ભિક્ષા માગતા બાળપ્રભુ ઘનશ્યામને પ્રથમ ભક્તિમાતાએ ભિક્ષા અર્પણ કરી. ત્યાર પછી સુવાસિની વગેરે સંબંધી સ્ત્રીઓએ પ્રેમથી ભિક્ષા આપી. બાળપ્રભુ ઘનશ્યામે ભિક્ષામાં પ્રાપ્ત થયેલું અન્ન આચાર્યવર્યને અર્પણ કર્યું. અને તેમના કહેવા પ્રમાણે પોતે ભિક્ષાન્નનો સ્વીકાર કર્યો. ત્યારબાદ વિધિજ્ઞ ધર્મદેવે વિધિ પ્રમાણે ઉપનયન કર્મની સમાપ્તિ કરી. તે સમયે બાળપ્રભુ ઘનશ્યામે બ્રહ્મચારીના સુંદર વેષને ધારણ કર્યો હતો. ઉપનયન સંસ્કાર પામેલા બાળપ્રભુ ઘનશ્યામની કાંતિ **સૂર્ય સમાન** હતી. અને તે કાંતિથી વિપ્રવર્યોની સભા મધ્યે બાળપ્રભુ ઘનશ્યામ જાણે કે સાક્ષાત્, **મૂર્તિમાન બ્રહ્મચર્ય** હોય ને શું ? તેમ શોભતા હતા.

પછી ઉદાર મનવાળા ધર્મદેવે અતિ હર્ષથી બ્રાહ્મણોને ગાયો, સુવર્ણમુદ્રાઓ, વસ્ત્રો, અલંકારો તથા શ્રેષ્ઠ વાહનોનાં દાન કર્યાં. આ પ્રસંગે ઉપસ્થિત થયેલા સંબંધીઓ, આશ્રિતો અને મિત્રો વગેરે સ્વજનોએ પોતાની શક્તિ પ્રમાણે ધન, વસ્ત્ર, તેમજ આભૂષણોથી ધર્મદેવનો યથાયોગ્ય **સત્કાર** કર્યો. અને ધર્મદેવે પણ તે સર્વજનોને વસ્ત્રો તેમજ ધન તથા વાહનો વગેરે અર્પણ કરીને તેમની યથાયોગ્ય સંભાવનાથી સારો એવો સત્કાર કર્યો.

બાળપ્રભુ ઘનશ્યામને જનોઈ પહેરાવી અને નમતે પહોરે બટુકનો વેષ ધારીને ઘનશ્યામ બડવો દોડવા

ગામના ચોકમાં આવ્યા. સૌથી આગળ બાળપ્રભુ ઘનશ્યામ અને તેના મામા વશરામભાઈ. પાછળ ધર્મદેવ અને બીજાં સગાંસંબંધીઓ અને સૌથી પાછળ મંગળગીતો ગાતી સ્ત્રીઓ. સૌ ચોકમાં ઉત્તર તરફ ઊભાં રહ્યાં. સૌને થયું કે બડવો દોડશે અને મામા ઘનશ્યામને પકડીને લઈ આવશે. પરંતુ ઘનશ્યામે વિચાર કર્યો કે, 'મારે તો અનંત જીવોનું કલ્યાણ કરવું છે માટે એવો દોડીશ કે સીધો હિમાલયના વનમાં પહોંચી જઈશ. મામા પકડી શકે જ નહિ. પછી હિમાલયથી નીકળી બધાં સ્થળોએ લોકોનો ઉદ્ધાર કરવા ફરીશ.'

આમ વિચારી બાળપ્રભુ ઘનશ્યામ દોડ્યા. મામા પાછળ દોડ્યા. મામા ખૂબ દોડ્યા પણ ઘનશ્યામ હાથમાં જ આવે નહિ. પછી મામા થાક્યા. તેમણે ઘનશ્યામની સ્તુતિ કરી, પ્રાર્થના કરી કહ્યું : ''હે ઘનશ્યામ ! પકડાઈ જાઓ, પાછા વળો, મારી લાજ રાખો. તમે ચાલ્યા જશો તો માતા-પિતાને બહુ દુઃખ થશે.''

આ સાંભળી બાળપ્રભુ ઘનશ્યામે **વિચાર** કર્યો : ''પૃથ્વીમાં હાલ જે કાર્યને અર્થે મારું પ્રાગટ્ય થયું છે, તે શુભ એકાંતિક ધર્મની મારે પૃથ્વી ઉપર સ્થાપના કરવી છે. તેમ છતાં હાલ મારી પ્રાપ્તિ થવાથી માતાપિતા અતિ સુખી વર્તે છે. તેમને શત્રુઓનો મહાન ભય પણ નિવૃત્ત થયો છે. જો હું અત્યારે જ ઘરનો ત્યાગ કરીશ તો માતાપિતા દુઃખી થશે. મારા વિયોગનું દુઃખ તેઓ સહન નહિ કરી શકે. તે કારણથી માતાપિતાને દુર્વાસાના શાપથી મુકાવીને પછી જ હું આ ગૃહનો ત્યાગ કરું.''

માતા-પિતા નિર્દોષ અને પવિત્ર છે માટે તેમને મૂકીને ન જવાય. એમ ધારી પાછા વળ્યા. વશરામ મામા અતિશય રાજી થઈ ગયા. તેમણે બાળપ્રભુ ઘનશ્યામને ખભે ઉપાડીને મંડપમાં આણ્યા. પછી સૌને પગે લાગ્યા અને માતાજી સાથે બેસીને ઘી, ગોળ, ભાત જમ્યા.

પોતાને ઘેર પધારેલા નગરવાસી તથા દેશદેશાન્તરવાસી વિપ્રોને ધર્મદેવે રાજાની જેમ ભક્ષ્ય, ભોજ્યાદિ અનેક પ્રકારનાં ઈચ્છિત સ્વાદિષ્ટ શ્રેષ્ઠ ભોજનોથી તૃપ્ત કરી દક્ષિણા આપી વિદાય કર્યા. ત્યાર બાદ પ્રસન્ન થયેલા ધર્મદેવ શ્રીહરિને અર્થજ્ઞાને સહિત સંપૂર્ણ **સામવેદ**નો **અભ્યાસ** કરાવતાં હતાં.

## લીલાચરિત્ર-૯

## અયોધ્યાના કોટવાળને ઐશ્વર્ય બતાવ્યું

બાળપ્રભુ ઘનશ્યામનો યજ્ઞોપવીત સંસ્કારવિધિ પૂર્ણ થયા પછી પ્રસંગમાં આવેલા સગા-સંબંધીઓ પોતપોતાને ઘેર ગયા. તે રાત્રિમાં ગરમી બહુ થવાથી ધર્મદેવ પુત્રો સાથે બહાર આંગણામાં કદમના વૃક્ષ નીચે ઓટા ઉપર સૂતા હતા. ઘરની ઓસરીની કિનારી પર **તાંબાનો ઘડો** રહી ગયેલો. રાત્રિના સમયે જ્યારે ધર્મદેવ ભરનિદ્રામાં હતા ત્યારે અયોધ્યાનો **ચોકીદાર** (કોટવાળ) ચોકી કરવા માટે ફરતો હતો. તે ફરતો ફરતો ધર્મદેવના ઘર પાસે આવ્યો. તેની નજર ઓસરી પર પડેલા તાંબાના ઘડા પર પડી. એની **દાનત** બગડી ને છાનામાના જઈને તાંબાનો ઘડો લઈને જતો રહ્યો.

બાળપ્રભુ ઘનશ્યામ અંતર્યામીપણે જાણીને તરત પોતાનો **હાથ** લાંબો વધારીને કોટવાળની પાછળ કર્યો. તે જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તેને પાછળ હાથ દેખાય. કોટવાળ આખા અયોધ્યા શહેરમાં ફર્યો તો પણ તે **બાળપ્રભુનો હાથ** એમને એમ પાછળ દેખાવા લાગ્યો. આ જોઈને કોટવાળ ગભરાયો. છેવટે બચવા માટે હનુમાનગઢીના પગથિયે ઘડો મૂકી દીધો એટલે હાથ દેખાતો બંધ થયો.


બીજા દિવસે સવારે હનુમાનગઢીના એક પૂજારી દ્વાર ખોલી પગથિયાંથી નીચે ઊતરવા લાગ્યા તો પગથિયે તેમણે તાંબાના ઘડો પડેલો જોયો. ઉપાડીને દીવાના પ્રકાશમાં જઈને નામ વાંચ્યું તો હરિપ્રસાદ પાંડે એવું નામ લખેલું હતું. એક માણસને ધર્મદેવના ઘેર મોકલીને બોલાવ્યા અને પૂછ્યું : ''ધર્મદેવજી ! આ તમારો ઘડો અહીં ક્યાંથી ?'' ત્યારે સાથે આવેલા બાળપ્રભુ ઘનશ્યામે રાત્રિના બનેલી સર્વે **ઘટના** કહી. એ વાતની ખાત્રી કરવા માટે કોટવાળને બોલાવ્યો. ત્યારે કોટવાળે આવીને એ વાતને સ્વીકારી અને જે **ઘટના** બની હતી તે કહી સંભળાવી. ત્યારે બધાને ખાત્રી થઈ કે આ ઘનશ્યામનું જ ઐશ્વર્ય-પ્રતાપ છે.

## લીલાચરિત્ર-૧૦

## ભક્તિમાતાને દિવ્યગતિ આપી

માતા-પિતાને અનેક દિવ્ય સુખ આપી બાળપ્રભુ ઘનશ્યામે તેઓને કૃતાર્થ કર્યાં હતાં. અયોધ્યામાં નિવાસ દરમ્યાન બાળપ્રભુ ઘનશ્યામની ઉંમર અગિયાર વર્ષની થવા આવી. આ.સં. ૧૮૪૮ના કાર્તિક સુદ આઠમને ગુરુવારે રાત્રે ભક્તિમાતાના શરીરે મંદવાડ આવ્યો. માંદગીની તીવ્રતા સૂચવતી હતી કે અંતકાળ નજીક છે. તે વખતે બાળપ્રભુ ઘનશ્યામે ભક્તિમાતાને એકાંતિક ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. ત્યારબાદ માયાનું બંધન કઈ રીતે છૂટે તે વાત સમજાવતાં બાળપ્રભુ **ઘનશ્યામ** માતા પ્રત્યે કહે છે :

''હે માતા ! માયાથી મુક્ત થવાનું સાધન તો પરમાત્માના સ્વરૂપનું અને તેમના માહાત્મ્યનું યથાર્થ જ્ઞાન એ જ છે. એ જ્ઞાન સત્પુરુષના પ્રસંગથી જ થાય છે. આવા સત્પુરુષ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય સહિત ભક્તિના ગુણોની ભરપૂર હોવા જોઈએ. આ ચારે ગુણોમાં સત્ય, શૌચાદિ ગુણોનો સમાવેશ થઈ જાય છે. આવા સંતના સમાગમથી ભગવાનના માહાત્મ્યનું યથાર્થ જ્ઞાન થાય છે. એવા સંતના દર્શન કરે, તેને નમન કરે, સેવા કરે, તેને જમાડે, પૂજન કરે તો તે




પુણ્યકાર્યથી મુમુક્ષુ જનોના અનેક જન્મનાં એકઠાં થયેલાં પાપના ઢગલા હોય તોપણ તે તત્કાળ નાશ પામી જાય છે. એવા સંત એ મારા હૃદય સમાન છે. અને અનેક તીર્થોને પણ તીર્થરૂપ કરે છે. એવા સંત એ મારા આત્મરૂપ છે. એવા સંતનો પ્રસંગ-સંબંધ એ સાક્ષાત્ મારો જ સંબંધ કહેવાય. માટે મુમુક્ષુઓને એવા સંતનો આશ્રય કરવો તો મારા સ્વરૂપનું જ્ઞાન તેમના દ્વારા તત્કાળ થાય અને માયાના પાશમાંથી મુક્તિ મળે. હે માતા ! એવા સંત પૃથ્વી ઉપર સદા વિચરણ કરતા જ હોય છે. તેમનો પ્રસંગ મુમુક્ષુઓને મારા સાક્ષાત્ સંબંધ માટે અનિવાર્ય છે. તેમનો પ્રસંગ એ જ સત્સંગ.''

ભક્તિમાતાએ બાળપ્રભુ શ્રી ઘનશ્યામના આ દિવ્ય શબ્દો અંતરમાં ઉતાર્યા. તેમની વૃત્તિ અંતરમાં ઊતરી ગઈ. પુત્રરૂપે પ્રગટ થયેલા પૂર્ણ પુરુષોત્તમ નારાયણના દર્શન કરતાં કરતાં **ભક્તિમાતા** આ.સં. ૧૮૪૮ને કાર્તિક સુદ દશમના શનિવારે આ ભૌતિક **દેહ**નો **ત્યાગ** કરીને દિવ્ય ગતિ પામ્યાં.

### લીલાચરિત્ર-૧૧

## પિતા ધર્મદેવનું ધામગમન

ભક્તિદેવીના ધામગમન બાદ **ધર્મદેવ** પણ સાંખ્ય અને યોગનો આશ્રય કરીને પરમાત્માનું અહર્નિશ ભજન કરવા



લાગ્યા. ધર્મદેવે ભક્તિદેવીનું પ્રતિ માસ કરવાનું માસિક શ્રાદ્ધ શાસ્ત્રોક્તવિધિ અનુસાર કરાવ્યું. ઉન્માસિક શ્રાદ્ધ, ત્રિપાક્ષિક અર્થાત્ ત્રણ પખવાડિયાનું શ્રાદ્ધ, ત્રણ મહિનાનું શ્રાદ્ધ, અને પછી છ મહિનાનું શ્રાદ્ધ પણ કરાવ્યું. તે છ માસિક શ્રાદ્ધમાં ધર્મદેવે હજારો બ્રાહ્મણોને ઈચ્છિત ભોજન કરાવ્યાં. સાતમા મહિનાના શ્રાદ્ધમાં શ્રેષ્ઠ વિપ્રોને ભોજન કરાવી સન્માનપૂર્વક તેઓને વિદાયમાન કર્યા. તે દિવસે ધર્મદેવના શરીરમાં તાવની તીવ્ર વેદના હતી. ધર્મદેવ પણ મનમાં પોતાનો 'અંત સમય હવે નજીક આવ્યો છે' તેમ જાણવા લાગ્યા. સંસારના સર્વ પદાર્થોમાંથી આસક્તિનું બંધન તોડી ધર્મદેવ **ભગવદ્ધ્યાન પરાયણ** થયા.

આ. સં. ૧૮૪૮, જેઠ સુદ એકાદશીથી ધર્મદેવે દશમ સ્કંધનો પાઠ શરૂ કર્યો. સંસાર વ્યવહારમાંથી પ્રીતિ તોડી બધાથી ઉદાસ રહેવા લાગ્યા. બાળપ્રભુ ઘનશ્યામ નિર્જળા એકાદશીનું વ્રત કરીને રાત્રિએ જાગરણ કરતા પિતા ધર્મદેવની પાસે બેઠા હતા અને તાવની પીડાને લીધે ધર્મદેવને નિદ્રા આવતી નહોતી. તેથી પુત્ર ઘનશ્યામની સામું વારંવાર જોયા કરતા હતા તે સમયમાં બાળપ્રભુ ઘનશ્યામે પિતાને સમાધિમાં તેજોમય દિવ્ય અક્ષરધામમાં પોતાનું સાક્ષાત્ દર્શન કરાવીને પોતાનો પરાત્પર સર્વોપરીપણાનો દૃઢ નિશ્ચય કરાવી, સમાધિમાંથી જાગૃત કર્યા.

અંતસમય નજીક જાણી ધર્મપિતાએ રામપ્રતાપ, સુવાસિની તથા ઈચ્છારામને પાસે બોલાવ્યા. જેમ મૃત્યુ સમયે કોઈ પોતાના પુત્રને ધન-સંપત્તિ સોંપે તેમ ધર્મપિતાએ પણ પોતાના પુત્રોને બાળપ્રભુ રૂપે રહેલા શ્રીહરિનું **જ્ઞાનરૂપ ચિંતામણી** આપવા બંને પુત્રોને સંબોધતા ધર્મદેવે કહ્યું : ''હે સુજ્ઞ પુત્રો ! આ ઘનશ્યામમાં તમો ભાઈપણાનો ભાવ ન લાવશો. તે ખરેખર સાક્ષાત્ ભગવાન જ છે. તે તમારા બધાનું કલ્યાણ કરશે. તે કાયમ ઉદાસ રહે છે, કોઈના રોક્યા રોકાય તેવા નથી. એવું તેમનું વૈરાગ્યનું અંગ છે. તેઓ જ્યાં સુધી ઘેર રહે ત્યાં સુધી તેમની પ્રીતિથી સેવા કરજો.''

પછી ધર્મપિતાએ બાળપ્રભુ **ઘનશ્યામ**ને કહ્યું : ''તમારા નિશ્ચયે કરી હું પૂર્ણકામ તો છું જ, તો પણ શ્રીકૃષ્ણ ભક્તિની મને તૃપ્તિ નથી થતી. માટે શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરવાની મારી ઈચ્છા છે.'' પછી પવિત્ર બ્રાહ્મણને તેડાવી તેની પાસે ભાગવતની કથા કરાવી. સં. ૧૮૪૮, જેઠ વદી ચોથને શુક્રવારે કથાની સમાપ્તિ થઈ. તે જ દિવસે જ્વરે વધારે જોર કર્યું. ધર્મદેવે પુત્રરૂપ શ્રીહરિમાં મનની વૃત્તિ સ્થિર કરી ભૌતિક દેહનો ત્યાગ કર્યો અને દિવ્ય દેહે પ્રભુના ધામમાં પહોંચી ગયા. પછી ધર્મદેવના દેહને ષોડશોપચારથી સ્નાન કરાવી, નવા વસ્ત્રો ધારણ કરાવીને સરયૂનદીના કિનારે રામપ્રતાપભાઈએ અગ્નિસંસ્કાર કર્યો.

# શિખરબધ્ધ
# શ્રી સ્વામિનારાયણ મંદિર

અયોધ્યામાં રેલ્વેસ્ટેશનની પાસે **રાયગંજ** વિસ્તારમાં આપણું શિખરબધ્ધ **શ્રી સ્વામિનારાયણ મંદિર** આવેલું છે. આ મંદિર એક શિખરયુક્ત આથમણા બારનું ઘણું ઊંચું છે. મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણ દેવ બિરાજમાન છે. અયોધ્યાની તીર્થયાત્રા કરવા આવનાર યાત્રિક ભક્તજનો માટે આધુનિક સુવિધાયુક્ત ઉતારાની સુંદર વ્યવસ્થા છે. મંદિરના પાછળના ભાગમાં ધર્મદેવ તથા સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીનું **નિવાસસ્થાન** હતું.

## મંદિર ઈતિહાસ

છપૈયામાં આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ **સુંદર મંદિર** કરાવ્યું હતું. પરંતુ અયોધ્યા જેવા પ્રાચીનતીર્થ અને જ્યાં ભગવાન શ્રીહરિએ અનેક બાળલીલાઓ કરી છે તે સ્થાનમાં મંદિરનું **નિર્માણકાર્ય** કરાવી પરોક્ષમાં પણ ભગવાન શ્રી સ્વામિનારાયણનો ડંકો વગાડવાની અમદાવાદ સ.ગુ. શ્રી નંદકિશોરદાસજી સ્વામીને તીવ્ર ઈચ્છા હતી.

એ વખતે અયોધ્યામાં શ્રીકૃષ્ણની મૂર્તિ પધરાવવાનું કામ ઘણું જ વિકટ હતું. તેમ છતાં ભગવાન શ્રીહરિની નિષ્ઠા અને શ્રદ્ધાથી નંદકિશોરદાસજી સ્વામીએ અયોધ્યામાં મોટા મોટા મંદિરોના મહંતો અને અખાડાના મહામંડલેશ્વરો સાથે મેળાપ કરી, જ્યાં ધર્મદેવ તથા સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીનું નિવાસસ્થાન હતું તે જગ્યા મેળવીને સ્વામીએ શિખરબધ્ધ મંદિર **બાંધકામ**નો **આરંભ** કર્યો.

પરંતુ **'શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ'** એ ન્યાયે આ કાર્યમાં મુશ્કેલીઓ પણ ઘણી ઊભી થઈ. એક તો ફૈઝાબાદથી કાશી તરફ જતી રેલ્વેલાઈનની માપણી જ્યાં ધર્મદેવના જૂના ઘર હતાં ત્યાં થઈને જ કરવામાં આવી. નંદકિશોરદાસજી સ્વામીએ ભગવાન શ્રીહરિની કૃપાથી આ જગ્યાની પવિત્રતાનું માહાત્મ્ય સમજાવીને આ મુશ્કેલી ટાળી. રેલ્વે અધિકારીઓએ ધર્મદેવનું ઘર કાયમ રાખી બીજી જગ્યાએ માપણી મંજૂર કરી.

બીજી મુશ્કેલી હતી એ હતી કે જ્યાં મંદિર કરવું હતું ત્યાં રાજમાતાનું દેવસ્થાન હતું. નંદકિશોરદાસજી સ્વામીએ પોતાના કાર્ય કૌશલ્યથી રાજાનું મન જીતી લીધું. અને રાજાએ માતાના સ્થાનને વિસર્જન કરવાની રજા આપી. એ રીતે બીજી મુશ્કેલી પણ ટળી. આવી રીતે ઘણી જ મુશ્કેલીઓ હોવા છતાં સ્વામીએ પોતાની કાર્યકુશળતાથી અને ભગવાન શ્રીહરિની કૃપાથી **તમામ મુશ્કેલીઓ** દૂર કરી.

નંદકિશોરદાસજી સ્વામીની કુશળતા, કાર્યદક્ષતા, પ્રમાણિકતા અને ઉત્તમ ચારિત્રની છાપ અમદાવાદ કાલુપુર મંદિરના ટ્રસ્ટીઓ ઉપર ઘણી જ પડી. તેથી સ્વામીને અમદાવાદ મંદિરના મહંત તરીકે નિમણૂંક કર્યા. તેથી અયોધ્યા મંદિરના નિર્માણકાર્યમાં રુકાવટ ઊભી થઈ. પરંતુ અમદાવાદ મંદિરના મહંત તરીકે નંદકિશોરદાસજી સ્વામી હતા તોપણ સ્વામીના મનમાં અયોધ્યામાં મંદિરનું કાર્ય પૂર્ણ કરી **મૂર્તિ પ્રતિષ્ઠા** કરવી તેવો **સંકલ્પ** રહેતો. તેથી તેમણે વારંવાર ટ્રસ્ટીમંડળ તથા આચાર્ય મહારાજશ્રીને અમદાવાદ મંદિરની મહંતાઈમાંથી છૂટા કરવા આગ્રહ કર્યો. તેથી મહંતાઈમાંથી સ્વામીને છૂટા કર્યા.

મહંતાઈથી છૂટા થઈ સ્વામી તરત જ અયોધ્યા આવી ગયા અને મંદિરનું અધૂરું કાર્ય **પૂર્ણ** કર્યું. અમદાવાદથી પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રીને તેડાવી તેઓના વરદ્ હસ્તે સં. ૧૯૭૧ના અષાઢ સુદ ત્રીજના દિવસે શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણ દેવની પ્રાણ પ્રતિષ્ઠા કરાવી સ્થાપના કરી. આ પ્રસંગે સંતો-હરિભક્તો પણ મોટી સંખ્યામાં પધાર્યા હતા.

અયોધ્યામાં એ ભગવાન શ્રીરામચંદ્રજીનું જન્મસ્થાન હોવાથી, અહીં રાધાકૃષ્ણ અને તેમાં પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિઓ પધરાવવાનું કામ તે વખતે સરળ નહોતું. આ સ્થાપના થઈ તેનાથી થોડા જ સમય પહેલા





અયોધ્યાના રાજાએ પોતાના મહેલમાં મંદિર કરાવી, રાધાકૃષ્ણની મૂર્તિ પધરાવવાની વ્યવસ્થા કરી હતી. પરંતુ રાધાકૃષ્ણની મૂર્તિ ન પધરાવવા દેવા દશ હજાર જેટલા વૈરાગીઓ ભેગા થઈ મોટો ઝઘડો કર્યો હતો. રાજા ન માને તો તેને રાજગાદીએથી ઊઠાડી મૂકવાનો નિર્ણય કર્યો હતો. રાજાને કલકત્તાથી મિલિટરી બોલાવી પડી અને એ કામ માટે ખર્ચ પણ ઘણો થયો. પરંતુ નંદકિશોરદાસજી સ્વામીએ ઘણીજ કુનેહપૂર્વક મોટા મંદિરોના બધા મહંતોને મળી પોતાની વિદ્વત્તા અને ચારિત્રથી બધા વૈરાગીઓના મન જીતી લઈ સર્વની હાજરીમાં શ્રીરાધાકૃષ્ણ અને શ્રીહરિકૃષ્ણમહારાજની મૂર્તિઓની પ્રતિષ્ઠા પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે કરાવી.

આ પ્રસંગે સ્વામીએ તમામ મહંતો અને વૈરાગીઓનો સત્કાર-સન્માન કરી બધાને રાજી કર્યા અને ભગવાન શ્રી સ્વામિનારાયણનું સ્થાન એ તમામના હૃદયમાં સ્થાપિત કર્યું. આમ, નંદકિશોરદાસજી સ્વામીએ અયોધ્યામાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના તીર્થસ્થાનનું નિર્માણકાર્ય કરી જયજયકાર કરાવ્યો.

(પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી પ્રકાશિત 'શ્રી છપૈયાપુર માહાત્મ્ય' ગ્રંથમાં સ.ગુ. શ્રી નંદકિશોરદાસજી સ્વામીના સંક્ષિપ્ત જીવનચરિત્ર- સં. ૨૦૩૦માંથી સાભાર...)

## મંદિરમાં ગંગાજળિયો કૂવો

હાલમાં મંદિર પરિસરમાં યાત્રિક નિવાસની ઓસરીમાં આ ગંગાજળિયો કૂવો છે. બાળપ્રભુ ઘનશ્યામે આ કૂવાના જળ વડે અનેકવાર સ્નાન કર્યું છે. આ કૂવાના જળનો ઉપયોગ પિતા ધર્મદેવ અને માતા ભક્તિમાતા વગેરે ધર્મકુળ પરિવારજનો નિત્ય કરતા હતા.

## લીલાચરિત્ર

### છપૈયાથી મિત્રો અયોધ્યા મળવા આવ્યા અને કૂવામાંથી સાકર જેવા જળનું પાન કરાવ્યું



એકદિવસ બાળપ્રભુ ઘનશ્યામના વિયોગથી છપૈયામાં નિવાસ કરતા **બાળસખાઓ** વેણી, માધવ, પ્રાગ તથા સુખનંદન આદિક બીજા કેટલાક મિત્રો 'અયોધ્યામાં ઘનશ્યામ મહારાજને મળવા જવું' એમ વિચાર કરતા થકા છાનામાના ઘેરથી નીકળીને મીન સરોવરે બધા ભેગા થયા. પછી સર્વે ત્યાંથી ચાલ્યા તે રસ્તે જતાં વચ્ચે **મનોરમા નદી**એ આવ્યા. અને ત્યાં નદીમાં પાણી બહુ દેખીને પરસ્પર બોલ્યા : ''મિત્રો ! હવે આપણે આ નદી શી રીતે ઊતરવી ?'' આમ વિચાર કરતા કરતા નદીના કાંઠે ઉદાસ થઈને ઊભા રહ્યા.

તે સમયે બાળપ્રભુ **ઘનશ્યામ** પોતાના સખાઓ મળવા આવે છે એમ જાણીને **બ્રાહ્મણના વેષે** તેમની પાસે આવીને કહ્યું : ''બાળમિત્રો ! તમે આ નાના-નાના બાળકો ક્યાં જાઓ છો ?'' ત્યારે બાળમિત્રોએ વિસ્તારપૂર્વક બધી વાત કરી. તે વખતે બ્રાહ્મણ બોલ્યા : ''ચાલો તમો મારી સાથે, કોઈ વાતની ચિંતા રાખશો નહિ. અમારે પણ અયોધ્યા જવું છે.'' એમ કહેતા થકા સર્વેને સાથે લઈને નદી ઊતરીને ચાલ્યા.

તે સમયે કોઈની પાસે ખાવાનું પણ નહિ. પણ ભૂખ લાગેલી તેથી સર્વે સખા એક આંબાના વૃક્ષ નીચે બેઠા અને બોલ્યા : ''ભૂદેવજી ! તમારે જવું હોય તો જાઓ, અમને બધાને ભૂખ લાગી છે. પરંતુ કોઈની પાસે ભાતું નથી માટે ધીરે ધીરે આવીશું.'' ત્યારે બ્રાહ્મણ વેષે રહેલા બાળપ્રભુ ઘનશ્યામે કહ્યું : ''અરે બાળમિત્રો ! તમો ભૂખ્યા છો ત્યારે ક્યારના કેમ કહેતા નથી ? આવો લ્યો, આપણે સર્વે ભેગા બેસીને જમીએ. મારી પાસે ભાતું વધારે છે અને હું પણ બ્રાહ્મણ છું. ચાલો શરમાશો નહિ.'' એમ કહીને તે સર્વે સાથે બેસીને સાથવો અને મીઠું જમીને ચાલ્યા તે **સરયૂ નદી**એ આવી પહોંચ્યા. ત્યારે તે બ્રાહ્મણ બોલ્યા : ''બાળમિત્રો ! તમારી પાસે વહાણમાં બેસવાના પૈસા છે કે નથી ? ન હોય તો ચાલો, મારી પાસેથી આપીને વહાણમાં બેસારું.'' એમ કહીને તે વહાણમાં બેસારીને સામે કિનારે રામઘાટે લઈ જઈને કહ્યું : ''હવે તમો ગામમાં જઈ શકશો ને ?'' ત્યારે બાળકો બોલ્યા : ''હા, તમારે જવું હોય તો જાઓ.'' આમ કહ્યું કે તુરત તે બ્રાહ્મણ ચાલ્યો ગયો.

પછી સર્વે સખાઓ થોડે દૂર જઈને વિચાર કરવા લાગ્યા કે, 'હવે આ મોટા શહેરમાં ઘનશ્યામના ઘરનો પત્તો ક્યાંથી લાગશે ? જો બ્રાહ્મણને રાખ્યા હોત તો બહુ સારું થાત.' એમ વાતો કરતા ચિંતા કરતા હતા ત્યાં તો બાળપ્રભુ ઘનશ્યામે **પુનઃ** અંતર્યામીપણે જાણી પોતાના સખાઓને પાસે આવીને કહ્યું : ''અહો ! વેણીરામ, માધવ, પ્રાગ, સુખનંદન ! મિત્રો, તમે અહીં ક્યારે આવ્યા છો ?'' એમ કહીને સ્નેહપૂર્વક સર્વેને મળીને **કુશળ સમાચાર** પૂછીને ચાલ્યા. બાળપ્રભુ ઘનશ્યામ

પોતાના સખાઓને સાથે લઈને ઘેર આવ્યા અને મિત્રોને કહ્યું : ''તમે બધા ઘરની ઓસરીમાં જાઓ હું આવું છું.'' એમ કહીને થોડે દૂર જઈને પોતે અદૃશ્ય થઈ ગયા.

પછી બધા મિત્રો ઓસરીમાં ગયા. ત્યાં તો બાળપ્રભુ **ઘનશ્યામ** બેઠેલા હતા તે ઊભા થઈને મળવા આવ્યા અને કહ્યું : ''મિત્રો ! તમે સર્વે આવડા નાના બાળ અહીં કેવી રીતે આવી શક્યા ?'' ત્યારે વેણીરામ આદિક સર્વે સખાઓએ સર્વે વૃત્તાંતની વાત કરી. પછી બાળપ્રભુ ઘનશ્યામે સુરજબલી ચાકર પાસે ઘરના આંગણામાં રહેલા કૂવામાંથી જળનો ઘડો ભરાવીને પોતાના મિત્રોના હાથ-પગ ધોવરાવીને અબખોરા ભરીને જળપાન કરાવવા લાગ્યા. ત્યારે રામપ્રતાપભાઈ બોલ્યા : ''હે ઘનશ્યામ ! આપણા ઘરમાં સાકર છે તે નાખીને રસ કરીને પીવડાવો.'' ત્યારે બાળપ્રભુએ કહ્યું : ''હે ભાઈ ! તમે જુઓ, આ તો કૂવામાં સાકર ભરેલી છે તેમાંથી રસ કાઢીને પાઈએ છીએ.'' એમ કહીને સર્વે બાળમિત્રોને પાઈને ધર્મભક્તિ તથા રામપ્રતાપભાઈ વગેરેને પણ જળપાન કરાવ્યું. તે જળપાન કરીને આશ્ચર્ય પામીને બોલ્યા : ''આ શું આશ્ચર્ય ? કૂવાનું પાણી સાકરના રસ જેવું મીઠું થઈ ગયું.'' ત્યારે બાળપ્રભુ ઘનશ્યામે કહ્યું : ''આ અમારા સખાઓને સારુ અમે જે ધારીએ તે થાય.'' એમ કહીને સુવાસિનીભાભી પાસે રસોઈ કરાવીને સર્વે સખાઓને પાસે બેસારીને જમાડતા હતા.


ત્યારે બાળપ્રભુ ઘનશ્યામે જમતા જમતા મિત્રોને પૂછ્યું : ''હે મિત્રો ! તમને જેઓએ મનોરમા નદી ઉતાર્યા, ટીમણ આપ્યું અને વહાણમાં બેસાડીને લાવ્યા તે કોણ હતા ?...'' પછી બોલ્યા : ''એ તો અમે જ હતા.'' ત્યારે સર્વે બાળમિત્રો બહુ આનંદ પામતા થકા બોલ્યા : ''હા, ઘનશ્યામભાઈ ! તમારા વિના બીજો કોણ સંભાળ રાખે ?''


પછી આ બાજુ છપૈયામાં ખબર પડી કે બધા બાળકો તો એકલા અયોધ્યા ઘનશ્યામને મળવા ગયા છે. એટલે મોતી તરવાડી પહેલવાન તરવાડીને સાથે લઈને આવ્યા. તે સર્વેને પાંચ દિવસ રાખીને મિત્રો સાથે ખૂબ રમત રમી, જમાડીને પછી વિદાય કર્યા.

## હલવાઈ (મીઠાઈ વેચનાર)ની દુકાન

અયોધ્યા શ્રી સ્વામિનારાયણ મંદિરના મુખ્ય પ્રવેશદ્વારની સામે આ હલવાઈની દુકાન આવેલી છે. હાલમાં તે દુકાનના બારણાં મંદિરમાં ઠાકોરજીના ખંડની બાજુમાં દર્શનાર્થે મૂકવામાં આવ્યા છે. બાળપ્રભુ ઘનશ્યામે સુવાસિનીભાભીની અંગુઠી ચોરીને આ હલવાઈની દુકાનમાંથી મીઠાઈ લીધી હતી.







### લીલાચરિત્ર

## બાળપ્રભુ ઘનશ્યામે સુવાસિનીભાભીની અંગુઠી ચોરી

એકદિવસ બાળપ્રભુ **ઘનશ્યામ** પોતાના મિત્રો સાથે સરયૂ નદીમાં સ્નાન કરી દેવદર્શન માટે દરેક મંદિરમાં ગયા. દેવદર્શન કરી જ્યારે પાછા ઘેર આવ્યા ત્યારે ઘરમાં બીજા કોઈને ન જોતા રસોડામાં એકલા સુવાસિનીભાભીને રસોઈ કરતા જોયા. એટલે મધુરવાણીમાં બાળપ્રભુ ઘનશ્યામે ભાભીને કહ્યું : ''હે ભાભી ! મને ખૂબજ ભૂખ લાગી છે, તેથી મને પેંડા જમવા આપો; જરાપણ વાર લગાડશો નહિ.'' ત્યારે **સુવાસિનીભાભી** કહે : ''દાળ-ભાત તૈયાર થઈ ગયા છે. પુરીઓ કરવાની બાકી છે તેથી રસોઈ હમણાં જ તૈયાર થઈ જશે. તે તમો થોડો

સમય થોભો. આમ છતાં વધુ ભૂખ લાગી હોય તો પુવા, મગદળ, લાડુ, ચણા, સુખડી આપું તે જમો.'' ત્યારે બાળપ્રભુ બોલ્યા : ''ના, મારે એ કાંઈ નથી ખાવું. મારે તો પેંડા જ ખાવા છે.'' તે વખતે ભાભીએ કહ્યું : ''ભાઈ ! પેંડા તો આપણા ઘરમાં હાલ નથી.''

પછી બાળપ્રભુ ઘનશ્યામે સુવાસિનીભાભીએ રસોઈ કરતી વેળાએ બાજુમાં મૂકેલી રત્નજડિત સોનાની અંગુઠી લઈને કહ્યું : ''હે ભાભી ! આ અંગુઠી કંદોઈની દુકાને વેચી તેના પેંડા લઈ હું અને અમારા મિત્રો સાથે મળીને જમીશું.''

પછી ભાભી એકદમ હાથ ધોઈને બાળપ્રભુ ઘનશ્યામને પકડવા દોડ્યાં અને બાળપ્રભુને પકડવા માટે એક ઓરડામાંથી બીજામાં ને બીજામાંથી ત્રીજા ઓરડામાં એમ ઘણા પ્રયત્ન કર્યા, પરંતુ ઘનશ્યામ પકડાયા નહિ.

પછી ભાભીએ કહ્યું : ''હે ઘનશ્યામભાઈ ! આમ અંગુઠીની ચોરી કરવી તે યોગ્ય નથી. જો આ અંગુઠી લઈને ભાગી જશો તો તમારા ભાઈ તમને ઠપકો આપશે અને વળી લોકમાં વાતો થશે. અને તમે અંગુઠીના ચોર કહેવાશો, તેથી તમને કોઈ કન્યા પણ નહિ આપે.'' ત્યારે બાળપ્રભુ **ઘનશ્યામ** બોલ્યા : ''ભાભી ! કન્યા તો અમારે જોતી નથી. અને આ અંગુઠીની ચોરી લોકમાં કહેવાશે તેણે કરીને અમારી લાજ જશે નહિ માટે અમને કાંઈ પણ બીક નથી.'' આમ કહી બાળપ્રભુ ઘનશ્યામ ઓરડામાં જતા રહ્યા. ત્યારે ભાભીએ તે ઓરડાનું બારણું બંધ કરી દીધું.

પરંતુ નિરાવરણ બાળપ્રભુ ઘનશ્યામને તે આવરણ નડ્યું નહિ અને ત્યાંથી નીકળી ગયા. બધા મિત્રોને ભેગા કરી **ઉમરાવ** નામના **હલવાઈ**ની દુકાને જઈને તેને અંગુઠી દેખાડીને કહ્યું : ''આના બદલામાં મીઠાઈ આપો.!'' તેવું સાંભળીને હલવાઈએ મનમાં વિચાર કર્યો કે, 'આજે તો હું બરાબર ફાવી જઈશ.' એમ વિચારી એક શેર મીઠાઈ આપી.

ત્યારે બાળપ્રભુ ઘનશ્યામે જાણ્યું કે આ હલવાઈ અમને છોકરા જાણીને છેતરે છે. તેથી તેને કહ્યું : ''અમે તથા અમારા મિત્રો જમીએ તેટલી મીઠાઈ આપો.'' પછી હલવાઈએ તે અંગુઠી તેની પત્ની શ્યામકુંવરને બતાવી એટલે તેણે અંગુઠી તપાસીને કહ્યું : ''ઘનશ્યામ ! તમારે જેટલી મીઠાઈ જમવી હોય તેટલી અમારી દુકાનમાં બેસીને જમો.'' તે વખતે રાજાના બે સિપાઈઓ બ્રાહ્મણ હતા તે સૂર્યકુંડે સ્નાન કરવા જતા હતા. તે આ વાત સાંભળી કેટલાક માણસો સહિત જોવા ઊભા રહ્યા.

હલવાઈની પત્નીએ પાત્રમાં મીઠાઈ ભરી બાળપ્રભુ ઘનશ્યામ સમક્ષ મૂકી અને પાસે જળનો લોટો ભરીને મૂક્યો. બધા બાળમિત્રો સાથે બાળપ્રભુ ઘનશ્યામ મીઠાઈ જમવા લાગ્યા. તે દુકાનમાં જેટલી હતી તે બધી મીઠાઈ જમી ગયા. એટલે વચનથી બંધાયેલ ઉમરાવ હલવાઈ બાજુમાં પોતાના ભાઈ રામચરણની દુકાન હતી ત્યાંથી બધી મીઠાઈ લાવી લાવીને આપવા લાગ્યો. તેની દુકાનની પણ બધી મીઠાઈ જમી ગયા. પછી બાળપ્રભુ ઘનશ્યામે પેટ ઉપર હાથ ફેરવીને કહ્યું : ''અમારે તો હજી જમવા માટે મીઠાઈ જોશે. મને તમે બેસાર્યો તેથી હું બેઠો છું.'' તેવું સાંભળી હલવાઈ અકળાવા લાગ્યો ને પોતાની પત્ની શ્યામકુંવરને પૂછ્યું : ''હવે કેમ કરવું ? આ તો હજી માગે છે !'' ત્યારે તેની પત્નીએ કહ્યું : ''હવે આ પાંચ મણ ઘીનું ભરેલું કુડલું ઘનશ્યામ પાસે મૂકો એટલે ઊઠીને જશે.'' તેથી હલવાઈએ એમ કર્યું. ત્યાં તો બાળપ્રભુ ઘનશ્યામ તે પણ બધું જમી ગયા. તે જોઈને વિસ્મય પામતો થકો હલવાઈ સમીપે આવી પગે લાગીને બોલ્યો : ''હે ઘનશ્યામ ! હવે તો મારી ઉપર કૃપા કરીને જેમ મારું સારું થાય તેમ કરો.'' ત્યારે બાળપ્રભુએ કહ્યું : ''હવે મારે જમવા નહિ જોઈએ.'' એમ કહીને બધા હાથ-મુખ ધોઈને દુકાનેથી નીચે ઉતરીને ચાલ્યા ગયા.

બાળપ્રભુ ઘનશ્યામ પોતે ખૂબ મીઠાઈ જમ્યા હોવાથી ઘેર જમવાના સમયમાં વિલંબ કરીને ઘેર ગયા. ત્યારે ભક્તિમાતાએ કહ્યું : ''ઘનશ્યામ ! તમે તમારી ભાભીની અંગુઠી કેમ લઈ ગયા ? આવું કાર્ય કરવું તમારે માટે યોગ્ય નથી.'' ત્યારે **બાળપ્રભુ** કહે : ''મેં અંગુઠી લીધી નથી. ભાભી તો મારી ઉપર ખોટુ આળ નાંખે છે.'' ત્યારે રામપ્રતાપભાઈ ક્રોધે કરીને બોલ્યા : ''એક તો ચોરી કરી અને પાછા **ખોટું** બોલો છો.'' એમ કહીને બાળમિત્રોને પૂછ્યું તો તેઓએ કહ્યું : ''એ અંગુઠી તો હલવાઈને આપીને અમે બધાએ મીઠાઈ ખાધી છે.''

બાળમિત્રોની વાત સાંભળી બાળપ્રભુ ઘનશ્યામને લઈ ધર્મદેવ તથા રામપ્રતાપભાઈ હલવાઈની દુકાને આવીને રામપ્રતાપભાઈએ હલવાઈને કહ્યું : ''અમારી અંગુઠી પાછી આપો.'' ત્યારે **હલવાઈ** કહે : ''મારો આટલો બધો મીઠાઈનો માલ ખાઈ ગયા અને વળી અંગુઠી લેવા આવ્યા છો ?'' ત્યારે બાળપ્રભુ **ઘનશ્યામ** બોલ્યા : ''તમારો મીઠાઈનો માલ થોડોક પણ ઓછો થયો હોય તો અંગુઠી પાછી ન આપતા. તમે દુકાનમાં મીઠાઈ તપાસી તો જુઓ.''

બાળપ્રભુની વાત સાંભળી હલવાઈ દુકાનમાં **તપાસ** કરવા ગયો તો જેટલી પૂર્વે હતી તેટલી ને તેટલીજ મીઠાઈ બંને દુકાનમાં જોઈ અને ઘીનું કુડલું પણ એમને એમ ભરેલું જોયું. આવું **આશ્ચર્ય** જોઈ ઉમરાવ હલવાઈએ જાણ્યું કે, 'આજે મને લોભનું ફળ મળ્યું.' પછી તેણે કહ્યું : ''હે ઘનશ્યામ ! તમે તો સાક્ષાત્ **રામચંદ્રજી ભગવાન** છો.'' એમ કહીને અંગુઠી ધર્મદેવને પાછી આપી બે હાથ જોડી વિનંતીપૂર્વક પગે લાગ્યો.

**અનુસંધાન પેજ નં. ૪૨ ઉપર**




# અયોધ્યા શહેરમાં આવેલા પ્રાસાદિક સ્થળો

## શ્રી હનુમાન ગઢી


આ હનુમાનગઢી જવા ૭૬ પગથિયાંનું ચઢાણ ચડવું પડે છે. અહીં મંદિરમાં હનુમાનજીની મૂર્તિ માતા અંજનીના ખોળામાં પ્રસ્થાપિત છે. રાજા વિક્રમાદિત્યે આ મંદિરનું બાંધકામ કરાવ્યું હતું. થોડાસમય પછી નવાબ મનસુરઅલીખાને મંદિર ફરતો કિલ્લો બંધાવ્યો હતો જે **'હનુમાનગઢી'** તરીકે ઓળખાય છે. અહીં બાળપ્રભુ ઘનશ્યામ **નિત્ય દર્શન** કરવા પધારતા હતા. વર્તમાન સમયે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ તેમજ અમદાવાદ ગાદી આચાર્ય પરંપરાના લાલજીશ્રીઓનો તેમજ બાળકોનો **ચૌલ સંસ્કારવિધિ** કરવામાં આવે છે.

### લીલાચરિત્ર-૧

### હનુમાગઢીના વૈરાગી મોહનદાસને એકાદશી વ્રતનો મહિમા સમજાવ્યો

અયોધ્યા આવ્યા પછી બાળપ્રભુ ઘનશ્યામ નિત્યક્રમ પ્રમાણે સરયૂસ્નાન કરી હનુમાનગઢીએ દર્શન કરવા ગયા. હનુમાન જતિના દર્શન કર્યા. પછી સભામંડપમાં બેસીને **મોહનદાસ** નામના **વૈરાગી** રામાયણની કથા કરતા હતા અને તે સાંભળવા માટે ચારેબાજુ કેટલાક વૈરાગી તથા બાઈભાઈ બેઠા હતા ત્યાં બાળપ્રભુ ઘનશ્યામ આવ્યા. કથાના અધ્યાયમાં **એકાદશી વ્રત**નો **મહિમા** આવ્યો : ''સો રાજસૂય યજ્ઞ કરે કે હજાર અશ્વમેધ યજ્ઞ, પણ તેનું પુણ્ય એકાદશી વ્રતના સોળમાં ભાગ જેટલું પણ ન થાય.'' આ સાંભળી બાળપ્રભુ ઘનશ્યામ ઘણા રાજી થયા અને વૈરાગી મોહનદાસને **પ્રશ્ન** પૂછ્યો : ''હે મહાત્માજી ! એકાદશી વ્રતનો આટલો બધો મહિમા શાસ્ત્રમાં કહ્યો છે તોપણ ઘણા લોકો તે વ્રત કેમ કરતા નથી ?''

વૈરાગીને આ પ્રશ્ન જરા આકરો પડ્યો. પોતે એકાદશી વ્રત કરતા નહિ અને તેનો ઉપદેશ પણ કોઈને આપતા નહિ. તેથી તેમને બાળપ્રભુ ઘનશ્યામના પ્રશ્નથી કળ ચડી ગઈ. તેમણે તરત જ વ્યંગમાં **ઉત્તર** આપ્યો : ''અરે ઘનશ્યામ ! તું શું જાણે ? આ મનુષ્યદેહ ભગવાને આપ્યો છે તે કાંઈ ભૂખ્યા રહીને દુઃખ ભોગવવા આપ્યો છે ? દેહમાં આત્મારૂપી ભગવાન છે તેને જે આવી રીતે ભૂખ્યા રહીને દુઃખ આપે છે તે તો પાપી છે. આ મનુષ્યદેહે તો ખાવું, પીવું, વિષય ભોગવવા. એ રીતે મહામોંઘો મનુષ્યદેહ મળ્યો છે તે સાર્થક





કરી લેવો. જેને ખાવા અન્ન ન મળે તેને તો સદા એકાદશી છે જ ને ?'' એટલું કહીને પોતાના કથનની સત્યતા માટે શ્રોતા તરફ જોઈને તેણે હસીને કહ્યું : ''જુઓને, આ છોકરું ! તેને છે કાંઈ ખબર ? એકાદશીને તો જગન્નાથપુરીમાં ઊંધી બાંધી દીધી છે.''

વૈરાગી મોહનદાસની રહસ્યમય વાતો સાંભળી શ્રોતાજનો ડોકું ધુણાવ્યે જ જતા હતા. પંચવિષયમાં આદરમાં જ્યાં રુચિ હોય, ત્યાં તેના અનાદરની વાત કોને ગમે ?

બાળપ્રભુ **ઘનશ્યામ** ત્યાંથી તરત જ ઊઠી ગયા અને હનુમાનજીના મંદિરમાં જઈ પ્રદક્ષિણા કરવા લાગ્યા. આવા વિષયી અને લંપટ ગુરુ પોતાના શિષ્યોનું કેટલું અધઃપતન કરે છે તે વિચારથી તેઓ ખિન્ન થઈ ગયા.

આ બાજુ મોહનદાસ વૈરાગીએ મશ્કરી કરીને સભામાં બેઠેલા શ્રોતાજનોને કહ્યું : ''જુઓ, ભાઈઓ ! આ એકાદશીનો મહિમા વધારીને મને શિખામણ આપવા આવ્યો છે.'' એમ વાત કરે છે ત્યાં તો બાળપ્રભુ ઘનશ્યામની ઈચ્છાથી તેને સમાધિ થઈ અને સમાધિમાં **યમપુરી** દેખાઈ. ત્યાં યમપુરીમાં હજારો યમદૂતો તેને મારવા લાગ્યા અને બોલ્યા : ''હે દુષ્ટ ! તું ત્યાગી થઈને એકાદશી કરવાની સર્વને ના પાડે છે ? બીજા માણસોને પણ તારા જેવા પાપી કરવા છે ? અને ભગવાન થકી વિમુખ રાખવા છે ? આ ઘનશ્યામ તો સાક્ષાત્ પરબ્રહ્મનો અવતાર છે. તેઓની તે **અવજ્ઞા** કરી છે તેનું આ **ફળ** છે.'' એમ કહી વૈરાગીને **માર** મારવા લાગ્યા. તેને મારે છે યમપુરીમાં પણ તેનો દેહ અહીં મૃત્યુલોકમાં પડ્યો છે તે ઊંચો ઉછળીને હેઠો પડે છે. તેને સર્વ શ્રોતાજનોએ જોયું. તે વૈરાગી **મોહનદાસ** બોલતો હતો : ''હે ધર્મરાજ ! હવે તો હું કોઈ દિવસ એકાદશીની ના નહીં પાડું અને બીજા જનોને પણ એકાદશીનું વ્રત કરાવીશ.'' થોડીવાર પછી તેને પ્રભુઈચ્છાથી સમાધિ ઉતરી ગઈ.

યમદૂતોના મારથી તેના હાડકાં ભાંગી ગયા. મડદા જેવો પડ્યો હતો. પછી તે બોલ્યો : ''હે શ્રોતાજનો ! આ ઘનશ્યામનું અપમાન કર્યું તેથી હું યમપુરીમાં મહાદુઃખ પામ્યો અને આ ઘનશ્યામ તો સાક્ષાત્ ભગવાન છે.'' એમ કહીને મહા મુશ્કેલીથી ઊભો થઈને પ્રદક્ષિણા કરતા બાળપ્રભુ ઘનશ્યામના ચરણોમાં મસ્તક મૂકીને પગે લાગી સ્તુતિ કરવા લાગ્યો : ''હે ભગવન્ ! તમે તો સાક્ષાત્ મારા ઈષ્ટદેવ રામચંદ્રજી છો. મારો અપરાધ ક્ષમા કરો.'' એમ કહીને એકાદશી કરવાનો નિયમ રાખીને પછી પોતાના સ્થાનકે જઈને તે વાત બીજા કેટલાક વૈરાગીઓને કહી. તે સાંભળીને તે સર્વે વૈરાગીઓ બાળપ્રભુ ઘનશ્યામ પાસે આવ્યા. તે સર્વે વૈરાગીઓને પણ બાળપ્રભુ ઘનશ્યામે રામચંદ્રજી સ્વરૂપે દર્શન આપ્યાં. આ જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા.

## લીલાચરિત્ર-૨

## હનુમાનગઢીએ સભામાં વૈરાગીઓને ઉપદેશ આપ્યો

એકદિવસ બાળપ્રભુ **ઘનશ્યામ** પોતે એકલા જ હનુમાનગઢીમાં બપોરે ગયા હતા. ત્યારે તે સમયે હનુમાનગઢી ઉપર ચઢતા પગથિયે રૂપચોકીમાં બે-ચાર વૈરાગીના નાના નાના ચેલા એક લંગોટી વાળીને માથામાં અત્તર-ધુપેલ આદિક તેલ ચોળીને તથા અંગોઅંગને વિષે ભારે સુવર્ણના આભૂષણો પહેર્યા થકા ત્યાં જૂગટું રમતા હતા. તેમને જોઈને બાળપ્રભુ ઘનશ્યામે કહ્યું : ''આ તમારો ધર્મ નથી. તમે તો ત્યાગીપુરુષ કહેવાઓ અને સંસારનો ત્યાગ કરીને બેઠા છો. માટે શાસ્ત્રમાં ત્યાગીને આ જૂગટાનો ખેલ રમવો તે ઘણો નિંદિત છે. અને જૂગટે કરીને પાંચ પાંડવો સમગ્ર રાજ્ય હારી ગયા હતા ને મહાદુઃખ પામ્યા હતા. માટે તમારે તો પરમેશ્વરનું ભજન કરીને દિવસ પસાર કરવા જોઈએ, નહિ તો સંસારીના ટુકડા જમવા તેને પચાવવા ઘણા મુશ્કેલ પડશે.''

બાળપ્રભુ ઘનશ્યામની વાત સાંભળી જુગાર

રમતા હતા તે બોલ્યા : ''આગળ જોઈને કોણ આવ્યું છે ? અને હવે શું થશે તેની કોને ખબર છે ? આ દેહે જે ભોગવ્યું તે ખરું છે.'' થોડીવારમાં તો તે નાના વૈરાગીઓના ગુરુને ખબર પડી. તેથી તેણે તરત ત્યાં આવીને કહ્યું : ''હે ઘનશ્યામ ! તમે આ બાળકોની આગળ શું કહેવા બેઠા છો ? આ **સભામંડપ**માં બેસીને વાર્તા કરો અને અમને ધર્મનો માર્ગ બતાવો.''

પછી હનુમાનજીને જગાડવાનો સમય થયો એટલે શહેરના કેટલાક માણસો તથા કેટલાક વૈરાગી તપસ્વી સર્વે દર્શન કરવા આવ્યા. ત્યારે બાળપ્રભુ ઘનશ્યામને શોધતા રામપ્રતાપભાઈ પિતાએ સહિત ત્યાં આવ્યા. ત્યારે તો શહેરજનોની મોટી **સભા** ભરાઈ અને વચ્ચે મોહનદાસજીની પાસે સામા બાળપ્રભુ ઘનશ્યામને બેઠેલા જોઈને રામપ્રતાપભાઈ તથા ધર્મદેવ ત્યાં જઈને બેઠા. ત્યારે કેટલાક પંડિત વેદિયા વગેરે બ્રાહ્મણ તથા રામાયણ સંહિતાના ભણેલા વૈરાગી તે પણ ત્યાં આવ્યા.

પછી **શાસ્ત્રાર્થ**ની ભારે **ચર્ચા** ચાલી. તે સમયે તે વૈરાગી બોલ્યા : ''હે ઘનશ્યામ ! તમે સાધુપુરુષને શિખામણ કેમ આપો છો ? તમે તો ગૃહસ્થ છો. માટે તમે ત્યાગીને શિખામણ આપવા યોગ્ય નથી.'' તેવું સાંભળીને બાળપ્રભુ ઘનશ્યામે કહ્યું : ''હે વૈરાગીઓ ! હે પંડિતો ! તમે સર્વે પૂર્વેની વાત વિચારી જુઓ. શુકદેવજીના ગુરુ તે રાજા જનક ગૃહસ્થ હતા. અને આ વાત શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે તે તમે પણ જાણતા હશો. માટે ધર્મ તો જે બતાવે તેને માનવો જોઈએ.'' એમ કહીને સાધુના ધર્મ વિસ્તારીને કહેવા લાગ્યા : ''શાસ્ત્રોમાં દ્યૂત એટલે જૂગટું રમવું તથા મદ્યમાંસાદિકનું ભક્ષણ કરવું તે નિષેધ કરેલું છે. વળી એ ઘોર નરકને પમાડે છે. તો ત્યાગીને તો તેથી વધારે દૂર રહેવું તથા ક્રોધ, માન, ઈર્ષ્યા, કંચન જે પૈસા, સ્ત્રી, તાંબૂલ, મદિરા એ આદિક જે વ્યસનો તેનો ત્યાગ કરવો. અને જે સાધુ થઈને એટલા વાનાં રાખે છે તેને યમના દૂત મહા જોરાવરથી યમપુરીમાં લઈને મહા કષ્ટને આપે છે અને પોતાના કરેલા કૃત્યને ભોગવાવે છે. અને આ વાત અમે ખોટી કહેતા હોઈએ તો આ સભામાં બેઠેલા બધા પંડિતોને પૂછી જુઓ.'' ત્યારે **સર્વે** બોલ્યા : ''હા, એ વાત શાસ્ત્રો પ્રમાણે સાચી છે.''

બાળપ્રભુ ઘનશ્યામની વાત સાંભળી સર્વે વૈરાગી બોલ્યા : ''હે ઘનશ્યામ ! તમે તો સાચું કહો છો. એમાં જરા પણ ભૂલ નથી.'' ત્યારે વળી બાળપ્રભુએ કહ્યું : ''સાધુને તો ક્ષમા, દયા, શાંતિ, નિર્માનીપણું, સંતોષ એ આદિક સમગ્ર જે રૂડા ગુણ તેનો સંગ્રહ કરતા શીખવું જોઈએ.'' ત્યારે સર્વે **સભાજનો**એ હા પાડી અને બાળપ્રભુ ઘનશ્યામ મહારાજનું વચન સત્ય છે. તેનું પ્રતિપાદન કરતા બોલ્યા : ''હે સંતો ! તમારા ધર્મ પ્રમાણે આ ઘનશ્યામબાબુએ વાત કરી છે. એમ કરવાથી ત્યાગી સંસાર તરીને માયાનું બંધન તોડીને મહા સુખિયા થાય છે.''

આવી રીતે ઘણીક વાતો કરીને તે સભામાં સર્વે તરફથી સન્માન પામીને ત્યાં થકી ઊઠ્યા. ત્યાં તો તે સર્વે વૈરાગી, વેદિયા, પંડિતો વગેરે બ્રાહ્મણો તે સર્વે પરસ્પર વાતો કરવા લાગ્યા કે, 'આ હરિપ્રસાદ પાંડેના પુત્ર **ઘનશ્યામ બાબુ** તો કોઈક **મોટા ઈશ્વર** છે.' એમ કહીને સર્વે પગે લાગ્યા.

## લીલાચરિત્ર-૩

## મૂર્તિમાન ચારવેદોએ આવીને બાળપ્રભુ ઘનશ્યામની પૂજા કરી

અયોધ્યામાં બાળપ્રભુ ઘનશ્યામે પિતા ધર્મદેવ પાસે વેદ, પુરાણ, જ્યોતિષ, ઈતિહાસ આદિક **ચૌદ વિદ્યાઓ** તથા **ચોસઠ કલાઓ**ને સત્તર દિવસમાં પોતે ભણી લીધી. તે ચરિત્ર જોઈને અયોધ્યાવાસી કેટલાક પંડિત, પુરાણી, શાસ્ત્રીઓ વગેરે વિવેકી ડાહ્યા માણસો સર્વે મનમાં એમ જાણતા હતા કે, આ હરિપ્રસાદ પાંડેના પુત્ર **ઘનશ્યામ** તે કોઈક દેવ છે અને કાં તો ભગવાન છે અથવા **સાક્ષાત્ શ્રીકૃષ્ણ** જ છે. જો એમ ન હોય તો થોડા દિવસમાં આટલી વિદ્યા કોઈ દેવ મનુષ્ય ભણી શકે નહિ. આવી રીતે આખા અયોધ્યા શહેરમાં વાતો ચાલતી હતી.

પોતાના લોકમાં રહેલા **ચાર વેદો** વિચાર કરવા લાગ્યા કે, 'પુરુષોત્તમનારાયણ બાળસ્વરૂપે ચારવેદ ભણ્યા ત્યારે ચારવેદ તો આપણે છીએ, માટે ચાલો આપણે પુરુષોત્તમનારાયણના **બાળસ્વરૂપ**ની **પૂજા** કરવા જઈએ.' એમ વિચારી ચાર વેદોએ બ્રાહ્મણના વેષે આવીને બાળપ્રભુ ઘનશ્યામને પગે લાગીને ચંદન-પુષ્પ વડે પૂજા કરી. પછી તે સર્વે સાથે જમીને ઘરના આંગણામાં લીંબડા તળે ચોતરા ઉપર ચારે વેદે સહિત બાળપ્રભુ ઘનશ્યામ પોઢી ગયા.

બીજે દિવસે પ્રાતઃકાળે પિતા ધર્મદેવ સાથે બાળપ્રભુ ઘનશ્યામ ચારે વેદોને લઈને સરયૂ ગંગામાં રામઘાટે સ્નાન કરીને **હનુમાનગઢી** દર્શન કરવા આવ્યા. ત્યાં એક **પંડિત** વાલ્મીકિ રામાયણની કથા વાંચતા હતા. તેનું ઉચ્ચારણ બરાબર ઠીક ન હોવાથી બાળપ્રભુ ઘનશ્યામે તેને કહ્યું : ''હે પંડિતજી ! તમે અશુદ્ધ કેમ બોલો છો ?'' એમ કહીને હનુમાનજીની પ્રદક્ષિણા કરવા લાગ્યા. તે વખતે પંડિત બાળપ્રભુ ઘનશ્યામની અવજ્ઞા કરીને બોલ્યા : ''બાળક ! તું શાસ્ત્રની વાતમાં હજુ શું જાણે ?'' તે પંડિતની વાત સાંભળી ચાર વેદમાંથી અથર્વવેદ બોલ્યા : ''આવું અભિમાન

સારું નહિ.'' આમ કહ્યું કે તુરત તે પંડિત પોતાના કર્મે કરીને આંધળો થઈ ગયો.

પછી મૂર્તિમાન હનુમાનજીએ આવી બાળપ્રભુ ઘનશ્યામની તથા ચારવેદની ષોડશોપચારે કરીને પૂજા કરી. તે જોઈને વિસ્મય થતા પૂજારીએ કહ્યું : ''હે સ્વામી ! તમે કોની પૂજા કરી ?'' ત્યારે **હનુમાનજી** બોલ્યા : ''આ ઘનશ્યામ મહારાજ અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે અને આ બ્રાહ્મણવેષે મૂર્તિમાન ચાર વેદો છે તેમની **પૂજા** કરી.''

તે સમયમાં એક અંધ થયેલો પંડિત બ્રાહ્મણ આવીને બાળપ્રભુ ઘનશ્યામના ચરણોમાં મસ્તક ઝુકાવી કહે : ''હે મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરો.'' ત્યારે ચારે વેદો બોલ્યા : ''આ પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણનું ભજન કરવાથી સારું થશે.'' ત્યારે તે પંડિત બાળપ્રભુ ઘનશ્યામનું સ્મરણ કરતો થકો ભજન કરવા લાગ્યો આથી તે દેખતો થઈ ગયો.

પછી ચારે વેદોએ બાળપ્રભુ ઘનશ્યામને નમસ્કાર કરી રજા માગીને ચાલવાની તૈયારી કરી ત્યારે બાળપ્રભુએ કહ્યું : ''તમે પાછા સત્સંગમાં આવજો. તે તમારા સચ્ચિદાનંદ મુનિ તથા ઉત્તમાનંદ મુનિ એવા નામ પાડીને અમારી સમીપે રાખીશું.'' એવી રીતની આજ્ઞા પામીને ચારે વેદો અદૃશ્ય થઈ ગયા. આ ચરિત્ર જોઈને ધર્મદેવ તથા બીજા સર્વે જનો આશ્ચર્ય પામ્યા.

## કનક ભુવન

આ કનક ભુવન ભગવાન શ્રીરામચંદ્રજીના સીતાજી સાથે લગ્ન થયા બાદ માતા કૈકેયીએ સીતાજીને ભેટમાં આપ્યો હતો. આ ભુવનમાં મંદિરનું બાંધકામ ઈ.સ. ૧૮૯૧માં ત્રિકમગઢના મહારાણી કૃષ્ણાભાનુએ કરાવ્યું હતું. મંદિરમાં સોનાના સિંહાસનમાં ભગવાન શ્રીરામ અને દેવી સીતાજીની મૂર્તિઓ બિરાજમાન છે. આ મૂર્તિઓને સોનાના આભૂષણોથી શણગારવામાં આવે છે તેથી **'કનક ભુવન'** કહેવાય છે. અહીં બાળપ્રભુ ઘનશ્યામ નિત્ય દર્શન કરવા પધારતા હતા.



## લીલાચરિત્ર-૧

### કનક ભુવનના મહંત તુલસીદાસને સમાધિ કરાવી

એકવખત અયોધ્યામાં ધર્મભક્તિ પોતાના પુત્રોની સાથે જન્માષ્ટમીને દિવસે કનકભુવનના મંદિરમાં ગયા. ત્યાં ઠાકોરજીના દર્શન કરીને પ્રદક્ષિણા કરવા લાગ્યા. તે સમયમાં **તુલસીદાસ** નામે મંદિરના મહંત હતા તેમને બાળપ્રભુ ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી સમાધિ થઈ. **સમાધિમાં** વૈકુંઠધામના અધિપતિ ભગવાન શ્રીરામચંદ્રજી સીતા તથા લક્ષ્મણે સહિત તેજોમય સિંહાસન ઉપર બિરાજમાન જોઈને પરમ આનંદ પામીને પગે લાગ્યા. ત્યારબાદ **વૈકુંઠનાથ** બોલ્યા : ''હે તુલસીદાસ ! આ હરિપ્રસાદ પાંડેના પુત્ર **ઘનશ્યામ મહારાજ** તે તો સાક્ષાત્ અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ છે. અને સર્વ અવતારના નિયંતા છે.'' થોડીવાર પછી વૈરાગી બાળપ્રભુની ઈચ્છાથી સમાધિમાંથી જાગીને બાળપ્રભુ ઘનશ્યામને બે હાથ જોડી પગે લાગ્યા અને ચંદનપુષ્પ વડે પૂજા કરી આરતી ઉતારી. પછી તુલસીદાસ મહંત પોતાના મનમાં પુરુષોત્તમ નારાયણનો **નિશ્ચય** કરીને પ્રગટ પ્રમાણ બાળપ્રભુ ઘનશ્યામ મહારાજનું **ભજન** કરવા લાગ્યા હતા.

## લીલાચરિત્ર-૨

### કનક ભુવનના મહંત શીતલદાસને નિશ્ચય કરાવ્યો

એકવખત બાળપ્રભુ ઘનશ્યામ પોતે એકલા વહેલી સવારે હનુમાનગઢી, જન્મસ્થાન વગેરે મંદિરોમાં દર્શન કરવા જતા હતા. તે પ્રથમ કનક ભુવનના મંદિરમાં દર્શન કરવા ગયા. તે મંદિરના મહંત **શીતલદાસ** નામના સાધુ હતા તે ઠાકોરજીની પ્રસાદીનું ચરણામૃત ઠાકોરજી પાસે બેસીને જે જે લોકો દર્શન કરવા આવે તે બધાને પાત્રમાંથી આચમની ભરીને આપતા હતા.

તે સમયે બહુ માણસોની ભીડને લીધે બાળપ્રભુ ઘનશ્યામ છેટે ઊભા રહ્યા હતા. તે જ્યારે ભીડ ઓછી થઈ ત્યારે ઠાકોરજી પાસે જઈને દર્શન કર્યા. ત્યારે મહંત બોલ્યા : ''હે ઘનશ્યામ ! ઠાકોરજીનું **ચરણામૃત** લો.'' ત્યારે ઠાકોરજીનું અપમાન ન કરવું એમ જાણીને પોતે તે ચરણામૃત હાથમાં લઈને એકાંત જગ્યાએ જઈને નાખી દીધું. એટલે તે

જોઈને મહંત એકદમ ગુસ્સો કરીને બોલ્યા : "ઘનશ્યામ ! એ ચરણામૃતને કેમ તમે ઢોળી નાખ્યું?"

ત્યારે બાળપ્રભુ ઘનશ્યામે કહ્યું : "મહંતજી ! આ ચરણામૃત તમે સર્વેને આપો છો તો ખરા પણ તમે એ પાત્રને કેટલાક દિવસથી માંજ્યું નથી અને કેટલાય દિવસનું વાસી ચરણામૃત ભેગું કર્યું છે. તેની પ્રથમ તો ખબર કાઢીને અંદર જુઓ." એમ કહ્યું એટલે મહંતજીએ પાત્રને ઉઘાડીને જુએ તો ઘણા જીવજંતુઓ પડ્યા હતા. તેને જોઈને મહંત પોતાના સેવક ઉપર ક્રોધ કરીને મારવા એકદમ ઊભા થયા. તેને બાળપ્રભુએ રોકીને પાછા બેસારીને બોલ્યા : "મહંતજી ! તમારું નામ શીતલદાસ છે માટે **શાંતિ** રાખો." એમ કહીને મહંતને શાંત પમાડ્યા.


પછી મહંતજીએ બાળપ્રભુ ઘનશ્યામને પ્રેમપૂર્વક પોતાની પાસે આસન ઉપર બેસાડીને બોલ્યા : "હે ઘનશ્યામ ! આ વાત તમે જણાવી તે બહુ સારું કર્યું. નહિ તો અમારું ખોટું દેખાત. પરંતુ તમે અંતર્યામીપણે જાણીને આ વાત મને કહી. માટે તમે **સાક્ષાત્ શ્રીરામચંદ્રજી** છો." એમ કહીને પોતાના અપરાધ ક્ષમા કરો એવી **પ્રાર્થના** કરી વિનંતીપૂર્વક પગે લાગ્યા.

## રત્નસિંહાસન (દશરથ મહેલ)

અહીં મહારાજા દશરથનો મહેલ અને રાજગાદી હતી. હાલમાં રત્નસિંહાસન ઉપર ભગવાન શ્રી રામચંદ્રજી સહિત ચારે ભાઈઓની સીતાજી સાથે મૂર્તિઓ બિરાજમાન છે. અહીં બાળપ્રભુ ઘનશ્યામ **નિત્ય દર્શન** કરવા પધારતા હતા.

### લીલાચરિત્ર

### બાળપ્રભુ ઘનશ્યામે અભિમાની મલ્લોના કાંડા ભાંગી નાંખ્યા



એકવખત બાળપ્રભુ **ઘનશ્યામ** રત્નસિંહાસન મંદિરે દર્શન કરવા આવ્યા હતા. અહીં એક **ભારે મદોન્મત્ત** મલ્લ પોતાને પગે મોટી બાર હાથની સાંકળ બાંધીને તેને તાણતો ચાલ્યો જતો રસ્તામાં સામે મળ્યો. ત્યારે બાળપ્રભુ ઘનશ્યામ તેની પાછળ જઈ સાંકળ ઉપર પગ મેલીને તે મલ્લને હચમચાવી ઊભો રાખ્યો. ત્યારે તે **મલ્લ** બાળપ્રભુને મારવા માટે પાછો વળ્યો એટલે બાળપ્રભુ દૂર નાસી ગયા.

આ પ્રમાણે દરરોજ બાળપ્રભુ ઘનશ્યામ રત્નસિંહાસન મંદિરના દર્શન કરીને તે મલ્લને સામા આવી ઊભા રહીને પોતાના ખંભા થાબડવા લાગે. એકદિવસ આ રીતે બાળપ્રભુ ઘનશ્યામ મલ્લની સામે આવીને ઊભા રહ્યા. ત્યારે તે મલ્લ રીસ ચડાવી બોલ્યો : "આજ આ છોકરો મારી સામે લાગમાં આવ્યો છે તેથી એને હું મારી નાખીશ." એમ કહીને તે મલ્લ બાળપ્રભુ ઘનશ્યામની પાસે આવ્યો. ત્યારે બાળપ્રભુએ તે મલ્લના બે હાથ કાંડેથી પકડી લીધા ને ઊંચો ઉપાડ્યો તેથી તેના બંને હાથના કાંડા ભાંગી ગયા.

પછી તે મલ્લ બૂમો પાડવા લાગ્યો : "અરે ! આ ઘનશ્યામે મારા કાંડા ભાંગી નાખ્યાં." તે સાંભળીને **રસ્તે જનારા લોકો** કહે : "અરે, ભલામાણસ ! તું તો મોટો કસરતી પહેલવાન મલ્લ છે ને આ ઘનશ્યામ તો નાનો છોકરો છે તે શું તારા કાંડા ભાંગે ? માટે તું તો જુઠું બોલે છે." એવી રીતે બાળપ્રભુ ઘનશ્યામે તે મલ્લને પોતાનો **પ્રતાપ** જણાવ્યો તે વાત મલ્લે રામપ્રતાપભાઈને કહી કે, "તમારા ઘનશ્યામે મારા બંને હાથના કાંડા ભાંગી નાંખ્યા."

ત્યારે રામપ્રતાપભાઈએ તે મલ્લને કહ્યું : "એ ઘનશ્યામ તો છોટા હે ને તુમ તો બડા હો, માટે તુમ જુઠું બોલતે હો." આ રીતે મલ્લની વાત કોઈએ સાચી માની નહિ એટલે બધા મલ્લોને બાળપ્રભુ ઘનશ્યામ ઉપર **રીસ** ચડી ને **વિચાર** કર્યો કે, 'તે બળવાન હશે તો આપણને મારશે, નહિ તો આપણે તેને મારવો.' આમ વિચારી બધા મલ્લોએ બાળપ્રભુ ઘનશ્યામને મારવાનું નક્કી કર્યું.

એકદિવસ **સરયૂ નદીને કિનારે** સર્વે મલ્લો જાંબુ ખાવા ગયા હતા. ત્યારે બાળપ્રભુ ઘનશ્યામ પણ પોતાના મિત્રોને સાથે લઈને ત્યાં જ જાંબુડા ખાવા ગયા. ત્યારે તે બધા મલ્લો જાંબુડાના વૃક્ષ પર ચડ્યા હતા. તેમને બાળપ્રભુ ઘનશ્યામે કહ્યું : "અમને જાંબુડા આપો." ત્યારે બધા મલ્લો કહે : "ઊભો રહે તને જાંબુડા આપીએ. આજ ઠીક લાગમાં આવ્યો છે."

પછી બાળપ્રભુ ઘનશ્યામે તેમના જાંબુડા નીચે ટોપલામાં હતા તે વેરી નાખીને મિત્રોને જમાડવા લાગ્યા. તે જોઈને બધા મલ્લોને બહુ ક્રોધ ચડ્યો ને બાળપ્રભુ ઘનશ્યામને

મારવા સારુ સર્વે નીચે ઊતરવા લાગ્યા. ત્યારે જેટલા જાંબુડાના વૃક્ષ હતા તેટલા સ્વરૂપે થઈને બાળપ્રભુ ઘનશ્યામે તે બધા વૃક્ષ હલાવ્યા તેથી બધા મલ્લ જેમ વાંદરા પડે તેમ નીચે પડ્યા. તે કોઈના હાથ ભાંગી ગયા ને કોઈનું માથું ભાંગ્યું ને કોઈનો પગ ભાંગી ગયો. બધા મલ્લોને ખાટલામાં નાખીને ઘેર પહોંચાડ્યા. ત્યારે રસ્તામાં લોકો પૂછતા હતા કે, ''શું થયું ?'' ત્યારે તે મલ્લો કહે : ''ઘનશ્યામે જાંબુડાના થડ હલાવ્યાં તેથી અમે બધા નીચે પડી ગયા ને અમને વાગ્યું.'' પરંતુ કોઈએ તેની વાતને સાચી માની નહિ. આ રીતે બાળપ્રભુ ઘનશ્યામે પોતાનું ઐશ્વર્ય જણાવી અભિમાની સર્વે મલ્લોનો ગર્વ ઊતાર્યો.



## શ્રીરામ જન્મભૂમિ

મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામચંદ્રજીનું પ્રાગટ્ય માતા કૌશલ્યા થકી આ સ્થાનમાં થયું હતું. જેને આજે **'શ્રીરામ જન્મભૂમિ'** તરીકે ઓળખવામાં આવે છે. ૨૧૦૦ વર્ષ પૂર્વે રાજા વિક્રમાદિત્યે ૮૪ થાંભલા યુક્ત **મંદિર**નું નિર્માણકાર્ય કરાવ્યું હતું. પરંતુ કાળાંતરે તે મંદિર ધ્વંસ થઈ ગયું છે. અહીં બાળપ્રભુ ઘનશ્યામ નિત્ય દર્શન કરવા પધારતા હતા.

### લીલાચરિત્ર

### જન્મસ્થાનકે બે સ્વરૂપે દર્શન આપ્યા અને પૂજારીએ બાળપ્રભુ ઘનશ્યામની પૂજા કરી.

અયોધ્યામાં એકદિવસ શ્રીરામ જન્મભૂમિમાં દર્શન કરવા **ધર્મભક્તિ** પોતાના પુત્રોને લઈ ગયા. તે વખતે પારણામાં રામ-લક્ષ્મણની બે નાની મૂર્તિઓ પધરાવી પૂજારી ઝુલાવતા હતા, તેના દર્શન કરવા બાળપ્રભુ ઘનશ્યામ સહિત ધર્મભક્તિ પણ ગયા. એટલે પારણામાં બેઠા થકા ઠાકોરજી પોતાના બે હાથે બાળપ્રભુ **ઘનશ્યામ**ને ઝાલીને કહેવા લાગ્યા : ''હે કૃપાનાથ ! તમે આ પારણામાં પધારો.'' ત્યારે બાળપ્રભુ ઘનશ્યામ **બીજું રૂપ** ધારણ કરીને તે પારણામાં બેઠા. અને એક સ્વરૂપે ભક્તિમાતાની પાસે ઊભેલા છે. આવું **ઐશ્વર્ય** જોઈને પૂજારી તો વિસ્મય પામી ગયા.

તે સમયે કેટલાક બીજા પુરજનો દર્શન કરવા આવ્યા હતા તે સર્વેને દેખતા પૂજારી પ્રત્યે **ઠાકોરજીની પ્રતિમા** બોલી : ''હે પૂજારી ! આ ઘનશ્યામ મહારાજ તો અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ છે અને આ એમના માતા-પિતા તે તો ધર્મ ને ભક્તિ છે. તેઓ કરુણા કરીને આ લોકમાં સર્વે જીવોનું કલ્યાણ કરવા પધાર્યા છે. માટે તમે દર્શન-પૂજન આદિ જે જે સેવા કરવી હોય તે કરો.''

પોતાના ઈષ્ટદેવનું આવું **અલૌકિક વચન** સાંભળીને આનંદ પામતા પૂજારીએ ચંદન-પુષ્પ વડે બાળપ્રભુ ઘનશ્યામની પૂજા કરીને ભારે ભારે વસ્ત્ર-અલંકારો પહેરાવ્યા. ત્યારબાદ પોતાના હાથમાં કરતાલ આદિ વાજિંત્ર લઈને ઊભા થઈને નૃત્ય સાથે વગાડવા લાગ્યા. પૂજારીને પ્રેમમગ્ન જોઈને બાળપ્રભુ ઘનશ્યામે પ્રસન્ન થઈને પારણિયાની મૂર્તિમાંથી નીચે ઊતરીને પોતાની **પ્રસાદી**નો **હાર** પૂજારીને આપ્યો.

આવી રીતે પૂજારીએ બાળપ્રભુને પ્રસન્ન કર્યા. થોડીવાર થઈ ત્યાં તો સર્વે માણસોને દેખતાં થકા **હનુમાનજી** બ્રાહ્મણના વેષે આવીને બાળપ્રભુ ઘનશ્યામને પગે લાગીને એક મોટો **પુષ્પનો હાર** પહેરાવીને મંદિરની પ્રદક્ષિણા કરવા લાગ્યા. પછી ધર્મ-ભક્તિ-બાળપ્રભુ ઘનશ્યામ પોતાના ઘેર આવ્યા.

❈ **સીતાકૂપ :** શ્રીરામ જન્મભૂમિ પરિસરમાં જ મહારાજા દશરથના રાણીવાસનો આ કૂવો છે.

❈ **સીતા રસોઇઘર :** શ્રીરામ જન્મભૂમિ પરિસરમાં જ ભગવાન શ્રી રામચંદ્રજી અને સીતાજીના લગ્ન પછી સીતાજીએ આખા કુટુંબ માટે અહીં પ્રથમવાર રસોઈ બનાવી હતી.

❈ **રામગલોલા સ્વામી આશ્રમ :** શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું સૌપ્રથમ મંદિર અમદાવાદ કાલુપુર મંદિરનું નિર્માણકાર્ય જેમની દેખરેખ હેઠળ થયું છે એવા સ.ગુ. શ્રી આનંદાનંદ સ્વામીનો અહીં આશ્રમ હતો. આ આશ્રમ શ્રીરામ જન્મભૂમિના પ્રવેશદ્વાર પાસે જ છે.

## સુગ્રીવ ટીલા

હનુમાનગઢીવાળા રોડ ઉપર રામગલોલા સ્વામી આશ્રમની બાજુમાં **સુગ્રીવ ટીલા** આવેલું છે. અહીં સુગ્રીવજીનું મંદિર છે. અહીં બાળપ્રભુ ઘનશ્યામ દર્શન કરવા પધારતા હતા.

અનુસંધાન પેજ નં. ૪૩ ઉપર



# સરયૂ નદી કિનારે આવેલા પ્રાસાદિક સ્થળો

## સરયૂ નદી

ઉત્તરપ્રદેશ રાજ્યના અયોધ્યામાં **સરયૂ નદી** ભારતની પ્રાચીન નદીઓ પૈકીની એક છે. 'ઘોઘરા', 'શારદા' અને 'સરજુ'વગેરે નામોથી પણ સરયૂ નદી ઓળખાય છે. હિમાલયમાંથી નીકળીને ઉત્તરભારતમાં વહેતી ગંગા નદીમાં બિહાર રાજ્યમાં છપરા અને બલિયાની વચ્ચે આ સરયૂ નદી ભળી જાય છે. જ્યાંથી કાળી નદી નામથી ઓળખાય છે અને જે ઉત્તરાખંડ તેમજ નેપાળની સરહદ સુધી પહોંચે છે.

કાલિદાસ કૃત મહાકાવ્ય 'રઘુવંશ'માં ભગવાન શ્રીરામે સરયૂ નદીને **માતા સમાન પૂજ્ય** કહી છે. રાજા દશરથ વગેરે અયોધ્યાના રાજાઓએ આ સરયૂતટે અનેકાનેક વખત મહાયજ્ઞો કર્યા હતા. વિદ્વાનોનું મંતવ્ય છે કે, ભગવાન શ્રીરામ તથા લક્ષ્મણજી વગેરેએ આ સરયૂ નદીમાં **જળસમાધિ** લીધી હતી.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે બાળસ્વરૂપ ઘનશ્યામરૂપે અયોધ્યામાં નિવાસ દરમ્યાન ધર્મદેવ, ભક્તિમાતા વગેરે સંબંધીજનો તથા બાળમિત્રો સાથે અનેકવખત આ સરયૂ નદીમાં સ્નાન કરી **જળક્રીડાઓ** કરી છે.

### લીલાચરિત્ર-૧

**સ્વયં સરયૂ નદીએ બાળપ્રભુ ઘનશ્યામની પૂજા કરી**

એકવખત અયોધ્યામાં રામપ્રતાપભાઈ ધર્મદેવે સહિત બાળપ્રભુ ઘનશ્યામને સાથે લઈને એકાદશીના દિવસે સરયૂ નદીમાં સ્નાન કરવા આવ્યા. ત્યારે બ્રાહ્મણના પરથારે જળમાં સ્નાન કરી કપડાં પહેરતા હતા. તે સમયે સરયૂ પોતે સ્ત્રીના વેષે સોળે શણગાર ધારણ કરીને પોતાના હાથમાં પુષ્પની માળા તથા કુમકુમનો ડાબલો લઈને પોતે જળ થકી બહાર આવ્યા. બાળપ્રભુ ઘનશ્યામને પગે લાગીને ભાલમાં કુંકુમનો ચાંદલો કરી, પુષ્પનો હાર પહેરાવી પાછા જળમાં પ્રવેશી ગયા. આ ચરિત્ર જોઈ સરયૂ નદીમાં સ્નાન કરવા આવેલા પુરજનો અને યાત્રિકો આશ્ચર્ય પામ્યા.

### લીલાચરિત્ર-૨

**અસુર ભવાનીદત્તે બાળપ્રભુ ઘનશ્યામને મિત્રો સહિત સરયૂ નદીમાં ફેંકી દીધા**

એકવખત અયોધ્યામાં બાળપ્રભુ **ઘનશ્યામ** પોતાના સખા કેસરીસિંહ, માનસિંહ, દિલ્લીસિંહ તથા

ગંગાવિષ્ણુ આદિક બીજા કેટલાક સખાઓને સાથે લઈને રમતા રમતા સરયૂ નદીના રામઘાટે આવ્યા. નદીમાં પાણી ઘણું આવ્યું હતું તેથી કિનારા ઉપર જઈને ઊભા રહીને પૂરને જોતા હતા. તે સમયે દુષ્ટિ બુદ્ધિવાળો **ભવાનીદત્ત** નામનો એક પૂર્વનો અસુર બાળપ્રભુ ઘનશ્યામને મારવાના ઈરાદાથી ત્યાં આવ્યો. તે સમયે બાળપ્રભુ ઘનશ્યામ કેસરીસિંહ તથા માનસિંહ વચ્ચે ઊભા રહ્યા અને બે સખાના ખભા ઉપર એક-એક હાથ મૂકીને પૂર જોતા હતા ત્યારે પાછળથી આવીને કોઈ ન જાણે તેમ ભવાનીદત્તે બાળપ્રભુ ઘનશ્યામને બંને સખાઓ સહિત ધક્કો માર્યો કે તરત ત્રણે જણ પાણીમાં પડી ગયા.

તે વખતે કેસરીસિંહ અને માનસિંહ તો પાણીમાં ડૂબવા લાગ્યા. તેમને પોતાના બે ખભા ઉપર બેસારીને બાળપ્રભુ ઘનશ્યામ તો પ્રવાહમાં તરતા તરતા એમ ને એમ ચાલ્યા, તે ચાર ગાઉ બીલ્વા બજારે જઈને નીકળ્યા. ત્યાં પૂર જોવા આવેલા હજારો માણસો તે પાણીના પૂરમાં આવેલા ત્રણે જણને જોઈને અતિ વિસ્મય પામીને પૂછવા લાગ્યા : "હે બાળકો ! તમે કોના પુત્ર છો ? આવા ભયંકર પૂરમાં મગર આદિક કોઈ જનાવર તમને પકડીને ખાઈ જાત અથવા તો આવા પાણીમાં ડૂબી મરત. આ તો ભગવાને તમારી રક્ષા કરી." ત્યારે બાળપ્રભુ ઘનશ્યામે વિસ્તારપૂર્વક વાત સર્વે જનોને કહી.

તે સાંભળીને આશ્ચર્ય પામતા **પુરજનો** બોલવા લાગ્યા : "અહો ! આ ઘનશ્યામ તો સાક્ષાત્ ઈશ્વરનો અવતાર છે. આવા ભયંકર પૂરમાં ચારગાઉથી આવ્યા !!" એમ કહીને સર્વે લોકો બાળપ્રભુ ઘનશ્યામને પગે લાગ્યા.

ત્યારપછી બાળપ્રભુ ઘનશ્યામે બંને મિત્રોને કહ્યું : "હે ભાઈઓ ! આપણા મિત્રો શ્યામલાલ વગેરે ત્યાં ઊભા છે તે દુઃખી થઈને ઘેર જઈને આપણા માતા-પિતાને વાત કરશે. તેથી સહુ આપણી વાત સાંભળીને બહુ દુઃખી થશે માટે આપણે હવે અહીંથી ઉતાવળા ચાલીએ." ત્યારે **કેસરીસિંહ** બોલ્યા : "આપણે સરયૂ નદી કેમ ઊતરશું ?" ત્યારે **બાળપ્રભુ** કહે : "અરે મિત્ર ! આ મહાપૂરમાં આપણે કેમ જીવતા નીકળ્યા ? માટે જેણે જીવતા રાખ્યા છે તે જ પાર ઉતારશે. ચાલો, મારી પાછળ આવો. તમે બિલકુલ ડર રાખશો નહિ." એમ કહીને બાળપ્રભુ ઘનશ્યામ પોતે આગળ ચાલ્યા અને બંને મિત્રો પાછળ ચાલવા લાગ્યા. તે સામા કિનારે જેમ પૃથ્વી ઉપર ચાલે તેમ પાણી ઉપર ચાલી રામઘાટે આવ્યા.

રામઘાટે ધર્મભક્તિ, સુવાસિનીબાઈ તથા કેસરીસિંહ આદિકના માતાપિતા સર્વે દુઃખી થતા હતા. તે વખતે ત્રણે જણ ત્યાં આવીને ઊભા રહ્યા. ત્યારે તેમને જોઈને માતાપિતા આદિક સહુ રાજી થયા અને વ્હાલથી મસ્તક ઉપર હાથ ફેરવીને કહ્યું : "બેટા ! અમને તો તમારી ઘણી ચિંતા થતી હતી. તમે આવા ભયંકર પાણીના પૂરમાંથી શી રીતે આવ્યા ?" ત્યારે કેસરીસિંહે તે વૃત્તાંતની વાત વિસ્તારથી કહી. તે સાંભળીને સર્વે આશ્ચર્ય પામતા થકા પોતપોતાના ઘેર ગયા.

આ વાતની આખા શહેરમાં એકબીજાના કહેવાથી એવી વાત ચાલી કે, ભવાનીદત્તે આ ત્રણે બાળકોને નદીના પૂરમાં નાખી દીધા હતા, પરંતુ તેમની ભગવાને રક્ષા કરી. આવું સાંભળી અયોધ્યાના રાજા દર્શનસિંહ ઉતાવળા થકા ધર્મદેવના ઘેર આવીને તે વૃત્તાંતની વાર્તા બાળપ્રભુ ઘનશ્યામ મહારાજને પૂછવા લાગ્યા : "તમને કોણે પાણીમાં નાખી દીધા ?" ત્યારે બાળપ્રભુએ તેમને વિસ્તારપૂર્વક તે વાર્તા કહી. તેથી રાજા દર્શનસિંહે ભવાનીદત્તને શિક્ષા કરી.

**લીલાચરિત્ર-૩**

## સુવાસિનીભાભીએ સરયૂ નદીને વધાવી પોતાનું પતિવ્રતાપણું સિદ્ધ કર્યું



એકદિવસ સરયૂ નદીમાં પાણીનું પૂર આવ્યું હતું. તેથી **સ્વર્ગદ્વારી** તણાવા માંડી. ત્યારે અયોધ્યાના રાજા દર્શનસિંહ સરયૂ નદીની પ્રદક્ષિણા કરીને શ્રીફળ અને ચુંદડીથી વધાવતા હતા, પરંતુ પાણી કાંઈ પાછું હઠ્યું નહિ ને વધારે જોર કરીને ચઢવા લાગ્યું. તે ઘણા ઉપાયો કર્યા પણ પાણી જરાપણ હઠે નહિ. પછી રાજા આદિક સર્વે લોકો અકળાવા લાગ્યા.

ત્યારે દર્શનસિંહ રાજાના ગોર બોલ્યા : ''હે રાજન્ ! આ સરયૂ નદીને **પતિવ્રતા સ્ત્રી** હોય તે વધાવે તો તત્કાળ પાણી પાછું હઠી જાય.'' તેવું સાંભળીને રાજાએ પોતાના શહેરમાં પતિવ્રતા સ્ત્રીની શોધ કરાવી. પરંતુ કોઈ સ્ત્રીને પતિવ્રતાપણાની હિંમત ચાલી નહિ. તે વાત જાણીને **સુવાસિનીબાઈ** ભક્તિમાતા તથા બાળપ્રભુ ઘનશ્યામને સાથે લઈને રામઘાટે ગયા. ત્યાં જઈ સુવાસિનીબાઈએ પોતાના હાથમાં શ્રીફળ લઈને પાણીની સમીપે બેસીને સરયૂગંગાને કહ્યું : ''હે દેવી ! મારું પતિવ્રતાપણું સાચું હોય તો આ પાણીનું પૂર પાછું હઠી જાઓ.'' એમ કહીને શ્રીફળ પાણીમાં નાખીને બે હાથ જોડીને પગે લાગ્યા કે તરત પાણી ઓછું થવા લાગ્યું.

આવું ચરિત્ર જોઈ અયોધ્યાવાસીઓ રાજા દર્શનસિંહ પાસે જઈને વધામણી આપી કે, 'છપૈયાથી આવેલા ધર્મદેવના મોટા પુત્ર રામપ્રતાપજીના પત્નીએ સરયૂ નદીને વધાવવાથી પાણી પાછું હઠ્યું.' તે સાંભળીને રાજાએ ખૂબ પ્રસન્ન થઈને સુવાસિનીબાઈને પોતાના દરબારમાં પધરાવીને ઘણી પ્રશંસા કરીને પગે લાગી રાણી દ્વારા વસ્ત્ર-અલંકારો આપી પૂજન કર્યું.

પછી ઘેર આવી ભક્તિમાતાએ બાળપ્રભુને તે વાત કરી. ત્યારે બાળપ્રભુ ઘનશ્યામે કહ્યું : ''એ તો સાક્ષાત્ રેવતીજીનો અવતાર છે.'' આવું સાંભળીને સર્વે વિસ્મય પામ્યાં.

### લીલાચરિત્ર-૪

## છપૈયાવાસીઓને પથ્થરની શિલા ઉપર બેસાડી સરયૂ નદી પાર ઉતાર્યા

એકવખત ચૈત્ર સુદી સાતમના દિવસે ધર્મદેવ, ભક્તિમાતા, બાળપ્રભુ ઘનશ્યામ, સુવાસિનીબાઈ તથા મોતી તરવાડી આદિક પુરવાસીજનો અયોધ્યામાં રામનવમીના મેળામાં જતા હતા. તે સમયે સરયૂ નદીના કિનારે આવીને વહાણમાં બેસવા માટે ગયા. એટલે મોટા મેળાને કારણે વહાણમાં ઘણી ભીડ થઈ હતી. તે જોઈને ધર્મદેવે નાવિકને કહ્યું : ''ભાઈ ! અમારા ગામના ઘણા માણસો છે. માટે અમને એક સ્વતંત્ર વહાણમાં બેસાડીને લઈ જાઓ.'' ત્યારે તે નાવિક




કહે : ''આગવું વહાણ જોઈતું હશે તો આખા વહાણથી સવાયા પૈસા લાગશે.''

તેવું સાંભળીને ધર્મદેવ વિચાર કરે છે એટલામાં તો બાળપ્રભુ **ઘનશ્યામ** પોતાના પિતાનો સંકલ્પ અંતર્યામીપણે જાણીને બોલ્યા : ''હે દાદા ! તમે એના વહાણની આશા શા માટે રાખો છો ! એ ન બેસાડે તો તેનું નાવ ભલે પડ્યું રહ્યું. તમે સર્વે માણસોને લઈને અહીં આવો.'' એમ કહીને સર્વેને સાથે લઈને થોડેક દૂર અયોધ્યાના રાજા દર્શનસિંહે મંગાવેલી પથ્થરની મોટી શિલાઓ પડી હતી ત્યાં જઈને બાળપ્રભુએ કહ્યું : ''પિતાજી ! તમે સર્વે આ પથ્થરની શિલાઓ ઉપર બેસો. હું તમને સરયૂ નદીની સામે પાર ઉતારી દઉં.'' તેવું સાંભળીને સર્વે જન વિશ્વાસ લાવીને તે શિલાઓ ઉપર બેઠા અને બાળપ્રભુ ઘનશ્યામ પોતે એક શિલા ઉપર રામપ્રતાપભાઈ સહિત બેઠા.

પછી પોતાના હાથે શિલાનો સ્પર્શ કર્યો એટલે સર્વે **પથ્થરની શિલાઓ** પાણીમાં તરવા લાગી ને સામા કિનારે ઉતારી દીધા. તે વખતે બંને બાજુ કિનારે હજારો યાત્રિકો અને પુરવાસીઓ આ જોઈને 'આ બાળક તો **સાક્ષાત્ રામચંદ્રજી** છે, આવું કામ બીજાથી થાય નહિ' એમ માનીને આશ્ચર્ય પામી બાળપ્રભુ ઘનશ્યામને પગે લાગ્યા અને તેઓને **ભગવાનપણાનો નિશ્ચય** થયો.

બાળપ્રભુ ઘનશ્યામ પિતા ધર્મદેવ આદિક સાથે સ્નાન કરીને બરહટ્ટા બજારમાં આવીને પોતાના નિવાસસ્થાને ઉતારો કર્યો. પછી જન્મસ્થાન, કનકભુવન, લક્ષ્મણઘાટ, કૌશલ્યાઘાટ, ગુપ્તઘાટ, રામઘાટ, સૂર્યકુંડ આદિક સર્વે તીર્થસ્થાનોના દર્શન કર્યા. આ રીતે અયોધ્યામાં પાંચ દિવસ સુધી નિવાસ કરીને પાછા છપૈયા આવ્યા.



## લીલાચરિત્ર-૫

### સરયૂ નદીમાં ગયાદત્ત અસુરનો નાશ કર્યો

એકવાર બાળપ્રભુ **ઘનશ્યામ** માતાપિતા તથા મોટાભાઈની સાથે સોમવતી અમાસે સરયૂ નદીમાં રામઘાટે સ્નાન કરવા ગયા હતા. ત્યાં એક ભયંકર પાપી **ગયાદત્ત** નામનો અસુર બાળપ્રભુ ઘનશ્યામને મારવાના ઈરાદાથી મગરનું રૂપ લઈને જળમાં સંતાઈ ગયો. બાળપ્રભુ ઘનશ્યામે વસ્ત્રો કિનારા પર મૂક્યાં અને સ્નાન કરવા માટે જ્યાં જળમાં પ્રવેશ કર્યો ત્યાં ગયાદત્ત અસુરે પકડી લીધા અને જળમાં ઊંડે લઈ ગયો. માતાપિતા ખૂબ વિલાપ કરવા લાગ્યાં. મોટાભાઈ રામપ્રતાપજી પણ શોકાતુર બની ગયા. તે વખતે સ્નાન કરવા માટે આવેલા હજારો મનુષ્યો પણ ખૂબ શોક કરવા લાગ્યા.

થોડીવાર થઈ એટલે બાળપ્રભુ ઘનશ્યામ મગરને પકડીને જળ ઉપર લઈ આવ્યા અને પોતે તેની ઉપર બેસી ગયા. આ જોઈ બધા ખૂબ આશ્ચર્યચકિત થઈ ગયા. બાળપ્રભુ તેને એક આંચકો મારી કિનારે લાવ્યા. ત્યાં તો શેષનારાયણ રૂપ મોટાભાઈ રામપ્રતાપજીએ તે પકડેલા મગરરૂપ અસુરની સમીપે જઈને તેના મસ્તક ઉપર પોતાનો ડાબો પગ મૂક્યો. એટલે અસુરે પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કરી દીધું. મોટાભાઈ સાથે યુદ્ધ થયું. એમાં મોટાભાઈએ અસુરના પગ પકડી ગોળ ગોળ ફેરવીને પછાડ્યો. એટલે ત્યાં ને ત્યાં મૃત્યું પામ્યો. આવો ભયંકર અસુર જોઈને લોકો બોલવા લાગ્યા કે 'સારું થયું ઘનશ્યામ મહારાજના પ્રતાપે આ અસુર મૃત્યુ પામ્યો, નહિતર આ અસુર તો કેટલાયને મારી નાખત.' એમ કહી બાળપ્રભુ ઘનશ્યામને ભગવાન જાણી સૌ કોઈ પગે લાગ્યા.

## રામઘાટ

સરયૂ નદીના કિનારે આ **રામઘાટ** આવેલ છે. જેમ હરિદ્વારમાં 'હર કી પૈડી' પ્રસિદ્ધ છે તેવી જ રીતે અયોધ્યામાં આ સ્થાન **'રામ કી પૈડી'** તરીકે પ્રસિદ્ધ છે. અયોધ્યા તીર્થયાત્રા કરવા આવતા **દરેક યાત્રિકો** અહીં સ્નાન કરી ધન્યતા અનુભવે છે. તેમજ રામનવમીના પવિત્ર દિવસે વિશ્વમાં લાખોની સંખ્યામાં યાત્રાળુ ભક્તો આવી આ રામઘાટે એક ડૂબકી મારી પોતાના જીવનની **ધન્ય ઘડી** સમજે છે. અહીં બાળપ્રભુ **ઘનશ્યામ** પોતાના સખાઓ સાથે નિત્ય વહેલી સવારે આવી **સ્નાન** કરતા હતા.

## લીલાચરિત્ર-૧

### વિદ્યાર્થીઓને અનેક અવતારો રૂપે દર્શન આપ્યા

એક દિવસ બાળપ્રભુ ઘનશ્યામ કેટલાક પોતાના વિદ્યાર્થી મિત્રોને સાથે સરયૂ નદી કિનારે રામઘાટે કદમના વૃક્ષ નીચે સભા કરીને બિરાજ્યા હતા. વિદ્યાર્થીઓ બાળપ્રભુ ઘનશ્યામને **પ્રશ્ન** પૂછતા હતા અને બાળપ્રભુ તેના **ઉત્તરો** આપતા હતા. આ રીતે ઘણીવાર સુધી પ્રશ્નોત્તરી ચાલી તેમાં ઘણોસમય થઈ ગયો.

આ પ્રશ્નોત્તરી પૂર્ણ થયા પછી બાળપ્રભુ ઘનશ્યામને પોતાના વિદ્યાર્થી મિત્રોને અદ્‌ભુત **અલૌકિક ઐશ્વર્ય** બતાવવાની ઈચ્છા થઈ. બાળપ્રભુ ઘનશ્યામની ઈચ્છાથી બધા વિદ્યાર્થીઓને બાળપ્રભુ ઘનશ્યામે જુદાં જુદાં સ્વરૂપે દર્શન આપ્યા.

કોઈને રામ-લક્ષ્મણજી રૂપે, તો કોઈકને શ્રીકૃષ્ણ સ્વરૂપે, કોઈકને નરસિંહ સ્વરૂપે, તો કોઈકને વામનરૂપે અને કોઈકને શિવજીરૂપે દર્શન થયા. આમ, તમામ વિદ્યાર્થીઓને સરયૂ નદીના રામઘાટે જુદાં જુદાં અવતારરૂપે દર્શન થયા.

**કોઈ દેખે છે રામને રૂપે, કોઈ દેખે છે કૃષ્ણ સ્વરૂપે;**
**કોઈ વામન પરશુરામ, દેખે વરાહ ને નૃસિંહ શ્યામ.**
**હંસ ને હયગ્રીવ ઉરમાં કોઈ, દેખીને જન વિસ્મય હોય;**
**ચંદ્ર સૂર્ય ને ત્રિપુરાર, એવા ભાસે છે ધર્મકુમાર.**
**કોઈ કહે નરવીર છે એજ, જોને કેવું ઝળકે છે તેજ.**

(શ્રીઘનશ્યામલીલામૃતસાગર : ૬૪)

આ રીતે બાળપ્રભુ ઘનશ્યામે પોતાને વિષે **અલૌકિકભાવ** બધા વિદ્યાર્થીઓને દેખાડીને ઘેર આવ્યા ત્યારે તે અલૌકિક ઐશ્વર્યની વાત વિદ્યાર્થીઓએ ભક્તિમાતાને કહી. પછી પોતપોતાને ઘેર ગયા.

## લીલાચરિત્ર-૨

## મલ્લોને પરાજીત કર્યા

અયોધ્યામાં રોજ સાંજે બાળપ્રભુ **ઘનશ્યામ** કેસરીસંગ અને બીજા બાળમિત્રો સાથે રામઘાટ પર કુસ્તીના દાવ રમે. એક દિવસ સવારે બાળપ્રભુ ઘનશ્યામ કેસરીસંગ સાથે મલ્લકુસ્તી કરતા હતા. તેવામાં નેપાળનો **મહાબલી** નામનો મલ્લ ત્યાં આવ્યો. મહાબલી શરીરે તગડો અને ઊંચો પહેલવાન. મહાબલીએ કેટલાય પહેલવાનોને હરાવ્યા હતા.

બાળપ્રભુ ઘનશ્યામને કુસ્તીના દાવ રમતા જોઈ મહાબલી હસવા લાગ્યો. તેથી બાળપ્રભુ ઘનશ્યામે દસ હજાર હાથી જેટલું બળ પોતાનામાં બતાવીને મહાબલીને હરાવ્યો. આ વાતની અયોધ્યામાં અને આજુબાજુનાં ગામોમાં ખબર પડી. બાળપ્રભુ ઘનશ્યામ ચારે દિશામાં પ્રખ્યાત થઈ ગયા.

આ વાત અયોધ્યાના મલ્લ માનસંગ, દિલ્લીસંગ અને ભીમસંગના કાને પહોંચી. તેમણે અયોધ્યાના રાજા દર્શનસિંહને કહ્યું : ''અમે ઘનશ્યામ સાથે મલ્લયુદ્ધ કરીને તેને હરાવી દઈશું.'' રાજા દર્શનસિંહે સલાહ આપી : ''ઘનશ્યામ બાળક જેવા લાગે છે. પરંતુ તે સાક્ષાત્ ભગવાન છે. ભગવાનને કોઈ હરાવી ન શકે. તેની સાથે યુદ્ધમાં તમે નહિ જીતો માટે આવી હઠ મૂકી દો.''

આ સાંભળી **ત્રણે મલ્લ** પોતાની બડાઈ મારવા લાગ્યા. તેમણે રાજાને કહ્યું : ''તમારી નજર સામે જ ઘનશ્યામને જમીન પર પછાડીએ નહિ તો જો જો !! અમારી કુસ્તી જોઈને, અમારી જીત જોઈને અમને શિરપાવ આપજો.

રાજાએ કહ્યું : ''ભલે જાઓ, કરો તૈયારી. હું પણ કુસ્તી જોવા આવું છું. બહુ મોટાઈ બતાવો છો પણ હારીને નાક ન કપાવતા.'' ત્રણે મલ્લ અભિમાનથી બોલ્યા : ''ઘનશ્યામ શા હિસાબમાં ? તેને મચ્છરની જેમ ફગાવી દઈશું.''



થોડીવાર પછી આખા અયોધ્યા શહેરની શેરીઓમાં **ઢંઢેરો** પીટાવ્યો : ''નામદાર રાજાના હુકમથી આજે સાંજે બરહટ્ટા શેરીમાં ધર્મદેવના ઘર પાસે આંબલીવાળા કૂવા પાસેના મેદાનમાં ભીમસંગ, દિલ્લીસંગ અને માનસંગ એ ત્રણે મલ્લો ઘનશ્યામ સાથે મલ્લયુદ્ધ કરશે. નામદાર રાજા દર્શનસિંહ પણ કુસ્તી જોવા પધારશે. માટે સૌ ગ્રામજનોએ હાજર થઈ જવું.''

રાજાના નોકરો આવીને આંબલીવાળા કૂવાનું **મેદાન** સાફ કરવા લાગ્યા. બીજા નોકરો **મંડપ** તૈયાર કરવા લાગ્યા. જોતજોતામાં તૈયારી થઈ ગઈ. રાજા તથા દરબારો માટે ગાદીતકિયાવાળી **બેઠક** ગોઠવાઈ ગઈ. ધજાપતાકાં બંધાઈ ગયાં.

આ બાજુ ધર્મદેવને **ચિંતા** થવા લાગી : ''મોટા મલ્લો મારા નાનકડા ઘનશ્યામને મારી નાખશે તો ? આજે તો મારા પુત્રની પરીક્ષા કરવા રાજા પણ આવવાના છે. હવે શું થશે ?'' ધર્મદેવને ચિંતાતુર જોઈને બાળપ્રભુ ઘનશ્યામે કહ્યું : ''પિતાજી ! તમે બીશો નહિ. જરા પણ ચિંતા કરશો નહિ. ભગવાન પોતાની લાજ રાખશે.'' એમ કહીને બાળપ્રભુ ઘનશ્યામે **વૈરાજપુરુષ રૂપે દર્શન** આપ્યા. થોડીવાર પછી એ સ્વરૂપ પોતાનામાં પાછું સમાવી દીધું. આ જોઈ ધર્મપિતા અને ભક્તિમાતાની ચિંતા દૂર થઈ ગઈ.

સાંજ પડી. રાજા આવશે, ઘનશ્યામ આજે મલ્લોનું અભિમાન તોડશે, એ જોવા હજારો લોકોની ઠઠ જામી. મંડપ ખીચોખીચ ભરાઈ ગયો. થોડીવાર થઈને છડીદારે છડી પોકારી. નામદાર રાજા અને દરબારીઓ પધાર્યા. ધર્મદેવ અને રામપ્રતાપભાઈ પણ બાળપ્રભુ ઘનશ્યામને લઈને પધાર્યા.

બાળપ્રભુ ઘનશ્યામને જોઈને સૌથી મોટા ભીમસંગે પગ પર હાથ પછાડીને મોટો અવાજ કર્યો અને પછી ગર્જ્યો : ''અહીં વચ્ચે અખાડામાં આવ. આજે તને અમારું જોર બતાવી દઈએ.'' બાળપ્રભુ **ઘનશ્યામ** હસતાં હસતાં તેની પાસે ગયા. ભીમસંગે મોટી સાંકળ ઉપાડી. પોતાના જમણા પગમાં સાંકળ બાંધીને વચ્ચોવચ સ્થિર ઊભો રહ્યો. પછી આખી સભાને કહે : ''મારા જમણા પગમાં સો હાથી જેટલું બળ છે. મારા પગે બાંધેલી આ સાંકળ ખેંચીને, જો મને ઘનશ્યામ પાડી દેશે અથવા મારો જમણો પગ ખસેડી દેશે તો જ હું તેને બળિયો માનીશ.''

બાળપ્રભુ ઘનશ્યામ ધર્મપિતાને પગે લાગ્યા.

પછી હળવેકથી નીચા નમીને સાંકળ ડાબે હાથે ઊંચી કરી...અને... એક ઝાટકે ભીમસંગને ખેંચીને દૂર ફગાવ્યો. સાંકળના બે ટુકડા થઈ ગયા. ભીમસંગ આંબલીના ઝાડ સાથે ભટકાયો. નાકમાંથી અને મોઢામાંથી લોહીની ધારા છૂટવા લાગી.

હાર્યો એટલે **ભીમસંગ** વધુ ક્રોધે ભરાયો. બીજી સાંકળ હાથમાં લઈને બોલ્યો : ‘‘ઘનશ્યામ ! તારામાં બહુ તાકાત હોય તો તું પગે સાંકળ બાંધીને સ્થિર ઊભો રહે. પછી જો અમે તને ફેરફૂદરડી ફેરવીને ફગાવી દઈશું.’’ ત્યારે બાળપ્રભુ **ઘનશ્યામ** કહે : ‘‘ચાલો એમ કરીએ’’ બાળપ્રભુ ઘનશ્યામે પોતાના ડાબા પગે સાંકળ બાંધી અને સ્થિર થઈ, આંખો મીંચીને ઊભા રહ્યા.

હવે રામપ્રતાપભાઈને ચિંતા થવા લાગી. જોવા આવેલા પુરજનોને પણ મનમાં એમ થયું જે ક્યાં આ બાળક ઘનશ્યામ અને ક્યાં મલ્લ !! આ તો અન્યાય થયો છે. પછી બાળપ્રભુ ઘનશ્યામની ઈચ્છાથી સર્વેને વિરાટ નારાયણ રૂપે દર્શન થયું. હજારો મુખ, હાથ અને ચરણવાળું સ્વરૂપ સર્વેને જોવામાં આવ્યું. પરંતુ ભીમસંગને તો નાના બાળરૂપે જ દેખાતા હતા.

પછી તો ભીમસંગે સાંકળ ખેંચી પણ બાળપ્રભુ ઘનશ્યામ ખસે જ નહિ. એટલે **ત્રણે મલ્લો**એ ભેગા મળીને સાંકળ ખેંચવા માંડી પણ બાળપ્રભુ ઘનશ્યામ તો ન હલે કે ન ચલે. ત્રણે જણાએ વધુ ને વધુ જોર કરવા માંડ્યું. નાકનાં નસકોરાં ફૂલી ગયાં અને લંગોટા છૂટી ગયા, પણ ઘનશ્યામ હલે નહિ. આ જોઈ આખી સભા ખડખડાટ હસવા લાગી. ત્રણેના ગુસ્સાનો પાર ન રહ્યો. લાલઘૂમ આંખો કરીને છેલ્લી વાર **ખૂબ જોર** કર્યું. ત્યાં તો.... સાંકળ તૂટી ગઈ અને ત્રણે જણા ધબ્બ દેતાકને ભોંય પર પડ્યા. હાડકાં ભાંગી ગયાં. ઊભા પણ થવાયું નહિ. છતાં ઘનશ્યામ તો ત્યાં જ **સ્થિર** ઊભા ઊભા હસતા રહ્યા.

રાજા દર્શનસિંહે ઊભા થઈને ઘનશ્યામની જય બોલાવી. વસ્ત્રો અને આભૂષણો બાળપ્રભુ **ઘનશ્યામ**ને ભેટ આપ્યાં. પતાસાં વહેંચાવ્યાં. રાજાએ ત્રણે મલ્લોને ઘનશ્યામની માફી માગવાનો હુકમ કર્યો. તેથી ત્રણે મલ્લોએ ઘનશ્યામની માફી માગીને કહ્યું : ‘‘હવેથી અમે અમારી તાકાતનું અભિમાન નહિ કરીએ. તમે તો પ્રભુ છો, માટે અમારી ભૂલ માફ કરો.’’ બાળપ્રભુ ઘનશ્યામે ત્રણેને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ રાજાએ ધર્મદેવ તથા ઘનશ્યામને હાથી પર બેસાડીને વાજતેગાજતે શહેરમાં ફેરવ્યા. ઘેર ઘેર બાળપ્રભુ ઘનશ્યામની જય બોલાવા લાગી. ચારેકોર **જય જયકાર** થઈ ગયો.

આજ રીતે ફરી કોઈવાર **લખનૌના મલ્લો** રાજા દર્શનસિંહ પાસે આવ્યા અને ‘મલ્લયુદ્ધ માંગ્યું, નહિતર સવામણ સોનાનું પૂતળું આપો’ એમ કહ્યું. રાજાએ અયોધ્યાના મલ્લોને વાત કરીને કહ્યું : ‘‘તમે ચિંતા ન કરશો. તમે નહીં જીતી શકો તો પછી ધર્મદેવના પુત્ર ઘનશ્યામ તેમને જરૂર હરાવશે.’’ આમ કહીને રાજાએ માનભેર બાળપ્રભુ ઘનશ્યામને બોલાવ્યા. મોટા વિશાળ મંડપમાં **મલ્લયુદ્ધ** ખેલાણું એમાં અયોધ્યાના મલ્લો હારી ગયા. પછી બાળપ્રભુ ઘનશ્યામ ઊભા થયા સાથે મિત્રોને લીધા. મિત્રોમાં અપારશક્તિ મૂકી. મલ્લયુદ્ધ શરૂ થયું એમાં લખનૌના મલ્લોના કેટલાયના હાથ-પગ તૂટી ગયા. અને હારીને દૂર જઈ બેસી ગયા. બાળપ્રભુ ઘનશ્યામનો **જયજયકાર** થયો. રાજાએ મલ્લોને બદલે બાળપ્રભુ ઘનશ્યામને સોનાનું પૂતળું અર્પણ કર્યું. જે ધર્મદેવે સાધુ, બ્રાહ્મણોને અને ગરીબોને જમાડી દાન-દક્ષિણામાં આપી દીધું.

## સ્વર્ગદ્વાર

સરયૂ નદીના કિનારે **‘સ્વર્ગદ્વારી’** નામથી વિસ્તાર છે. જે વિસ્તારમાં કાલારામ મંદિર, નાગેશ્વર મંદિર અને લક્ષ્મણ મંદિર વગેરે આવ્યા છે.

**❋ કાલારામ મંદિર :** મધ્યયુગમાં આક્રમણખોરોથી બચાવવા પૂજારીઓએ મૂર્તિઓને સરયૂ નદીના પ્રવાહમાં મૂકી દીધી હતી. આ મૂર્તિઓ એક ભારતીય બ્રાહ્મણને સહસ્રધારામાં પ્રાપ્ય થઈ હતી. તે અહીં કાલારામ મંદિરમાં પધરાવવામાં આવી છે. અયોધ્યાના **પ્રાચીન મંદિરો**ની યાદીમાં આ મંદિર મુખ્ય છે. અહીં બાળપ્રભુ ઘનશ્યામ દર્શન કરવા પધારતા હતા.

**❋ નાગેશ્વર મંદિર :** ભગવાન શ્રી રામચંદ્રજીના પુત્ર મહારાજા કુશે નાગકન્યા સાથે લગ્ન કરેલ તેની સ્મૃતિમાં આ મંદિર મહારાજા કુશે બંધાવેલ છે. દર શિવરાત્રીનો તહેવાર વૈભવી ઠાઠમાઠ સાથે ધૂમધામપૂર્વક ઉજવાય છે. અહીં બાળપ્રભુ ઘનશ્યામ દર્શન કરવા પધારતા હતા.

## લક્ષ્મણઘાટ

સરયૂ નદી કિનારે લક્ષ્મણઘાટ (સહસ્રધારા) ઉપર શ્રી લક્ષ્મણજી મંદિર આવ્યું છે. અહીં બાળપ્રભુ ઘનશ્યામ દર્શન કરવા પધારતા હતા. આ લક્ષ્મણઘાટ ઉપરથી જ બાળપ્રભુ ઘનશ્યામને વનવિચરણના પ્રારંભના જ દિવસે કૌશિક નામે અસુરે ધક્કો મારીને સરયૂ નદીમાં ફગાવી દીધા હતા.

**અનુસંધાન પેજ નં. ૪૩ ઉપર**



# રેલ્વે પાસે આવેલા પ્રાસાદિક સ્થળો

## વિદ્યાકુંડ

અહીં દર આઠમે **સ્નાન** કરવાનું **મહત્ત્વ** છે. વિદ્યા અને ધનની ઈચ્છાવાળા અહીં સ્નાન કરે છે. શ્રી સ્વામિનારાયણ મંદિરથી દક્ષિણ દિશામાં ૧.૫ કી.મી. દૂર છે. બાળપ્રભુ ઘનશ્યામ આ વિદ્યાકુંડે અયોધ્યામાં નિવાસ દરમ્યાન નિત્ય પધારતા હતા.

### લીલાચરિત્ર

### વિદ્યાકુંડ મંદિરના બ્રાહ્મણ અંધશાસ્ત્રીને દેખતા કર્યા

એકસમયે ધર્મદેવ બાળપ્રભુ **ઘનશ્યામ મહારાજ**ને સાથે લઈને વિદ્યાકુંડનાં મંદિરમાં દર્શન કરવા ગયા. તે સમયે મંદિરમાં એક બ્રાહ્મણ વ્રજવિહારી નામના અંધશાસ્ત્રી હતા તે વાલ્મીકિ રામાયણની કથા ગ્રંથ વિના જ મુખે બોલીને કરતા હતા. તે કથા સાંભળવા બાળપ્રભુ ઘનશ્યામ અને ધર્મદેવ બેઠા. ત્યારે કથામાં વૈરાગ્યની રૂડી વાર્તા આવી. તે સાંભળીને બાળપ્રભુ ઘનશ્યામ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા કે, ‘‘અહો ! આ રામચંદ્રજી વનમાં ગયા હતા તે બહુ સારી વાર્તા છે, માટે મારે પણ માતાપિતાને દિવ્યગતિ આપીને ઘરનો ત્યાગ કરીને વનમાં જવું.’’ એમ વિચાર કરતા થકા બાળપ્રભુ ઘનશ્યામે અંધશાસ્ત્રીને ભાગવતના બે-ચાર શ્લોક બોલીને **પ્રશ્ન** પૂછ્યો.

બાળપ્રભુ ઘનશ્યામનો પ્રશ્ન સાંભળી શાસ્ત્રીએ કહ્યું : ‘‘હમણાં કથામાં ભંગ પડે છે, તમારે પ્રશ્નનો જવાબ સાંભળવો હોય તો મારા ઘરે આવજો.’’ ત્યારે બાળપ્રભુએ કહ્યું : ‘‘શાસ્ત્રીજી ! શાસ્ત્રની ચર્ચા કાંઈ ખૂણે ન હોય, એ તો સભામાં જ શોભે. તમને વાંધો ન હોય તો અત્યારે જવાબ આપો.’’ શાસ્ત્રીજી કાંઈ બોલ્યા નહિ. પણ સભામાં બેઠેલા બીજા કેટલાક **શ્રોતાજનો** બોલ્યા : ‘‘ઘનશ્યામ ! એને જવાબ આવડતો જ નથી, માટે અત્યારે તમારાથી છૂટવા ઘેર આવવાની વાત કરે છે. એને આવડતું જ નથી માટે તમે રહેવા દો.’’

પછી બાળપ્રભુ ઘનશ્યામ દર્શન કરીને પિતાની સાથે ચાલ્યા. ત્યારે શ્રોતાજનોમાં કોઈકે કહ્યું : ‘‘એ શાસ્ત્રીજી ! તમે આ ઘનશ્યામ બાબુને ઓળખતા નથી. એ તો

બહુ વિદ્વાન અને ચમત્કારી છે. અયોધ્યાના મોટાભાગના લોકો એમના પ્રતાપને જાણે છે. કેટલાક તો તેમને ઈશ્વરનો અવતાર પણ સમજે છે.'' બાળપ્રભુ ઘનશ્યામનો મહિમા સાંભળી આ અંધશાસ્ત્રીજી તો પોતાના એક શિષ્યનો હાથ પકડીને દોડીને બાળપ્રભુના ચરણોમાં પડી માફી માંગી પ્રાર્થના કરતા બોલ્યા : ''હે પ્રભુ ! મારા પર દયા કરો. મારો અપરાધ માફ કરો. મારા પર પ્રસન્ન થાઓ. અને મને દૃષ્ટિ આપો.'' ત્યારે બાળપ્રભુ ઘનશ્યામે કહ્યું : ''અમને તો એમ અંધને દેખતા કરતા આવડતું નથી. તમને કોણે કહ્યું ?'' ત્યારે શાસ્ત્રી કહે : ''અરે બાપજી ! તમે શ્રવણ તલાવડીએ સ્નાન કરવા ગયા હતા ત્યારે ત્યાં કેટલાક અંધને દેખતા કર્યા હતા. માટે તમે તો પૂર્ણ પુરુષોત્તમનારાયણ છો. મને આ વખતે દેખતો કરો.'' ત્યારે દયાળુ બાળપ્રભુ ઘનશ્યામે પ્રસન્ન થઈ તેની પ્રાર્થના સાંભળી તેના સામી કૃપાદૃષ્ટિ કરી કે, તુરત તે બ્રાહ્મણ શાસ્ત્રી બંને આંખોથી દેખતો થયો. પછી તેને રામચંદ્રજી રૂપે દર્શન આપ્યાં. પછી બાળપ્રભુના ભાવથી દર્શન કરી મંદિરમાં ગયો. આવી રીતનો બાળપ્રભુ ઘનશ્યામનો પ્રતાપ જોઈને અયોધ્યાવાસીઓ આશ્ચર્ય પામ્યા.

## મણિ પર્વત

શ્રી હનુમાનજી સંજીવની બુટ્ટીવાળા પર્વત લઈને જતા હતા ત્યારે પર્વતનો થોડો ભાગ અહીં પડ્યો હતો. ભગવાન બુદ્ધે અહીં તપ કર્યું હતું. વિદ્યાકુંડથી પશ્ચિમ દિશામાં એકદમ નજીક આ પર્વત આવેલો છે. પર્વત ઉપરથી આખી અયોધ્યાનગરીના દર્શન થઈ શકે છે. આ પર્વતની ઊંચાઈ ૬૫ ફૂટ છે. બાળપ્રભુ ઘનશ્યામ આ સ્થાનમાં ઘણીવખત પધારતા હતા.

## સૂર્યકુંડ

અહીં રાજા ઘોષે બંધાવેલ સૂર્યનારાયણનું મંદિર છે. શ્રી સ્વામિનારાયણ મંદિરથી દક્ષિણ દિશામાં ૫ કી.મી. દૂર છે. બાળપ્રભુ ઘનશ્યામ આ સ્થાનમાં વારંવાર પધારતા હતા.

### લીલાચરિત્ર

## બાળપ્રભુ ઘનશ્યામે પોતાના મિત્રો અને દેવોને દૂધપાન કરાવ્યું

ચાતુર્માસમાં પશુપાલન કરનારા ગોવાળો અયોધ્યામાં સૂર્યકુંડની સમીપે નિવાસ કરતા હતા. ત્યાંથી દૂધ લાવવા માટે ભક્તિમાતા બાળપ્રભુ ઘનશ્યામને મોકલતા. પોતાના મિત્રોની સાથે બાળપ્રભુ **ઘનશ્યામ** દૂધ લેવા માટે સૂર્યકુંડ આનંદપૂર્વક જતા. તે ગોવાળો ગાયોનું પવિત્ર દૂધ પાત્રોમાં ભરી આપતા. તે દૂધથી ભરેલા પાત્રોને સર્વે પોતાના મસ્તક ઉપર ધારણ કરી પોતપોતાને ઘેર લાવે.

એકદિવસ મિત્રોને માર્ગમાં ધીમે ધીમે ચાલતા જોઈ બાળપ્રભુ ઘનશ્યામે કહ્યું : ''મિત્રો ! તમે કેમ ધીમે ધીમે ચાલો છો ? ઉતાવળથી ચાલો.'' ત્યારે મિત્રો કહે : ''ઘનશ્યામ ! અમને ભૂખ બહુ લાગી છે, જો તમે આ દૂધ પીવડાવો તો શાંતિ થાય.'' મિત્રોનું વચન સાંભળી બાળપ્રભુ ઘનશ્યામે કહ્યું : ''નદીને કાંઠે તમને બધાને દૂધ પીવડાવીશ માટે ચાલો.!'' એમ કહી નદીના કાંઠે લઈ જઈ પાંદડાના પડિયાઓમાં દૂધ ભરી પોતાના મિત્રોને દૂધપાન કરાવીને તૃપ્ત કર્યા. અને મિત્રોની પ્રીતિ માટે પોતે પણ દૂધપાન કર્યું.

પછી પાછા મસ્તક ઉપર દૂધના પાત્રો લઈ પોતપોતાને ઘેર ગયા. દૂધથી પરિપૂર્ણ પાત્રો જોઈ ભક્તિમાતા આદિક સર્વે રાજી થતા. આ પ્રમાણે આઠ દિવસ સુધી પોતાના મિત્રોને દૂધપાન કરાવી બાળપ્રભુ ઘનશ્યામે મનોહર લીલા કરી. નવમા દિવસે બાળપ્રભુ ઘનશ્યામે પોતાના મિત્રોને દૂધ પીવાનું પૂછ્યું ત્યારે પ્રસાદીનું સુંદર દૂધ પીવાની ઈચ્છાથી બ્રહ્માદિક સર્વે દેવો તથા કેટલાક ધામોથી મુક્તો પણ આવ્યા. સર્વે બાળપ્રભુ ઘનશ્યામની સ્તુતિ કરવા લાગ્યા. ત્યારે બાળપ્રભુ ઘનશ્યામે વિચાર કર્યો કે, આ બધાને દૂધ કેવી રીતે પૂર્ણ થશે ? આમ સંકલ્પ કરતાની સાથે કામદુધા ગાય આવી.

પછી સર્વેને પ્રથમ પાત્રોમાં રહેલું દૂધ પીવડાવ્યું પછી કામધેનુંનું પણ દૂધ ખૂબ પીવડાવ્યું. આ બધુ જોઈને બાળમિત્રો પ્રસન્ન થતા સતા આશ્ચર્ય પામ્યા. ત્યારબાદ બ્રહ્માદિક દેવોએ કામધેનુના દૂધથી વેદના મંત્રો બોલતા બોલતા બાળપ્રભુ ઘનશ્યામ મહારાજનો **અભિષેક** કર્યો અને વિવિધ પ્રકારના ઉપચારોથી **મહાપૂજા** કરી. પછી સર્વે દેવો તથા મુક્તો અદૃશ્ય થઈ ગયા.

આ બાજુ સર્વે સખાઓ બાળપ્રભુ ઘનશ્યામનો મહિમાનું વર્ણન કરતા કરતા ભક્તિમાતા પાસે આવ્યા. ભક્તિમાતાએ જોયું તો દૂધના બધા પાત્રો ખાલી હતા એટલે પૂછ્યું : ''હે ઘનશ્યામ ! આ દૂધના પાત્રો ખાલી કેમ છે ? દૂધ ક્યાં ગયું ?'' ત્યારે બાળપ્રભુ ઘનશ્યામે કહ્યું : ''હે

માતા ! ચાલતા ચાલતા પગ લપસી જવાથી બધાના હાથમાંથી દૂધના પાત્રો પડી ગયા. તેથી પાત્રો ખાલી છે.'' પછી ભક્તિમાતાએ બીજા બાળકોને પૂછ્યું ત્યારે બાળકો બોલ્યા : ''હે માજી ! ઘનશ્યામે અમને સર્વેને ખૂબ દૂધ પીવડાવ્યું તથા દેવો અને મુક્તોને પણ ખૂબ દૂધનું પાન કરાવ્યું. તેથી આ પાત્રો ખાલી છે.'' થોડીવારમાં સર્વે બાળકોની માતાઓ ભક્તિમાતાને ઘેર આવી. ત્યારે તેઓ આ દિવ્ય ઐશ્વર્યની વાતો સાંભળી **આનંદ** પામી. એટલે બાળપ્રભુ ઘનશ્યામે સર્વેને કોટિ કોટિ સૂર્ય સમાન પ્રકાશ દેખાડ્યો. કરોડો કામદેવને મોહ પમાડનાર પોતાના દિવ્ય સ્વરૂપના દર્શન કરાવ્યાં. અક્ષરધામના પાર્ષદો બાળપ્રભુ ઘનશ્યામની સ્તુતિ કરતા હોય તેવા પણ દર્શન કરાવી એક પ્રહર સુધી સમાધિ કરાવી.

## જગન્નાથ કાવડિયાની જગ્યા

અયોધ્યામાં સં. ૧૮૪૯ અષાઢ સુદ દશમીના દિવસે બાળપ્રભુ ઘનશ્યામે ગૃહત્યાગ કરીને વનવિચરણની યાત્રાનો આરંભ કર્યો હતો. તેઓ યાત્રા કરતા હરિદ્વાર, કેદારનાથ, બદરીનાથ અને બદ્રિકાશ્રમમાં જઈને પુનઃ સં. ૧૮૪૯ વૈશાખ ઊતરતા નીલકંઠ વર્ણી સ્વરૂપે પધાર્યા હતા. ત્યારે અહીં જગન્નાથ કાવડિયાની જગ્યામાં થોડા દિવસ **ગુપ્તવાસ** કરીને નિવાસ કર્યો હતો. અહીં નીલકંઠ વર્ણીપ્રભુને રામાનુજ સંપ્રદાયના બાવાઓનો પરિચય થયો હતો. તેમની સાથેના વાર્તાલાપમાં નીલકંઠ વર્ણીએ રામાનુજાચાર્યના સ્થાનોની માહિતી મેળવીને તે સ્થાનોએ જવાનો નિર્ણય લીધો હતો. અહીંથી શ્વેતગિરિ અને મુક્તનાથની વાટ લીધી હતી.

ભગવાન શ્રીહરિ બાળપ્રભુ ઘનશ્યામ સ્વરૂપે પણ આ સ્થાનમાં પધારતા હતા અને અહીં ત્યાગીઓ પાસે આવવું બાળપ્રભુ ઘનશ્યામ મહારાજને બહુ જ ગમતું હતું. તે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે :- **'જગન્નાથ કાવડિયાની જાગે રે,** જાવું ત્યાગી પાસે વહાલું લાગે રે...' (ભક્તચિંતામણી : પ્ર. ૨૦)

## નંદીગ્રામ

માતા કૈકેયીએ રાજા દશરથ પાસે પોતાના બે વર માગ્યા હતા તેમાં ૧૪ વર્ષનો ભગવાન શ્રી રામચંદ્રજીને વનવાસ માગ્યો હતો. તે વનવાસ દરમ્યાન ભરતજીએ અહીં ૧૪ વર્ષ સુધી ભગવાન શ્રી રામચંદ્રજીની પાદુકાનું પૂજન-અર્ચન કરી **કઠોર તપશ્ચર્યા** કરી હતી. આ નંદીગ્રામ અયોધ્યાથી દક્ષિણે ૨૦ કી.મી. દૂર આવ્યું છે.

**અનુસંધાન પેજ નં. ૭ નું ચાલું**

જન્મસ્થાન હતું તેની આગળના ભાગમાં હાલ **શિખરબદ્ધ મંદિર** કરવામાં આવ્યું છે. ફળિયામાં પ્રસાદીનો કૂવો છે. સામે જ એક હલવૈની દુકાન છે, જ્યાં બાળપ્રભુ ઘનશ્યામ મીઠાઇ જમતા. ઘરની પાછળ શિવમંદિર છે જ્યાં બાળપ્રભુ ઘનશ્યામ બપોરે સૂવા જતા. અયોધ્યાની ગલીઓ, મંદિરો એ બધી જ બાળપ્રભુ ઘનશ્યામની **રમણભૂમિ** છે.

તો ચાલો... શ્રી લક્ષ્મીનારાયણ દેવ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી **છપૈયાધામ**માં **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની ૩૫૦મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ'**નું પ.ભ શ્રી રમેશભાઈ વલ્લભદાસ માનસેતા હ. સુપુત્ર શ્રી આશિષભાઈ તથા પૌત્ર કૌશલ - ડોંબીવલી (મુંબઈ)ના યજમાનપદે **તા. ૫-૧૧-૨૦૧૬ કારતક સુદ - ૫** (લાભપાંચમ) થી **તા. ૧૪-૧૧-૨૦૧૬ કારતક સુદ - ૧૪** સુધી ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે ત્યારે અયોધ્યાના બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના બાળલીલા ચરિત્રો અને પ્રાસાદિક તીર્થસ્થાનોના, પૂ. સ્વામીશ્રી આનંદસ્વરૂપદાસજી આદિક તજજ્ઞ વિદ્વાનો-સંતો દ્વારા શાસ્ત્રોક્ત પ્રમાણોથી તેમજ અયોધ્યાધામના **મહંત** પૂ. સ.ગુ. **સ્વામી શ્રી દેવપ્રસાદદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે સંકલિત કરાયેલા આ 'ચિંતન વિશેષાંક'ના માધ્યમથી દરેક સ્થળના અદ્ભુત **'માહિતીસભર દર્શન'** કરી કૃતાર્થતા અનુભવીએ.

**તા.ક.** :- પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર આયોજીત **'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'** દ્વારા નવ-નવ વખત ૧૨૦૦ જેટલા હરિભક્તોને લઈ જઈને આ પ્રાસાદિક **અયોધ્યાભૂમિ**ના દર્શન કરાવી જીવનમાં ચરિતાર્થ અને કૃતકૃત્ય બનાવેલા છે.

અનુસંધાન પેજ નં. ૧૩ નું ચાલું




## લીલાચરિત્ર-૬

### અયોધ્યાવાસીઓનો
### ઘનશ્યામ મહાપ્રભુના વિરહમાં વિલાપ.

'દિસે અયોધ્યાપુર આજ કેવું,
આત્મા વિના હોય શરીર જેવું;
રુવે જનો બાળક ને જુવાન,
વૃદ્ધો તણી તો ગઈ શુદ્ધ સાન.'
(શ્રીહરિલીલામૃત : ૩/૧/૯)

ઘનશ્યામ મહાપ્રભુએ તો ગૃહત્યાગ કરી વનમાં સિધાવ્યા ત્યારે આખી અયોધ્યા ગાઢ નિદ્રામાં હતી. સવાર પડ્યું. ઘનશ્યામ મહાપ્રભુ જેમની સાથે રોજ સરયૂ સ્નાન કરવા જતા હતા તે **બાળસખાઓ** બોલાવવા આવ્યા. પરંતુ ઘનશ્યામ મહાપ્રભુને ઘરમાં જોયા નહિ. તેથી સરયૂ કિનારે આવ્યા ત્યાં પણ ન મળ્યા. પછી અયોધ્યામાં ઘનશ્યામ મહાપ્રભુને બેસવાના જે જે સ્થળો હતા તેમજ કનક ભુવન, હનુમાનગઢી, રત્નસિંહાસન, જન્મસ્થાનક આદિક દેવમંદિરોમાં સર્વત્ર **તપાસ** કરી. ત્યાં પણ ઘનશ્યામ મહાપ્રભુને જોયા નહિ. ઘનશ્યામ મહાપ્રભુ ક્યાંય મળ્યા નહિ ત્યારે બાળમિત્રો **રુદન** કરતા કરતા ફરી ઘનશ્યામ મહાપ્રભુના ભુવનમાં આવ્યા.

બાળમિત્રોએ રામપ્રતાપભાઈને પૂછ્યું : ''મોટાભાઈ ! આજે ઘનશ્યામ કેમ દેખાતા નથી ? સરયૂતટે અને મંદિરોમાં આજે ક્યાંય ઘનશ્યામને જોયા નહિ એટલે અમે પૂછવા આવ્યા છીએ કે ઘનશ્યામ ક્યાં ગયા ?''

રામપ્રતાપભાઈને ચિંતા થવા લાગી. સુવાસિનીભાભીને ઘનશ્યામ મહાપ્રભુના બાળમિત્રોના શબ્દો સાંભળીને અંતરમાં ફાળ પડી. તેઓ ઓરડામાં ગયા પણ ઓરડો ખાલી હતો. તેઓનો ગુટકો, પૂજાના શાલિગ્રામ અને બાલમુકુંદ અને તુંબીપાત્ર ન હતા. ઘનશ્યામ મહાપ્રભુની બીજી તમામ વસ્તુઓ જેમની તેમ ત્યાં પડી હતી. સુવાસિનીભાભી તો મૂર્છાઅવસ્થામાં પડી ગયા.

મોટાભાઈ મજબૂત હૃદયના હોવા છતાં ઢીલા પડી ગયા. તેઓ પુરમાં પ્રત્યેક મંદિરોમાં, સરયૂતટે, સર્વ સંબંધીજનોને ઘેર ઘેર અને બાગબગીચાઓમાં ઘનશ્યામ મહાપ્રભુની શોધ કરવા લાગ્યા. પરંતુ કોઈ સ્થળે ઘનશ્યામને જોયા નહિ તેથી **રામપ્રતાપભાઈ** અત્યંત ચિંતાતુર થઈને જોર જોરથી 'ઘનશ્યામ ! ઘનશ્યામ !' એવી બૂમો પાડવા લાગ્યા.

ઘનશ્યામ મહાપ્રભુના વિરહ ડૂબેલા અને શોક કરતા રામપ્રતાપભાઈ પોતાના ભવને પાછા આવ્યા. રામપ્રતાપભાઈ પણ મૂર્છિત થઈને ત્યાં ઢળી પડ્યા. ઈચ્છારામજી અને નંદરામ રડવા લાગ્યા. રડવાનો પ્રચંડ અવાજ સાંભળી સંબંધીજનો તથા પુરવાસીઓ ત્યાં દોડી આવ્યા. તેઓ રામપ્રતાપભાઈ અને સુવાસિનીબાઈ પાસે બેઠા. તેમના શરીર ઉપર ધીમેથી હાથ ફેરવતા, તેમને પવન નાખતાં, ધીરેથી તેઓ તેમને બોલાવતા હતા. ધીરે ધીરે રામપ્રતાપભાઈ જાગ્યા. પણ તરત જ તેમણે પૂછ્યું : ''ઘનશ્યામ આવ્યા ?''

સૌએ આશ્વાસન આપ્યું. પણ રામપ્રતાપભાઈ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. એટલામાં **સુવાસિનીબાઈ** પણ સ્વસ્થ થતાં દેખાયાં. તે જ અવસ્થામાં તે 'ઘનશ્યામ ભૈયા ! તમે ક્યાં ગયા ?' એટલું બોલતા તો સુવાસિનીબાઈ જોરજોરથી **આક્રંદ** કરવા લાગ્યા. ઈચ્છારામ અને નંદરામ પણ તેમને ગળે વળગી પડીને રડવા લાગ્યા.

આજે અયોધ્યાના રાજમાર્ગો એના ઈતિહાસમાં **પુનઃ** અશ્રુઓથી ભીના થયા. એકવાર આ રાજમાર્ગો ઉપર જ્યારે ભગવાન શ્રીરામનું વનવાસનું દૃશ્ય સર્જાયું ત્યારે નગરજનો પોતાના અશ્રુઓથી રાજમાર્ગ ભીના કર્યા હતા. આજે ફરીવાર ઘનશ્યામ મહાપ્રભુના વિરહમાં એ **કરુણ ઈતિહાસનું પુનરાવર્તન** થયું.

આમ, ઘનશ્યામ મહાપ્રભુમાં સ્નેહને લીધે રામપ્રતાપભાઈ **અત્યંત વિલાપ** કરતા હતા. અને શ્રીહરિની બાળલીલાઓનું સ્મરણ કરતા થકા દુઃખથી દિવસો વ્યતીત કરવા લાગ્યા. ઈચ્છારામભાઈ વગેરે બંધુજનો અને જ્ઞાતિજનો પણ નિરંતર ઘનશ્યામને શોકે સહિત સ્મરણ કરતા થકા દુઃખથી દિવસો પસાર કરતા હતા. સુવાસિની વગેરે સ્ત્રીઓ પણ ઘનશ્યામને સંભારી નિરંતર શોક પૂર્વક દુઃખથી દિવસો પસાર કરતી હતી.

અનુસંધાન પેજ નં. ૨૫ નું ચાલું

## શ્રી ભટેશ્વર મહાદેવ મંદિર



અયોધ્યા શ્રી સ્વામિનારાયણ મંદિરની પાછળ અડધો કી.મી. દૂર આ શ્રી ભટેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. અહીં બાળપ્રભુ ઘનશ્યામ બપોરના સમયે શયન કરવા આવતા હતા. અહીં **દેવીબક્ષ** નામનો **કાયસ્થ** આવીને શિવજી પાસે વાસના ભોગવવા લંબકર્ણનો અવતાર માંગતો. તે કાયસ્થની વિષયી માંગણીથી બાળપ્રભુ ઉદાસ થઈ ગયા હતા.

### લીલાચરિત્ર

### કાયસ્થે કરેલી શિવજીને પ્રાર્થના

છપૈયાથી ધર્મભક્તિ અયોધ્યામાં આવીને બરહટ્ટા શાખાનગરમાં નિવાસ કરવા લાગ્યા હતા. બાળપ્રભુ ઘનશ્યામ પોતાના નિવાસસ્થાનથી ઉત્તર તરફ થોડે દૂર ઉદયરાજ તિવારીના ઘરના આંગણે ભટેશ્વર મહાદેવના મંદિરમાં એકાંત જોઈને પોતે બપોરેના સમયમાં શયન કરતા હતા.

એક દિવસ બપોરેને સમયે આ મંદિરમાં દેવીબક્ષ નામનો એક કાયસ્થ આવ્યો. તે ભટેશ્વર મહાદેવનો ઉપાસક હતો અને રોજ સવારે શિવજીની પૂજા કરવા આવતો. આજે તે બપોરના સમયે આવ્યો. શિવજી તો તપસ્વી એટલે પોઢે જ નહિ. બાળપ્રભુ ઘનશ્યામ અહીં યોગનિદ્રાને આધીન રહી સ્વસ્વરૂપમાં લીન થઈ જતા. બાળપ્રભુએ આ દેવીબક્ષ કાયસ્થને ગાલ વગાડીને શિવજીને પ્રાર્થના કરતા સાંભળ્યો. કાયસ્થ તેની ઉતાવળી વાણીમાં બોલ્યે જતો હતો : ''હે શંભુ ! હે ભોળાનાથ ! તમે દયાળુ છો અને સેવકનું પ્રતિપાલન કરનારા છો. માટે હે દયાળુ ! મને દયા કરીને હવેથી કોઈ દિવસ મનુષ્યનો અવતાર દેશો મા. જન્મોજન્મ લંબકરણનો જ અવતાર આપજો.''

બાળપ્રભુ ઘનશ્યામ સાંભળી ચમક્યા. બાળપ્રભુએ પોતાના કાન સરવા કર્યા. કાયસ્થે આગળ ચલાવ્યું : ''હે મહાદેવ ! મનુષ્યદેહમાં તો તાંબુ ખાઈ ખાઈને મરી ગયા પણ લાજ મેલીને વિષય ન ભોગવાયા. માટે હવે તો લંબકરણનો અવતાર આપજો, જેથી નિર્લજ્જ થઈને વિષય તો સારી પેઠે ભોગવાય.'' આવો વર માગીને હંમેશાં તે કાયસ્થ ઘરે જઈને ભોજન કરતો.

બાળપ્રભુ ઘનશ્યામ આ સાંભળી આભા બની ગયા. આવો દુર્લભ મનુષ્યદેહ, તે છોડીને પંચવિષય ભોગવવા લંબકરણનો અવતાર આ માગે છે ! તેઓના અંતરમાં **અરેરાટી** થઈ. શું વિષયલંપટ માણસો આવા હશે ? જગતના જીવની આવી પશુ જેવી મનોદશા ! મનુષ્યની આવી અધોગતિ જોઈ બાળપ્રભુ ઘનશ્યામે અહીં **સંકલ્પ** કર્યો કે, 'હવે માતા-પિતાની દિવ્યગતિ આપીને ગૃહત્યાગ જલ્દી કરવો અને મનુષ્યોને વિષયના ફાંસલામાંથી છોડાવી મોક્ષને માર્ગે વાળીને નિર્વાસનિક કરવા અને ભગવાન તથા સંતના દ્વેષી, અધર્મી અસુરોને ખોળીને નાશ કરાવું.'

આવો વિચાર કરીને તે મંદિરમાંથી ઊઠીને બાળપ્રભુ **ઘનશ્યામ** ઘેર આવ્યા. પછી પોતાના ઘરના આંગણે મોટા કદમના વૃક્ષ નીચે ઉદાસ થઈને બેઠા. તે જોઈને **ધર્મદેવ** બોલ્યા : ''બેટા ઘનશ્યામ ! તમે એકલા ઉદાસ થઈને કેમ બેઠા છો ?'' ત્યારે બાળપ્રભુએ કહ્યું : ''હે દાદા ! હું તો ઉદાસ નથી, પણ ઈતિહાસને વિચારું છું.'' એમ કહીને ત્યાં થકી ઊઠીને ઓસરીની જેર ઉપર આવ્યા.

આ દેવીબક્ષ કાયસ્થના વિષયીજીવનના શબ્દોથી બાળપ્રભુ ઘનશ્યામ એટલા બધા ઉદાસ થઈ ગયા હતા કે, આ પ્રસંગને ગઢપુરમાં સં. ૧૮૮૪ના અષાઢ વદી એકાદશીને દિવસે સભામાં ગઢડા અંત્ય પ્રકરણના ૧૪મા વચનામૃતમાં સંતો-હરિભક્તોને વિષયીજીવોના ઉદાહરણમાં આ દેવીબક્ષ કાયસ્થનું **દષ્ટાંત** આપી કહે છે :

''અને એવી **મલિન વાસના** આ જીવને થાય છે તે અમે નજરે દીઠી છે. જ્યારે અમે નાના હતા ત્યારે અયોધ્યાપુરીમાં એક શિવનું મંદિર હતું તેમાં જઈને અમે સૂતા. ત્યાં એક કાયસ્થ નિત્ય શિવનું પૂજન કરવાને આવતો તે શિવની પૂજા કરીને ગાલ વજાડીને શિવ પાસે એમ વર માગતો જે, 'હે શિવજી ! મને કોઈ દિવસ મનુષ્યનો અવતાર દેશો મા. શા માટે જે, મનુષ્ય દેહમાં તો

તાંબુ ખાઈખાઈને મરી ગયા પણ સ્ત્રીનું સુખ સારી પેઠે ભોગવાતું નથી. માટે હે શિવજી ! મને તો જન્મોજન્મ લંબકર્ણનો જ અવતાર દેજો જે લાજમર્યાદા મૂકીને સારી પેઠે સ્ત્રીનું સુખ તો ભોગવીએ.' એમ નિત્ય શિવજી પાસે વર માગતો. એવી રીતે આ જીવના હૃદયમાં **પાપરૂપ વાસના** થાય છે, માટે એને કોઈ રીતે પરમેશ્વરમાં પ્રીતિ થતી નથી.''

અનુસંધાન પેજ નં. ૩૧ નું ચાલું

## દંતધાવન કુંડ

અહીં ભગવાન શ્રી રામચંદ્રજી સહિત ચારે ભાઈઓ સવારમાં દાતણ કરતા. ભગવાન બુદ્ધે પણ અહીં દાતણ કરીને દાતણને જમીનમાં ઊભું કરી દેતાં જ્યાં વૃક્ષ ઊગ્યું હતું.

## બાબા રઘુનાથજીની બડી છાવણી

અયોધ્યામાં સૌપ્રથમવાર સાધુ-સંતોના નિવાસ માટે બાબા રઘુનાથજીએ ૨૦૦ વર્ષ પહેલા આ છાવણી બંધાવી હતી. અહીં વાલ્મીકિ ભવન, તુલસી સ્મારક ભવન, વિભીષણ કુંડ વગેરે દર્શનીય સ્થળો આવેલા છે.

અનુસંધાન પેજ નં. ૩૭ નું ચાલું

## લીલાચરિત્ર

### પોતાની સ્ત્રીનું દાન ન કરવું

એકદિવસ રામપ્રતાપભાઈ બાળપ્રભુ ઘનશ્યામને સાથે લઈને સ્વર્ગદ્વારીમાં **લક્ષ્મણઘાટે** સ્નાન કરવા આવ્યા હતા. ત્યારે આ ઘાટે ત્રિકમગઢનો રાજા પોતે પોતાની સ્ત્રી સહિત એક વસ્ત્ર પહેરીને સરયૂ નદીમાં સ્નાન કરી બ્રાહ્મણને પોતાની સ્ત્રીનું દાન કરતો હતો. પછી પોતાને ઉતારે જઈને પોતાના નોકરને કેટલાક રૂપિયા આપીને તે બ્રાહ્મણની પાસે મોકલ્યો. નોકરે બ્રાહ્મણ પાસે આવીને કહ્યું : ''લ્યો રૂપિયા, આપની માટે રાજાએ મોકલ્યા છે. અને તમે રાણીસાહેબને પાછા મોકલો !'' ત્યારે તે બ્રાહ્મણે કહ્યું : ''અમે દાન લીધેલું પાછું આપતા નથી અને બીજું દાન લેતા નથી.''

તે સાંભળીને નોકર પાછો જઈને રાજાને વાત કરી. ત્યારે તે રાજાએ બ્રાહ્મણને લોભ દેખાડવા માટે બે હજાર રૂપિયા આપીને નોકરને ફરી મોકલ્યો. ત્યારે પણ તે બ્રાહ્મણે કહ્યું : ''એક રૂપિયાથી લઈને કરોડ રૂપિયા તમે આપો તો પણ લીધેલું દાન પાછું નહિ આપું. તમને કોણે કહ્યું હતું જે, સ્ત્રીનું દાન કરો ?'' ત્યારે તે વાત નોકરે જઈને રાજાને કહી. તે સાંભળીને રાજા રીસ ચડાવીને એક કાગળ લખી નોકરને લખી આપ્યો અને કહ્યું : ''આ કાગળ રાણીને આપજે.'' પછી તે કાગળ રાણીને પહોંચ્યાથી રાણીએ બ્રાહ્મણને ઝેર દઈ મારીને કૂવામાં નાખ્યો અને પોતાના ઉતારે આવી. પછી તે રાજા તીર્થવાસી બ્રાહ્મણનો અભાવ લઈને પોતાના ગામ ત્રિકમગઢ જતો રહ્યો. રાજાએ આવું ઘોર કૃત્ય કરાવ્યું. પૂર્વે પણ આવી ઘટનાઓ ઘણીવાર બની છે. તેથી શાસ્ત્રોમાં પોતાની સ્ત્રીનું દાન કરવાનો નિષેધ કર્યો છે.

રાજાનું આવું **ઘોર કૃત્ય** જોઈને બાળપ્રભુ ઘનશ્યામને મનમાં ઘણી **દયા** આવી. આ લક્ષ્મણઘાટે બાલ્યાવસ્થામાં જોયેલી ઘટનાની સ્મૃતિથી જ ભગવાન શ્રીહરિએ **શિક્ષાપત્રી**ના ૧૩૬મા **શ્લોક**માં લખ્યું છે : ''અમારા સત્સંગીઓએ પોતાની સ્ત્રીનું દાન ન કરવું.''


## અહલ્યાબાઈ મંદિર

સરયૂ નદીના અહલ્યાબાઈ ઘાટ ઉપર **શ્રી અહલ્યાબાઈ મંદિર** આવ્યું છે. અહીં બાળપ્રભુ ઘનશ્યામ દર્શન કરવા પધારતા હતા.

## બ્રહ્મકુંડ (ગુરુદ્વારા)

નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માની પ્રથમ દૃષ્ટિ અહીં પડી હતી. બ્રહ્માએ અહીં ૫૦૦૦ હજાર વર્ષ તપ કર્યું હતું. શીખ ગુરુ શ્રી તેગબહાદુરસિંહ અને ગુરુ ગોવિંદસિંહે અહીં ધ્યાન કરીને લોકોને ઉપદેશ આપ્યો હતો. બાળપ્રભુ ઘનશ્યામ આ સ્થાનમાં વખતોવખત પધારતા હતા.

# વાદળ છાયે સૂર્યાસ્ત ન થાય...



### પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણી

સંકલન : પા. હરિકૃષ્ણ ભગત તથા પા. પાર્થ ભગત
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

*'ભવસંભવભીતિભેદનં સુખસંપત્કરુણાનિકેતનં ।
વ્રતદાનતપ:ક્રિયાફલં સહજાનંદ ગુરું ભજે સદા ।।'*

ભારતીય સંસ્કૃતિ અને સનાતન પરંપરાનું એક અજોડ પર્વ એ **'ગુરુપૂર્ણિમા'** પર્વ છે. શાસ્ત્રોમાં એને **'વ્યાસ પૂર્ણિમા'** તરીકે પણ સંબોધવામાં આવી છે. જ્યારે જીવનમાંથી અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય, જ્યારે આત્મસ્વરૂપનું અને ભગવાન શ્રીહરિના સ્વરૂપનિષ્ઠાનું જ્ઞાન પ્રબળ થાય ત્યારે જીવાત્માને મોક્ષપદની પ્રાપ્તિ એ સહજ બને છે. એવો વચનામૃતનો પણ મત રહ્યો છે. આ સંસારમાં પ્રત્યેક જીવાત્માનો શાસ્ત્રોએ બે વખત જન્મ બતાવ્યો છે : એક જ્યારે પોતાના માતાના ઉદરમાંથી જીવાત્મા શરીર ધારણ કરી જન્મ લઈને આ સંસારમાં આવે છે એ **પ્રથમ જન્મ** છે. પરંતુ જ્યારે એ દેહમાં રહેલો જે દેહી એવો જે ચૈતન્ય જીવાત્મા એને જ્ઞાનના સ્વરૂપનું દર્શન કરાવીને જ્યારે આત્મસ્વરૂપની નિષ્ઠા દૃઢ કરાવવામાં આવે અને આત્મસ્વરૂપની જાગૃતિ થાય એવો જે મંત્ર-ઉપદેશ દીક્ષા ગ્રહણ કરે છે ને જેની પાસે ગ્રહણ કરે છે એવા ગુરુ પાસેથી ગ્રહણ કરવાથી એનો **બીજો જન્મ** શાસ્ત્રોએ કહ્યો છે અને એટલા માટે **દ્વિજ** તરીકે સંબોધવામાં આવે છે.

આજે સંતોએ પોતાના હૃદયની ઊર્મિઓ, લાગણીઓ અને શાસ્ત્રની સમજણ એ ખૂબ વિસ્તારથી આપણી સમક્ષ મૂકી છે એ પણ આપણે ખૂબજ મનનીય રીતે સાંભળી છે. એનું જો તારણ નીકળે તો એક નીકળે કે, આ જગતમાં જીવાત્માનું જે **પરમ લક્ષ્ય** છે એ પોતાના આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ છે, ભગવાન શ્રીહરિના ચરણારવિંદની પ્રાપ્તિ છે, અક્ષરધામની પ્રાપ્તિ છે. અને એટલા માટે સંતોએ ઘણીવખત આ વાત આપણને કથાવાર્તાના માધ્યમથી સંભળાવી છે - સમજાવી છે કે, ''કરોડ કામ બગડે પણ મોક્ષ જો સુધરતો હોય તો **કરોડ કામ** બગડવા દેવા પણ મોક્ષને ન બગડવા દેવો અને જો કરોડ કામ સુધારવાથી **મોક્ષ** બગડતો હોય તો એ કરોડો કામ બગડ્યા બરાબર છે.'' એટલે એની મહત્તા આપણા જીવનમાં આપણે સમજીએ ત્યારે જ મનુષ્ય જીવનની **સાર્થકતા** જીવાત્મા કરી શકે છે. એનો જ્યાં સુધી મહિમા નથી સમજાતો ત્યાં સુધી દેહભાવમાં જીવાત્માનો **આશય** છે. દેહના સંબંધ ને એના જે વિષયો, તેની જે વાસનાઓ, તેના બંધન એ જીવાત્મા ક્યારેય ન તોડી શકે ને એટલા માટે વિષય વાસનાઓને તોડી એનાથી નિવૃત્ત થઈ પરમાત્માના સ્વરૂપને વિષે જીવાત્માને પ્રીતિ કર્યાનું કાર્ય **સત્સંગ** તથા **ઉપાસના-ભક્તિ** દ્વારા થાય છે. આ પહેલો **સિદ્ધાંત** જીવનમાં દૃઢ કરી રાખવાનો છે.

સાથે સાથે એક **સિદ્ધાંતની વાત** એ પણ છે કે, જીવનમાં ભગવાન શ્રીહરિની પ્રાપ્તિ કોને અને ક્યારે થાય ? ત્યારે આપણા શાસ્ત્રોએ એમ સમજાવ્યું કે, જીવાત્મા જ્યારે ધર્મપરાયણ જીવન જીવે અને ભગવાનની માહાત્મ્ય જ્ઞાને સહિત પતિવ્રતાની ભક્તિને સહેજે અનુસરે ત્યારે એને ભગવાન શ્રીહરિના સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. શ્રીજીમહારાજ વચનામૃતમાં સમજાવે છે કે, ''કોઈ એમ વિચારે કે અમે કેવળ ધર્મને અનુસરીને અથવા કેવળ ભક્તિ કરીને ભગવાનના ધામમાં જતા રહીશું.'' તો મહારાજ કહે કે એ પાણો બાંધીને અથવા તુંબડું બાંધીને સમુદ્ર

તરવા જેવી વાત છે.'' એટલે કે મૂર્ખામી ભરેલી વાત છે. એ ક્યારેય સંભવિત ન બને. એમાં તો પરમાત્માનો **દ્રઢ આશ્રય** કરીને ધર્મ ને ભક્તિપરાયણ જીવન જીવે ત્યારે જ એ પરમાત્માના સ્વરૂપની પ્રાપ્તિ થાય એવા એ **સિદ્ધાંત**ને આપણે સૌએ દ્રઢ કરી રાખવાનો છે.

અને ત્રીજી વાત : ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના અવતારોએ આ ધરા પર જ્યારે મનુષ્યતનુ ધારણ કર્યા હશે ત્યારે પોતાના જીવનકવનથી, ઉપદેશથી, વાણીથી અને ક્રિયાથી હજારો જીવાત્માને પોતાના **ઐશ્વર્ય-પ્રતાપ**ના **દર્શન** કરાવીને પોતાના શરણે લીધા છે. ધર્મનો માર્ગ, સત્સંગનો માર્ગ અનંત જીવોને સમજાવ્યો છે પણ એક **વિશેષતા** ભગવાન શ્રી સ્વામિનારાયણે આપણ સૌને બતાવી છે કે, શ્રીજીમહારાજના વખતમાં સંતો ગામડામાં વિચરણ કરવા જતા. એકવખત વડોદરામાં વિદ્વાનોની સભામાં જવા માટે મુક્તાનંદ સ્વામીને મહારાજે જવાની આજ્ઞા કરી. ત્યારે જેને 'સત્સંગની મા'નું બિરુદ પ્રાપ્ત થયું છે એવા નિર્માની સંત મુક્તાનંદ સ્વામીએ સહજભાવે કહ્યું : ''મહારાજ ! હું તો કંઈ બહુ શાસ્ત્રો ભણેલો નથી, મને કંઈ વાત કરતા નહીં આવડે.'' હવે સમજવા જેવી વાત એ છે કે ત્યારે મહારાજે કહ્યું : ''સ્વામી ! તમારી વાત નહીં પણ તમારું **વર્તન** વાતો કરશે.''

આ સિદ્ધાંતને આપણા જીવનમાં ઉતારવા **પ્રયત્નશીલ** થવું જોઈએ. અમે અમારા પૂ. દાદા આચાર્ય શ્રી **નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ને જ્યારે અમે નાના હતા તે વખતે પૂછતા કે, ''સભામાં કેમ બોલાય ?'' ત્યારે બાપુજી એમ કહેતા કે, ''ગોખેલું ક્યારેય બોલવું નહીં.'' એટલે તો ગોખવાની ટેવ તો અમે નાનપણથી જ નથી રાખી. બાપુજી એમ પણ કહેતા કે, ''જે સમજાય અને જે તમે સમજ્યા હો એ વાત જ કરવી. ભગવાન બોલાવે એ બોલવું.'' પૂ. મહારાજશ્રીએ પણ અમને એ જ વાત સમજાવી છે. આજે એમના વતી એ જ વાત દોહરાવું છું. અને ગુરુનું દાયિત્વ છે. શિક્ષાપત્રીમાં **શ્રીજીમહારાજ** કહે છે, **'મદાશ્રિતાનાં સર્વેષાં ધર્મરક્ષણ હેતવે'** આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની આચાર્યપદે સ્થાપના કરી હતી ત્યારે એમને આજ્ઞા કરી કે, અમારા જે આશ્રિત એવા જે ભક્તો એના સર્વેના ધર્મના રક્ષણના હેતુ માટે તમારી **'આચાર્યપદ-ગુરુપદ'**ની **સ્થાપના** કરી છે. આ **સિદ્ધાંત**ને જેને યથાવત્ જાળવવો હોય, પાળવો હોય, એને અનુસરવો હોય તો એને સતત **અનુસંધાન** રાખવું જોઈએ અને એ અનુસંધાન પ.પૂ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ રાખ્યું. અને પૂ. મહારાજશ્રીની જૂની કેસેટો કદાચ કોઈની પાસે હોય તો જોજો એમાં પૂ. મહારાજશ્રી બોલ્યા છે કે, આ સત્સંગને અમારે એવા સ્વરૂપે જોવો છે કે આ સત્સંગના કોઈ સંતો, આ સંપ્રદાયના કોઈ હરિભક્તો જો ભરબજારમાંથી નીકળ્યા હોય તો કોઈ એને જોઈને એમ ન કહે કે જો ઓલ્યા સ્વામિનારાયણના સાધુ કે હરિભક્ત જાય છે ? પણ બધાયના હાથ ત્યાં જોડાય જાય કે જો આ સ્વામિનારાયણના સાધુ કે હરિભક્ત જાય છે !! આવા ચારિત્ર્યવાન, નિષ્ઠાવાન અને ધર્મ-ભક્તિ-જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત આ સમાજને અમારે બનાવવો છે. આ **સંકલ્પ** પૂ. મહારાજશ્રીનો છે. અને આજે એમ કહીએ તો અતિશયોક્તિ નથી કે લોકોને કહેવું પડે છે કે 'આ અમારું સાચું છે, અમારું સાચું છે' પણ અહીંયા વર્તન વાતો કરે છે. આ વર્તન વાતો કરે છે એટલે આ સિદ્ધાંતને આપણે સૌ પકડીને રાખીએ. આપણા ચારિત્ર્યને, આપણા ધર્મને, આપણા સિદ્ધાંતને, આપણા નિયમ-નિશ્ચય-પક્ષને આપણે એવા **બળવાન** કરીએ કે જે **હેતુ** માટે આપણને ભગવાન શ્રીહરિએ આ મનુષ્યદેહ આપ્યો છે, જે હેતુ માટે આપણને આવો સત્સંગ ઓળખાણો છે એ આપણો હેતુ સર થાય અને ભગવાન શ્રીહરિના રાજીપાના આપણે અધિકારી બનીએ. આ **પરમધ્યેય** લઈને જીવન જીવજો.

અને અંતે : સંતોએ ઘણીબધી વાતો કરી છે પણ અમને એક **મહાભારત**નો **પ્રસંગ**નું સ્મરણ થાય છે. એકવખત યુદ્ધના દિવસે અર્જુનજીએ સંકલ્પ કર્યો હતો કે સંધ્યા થાય એ પહેલા જયદ્રથનો વધ કરવો છે. ભગવાન શ્રીકૃષ્ણે યોગકળા કરી અને સૂર્યની ઉપર વાદળ છાયા, જયદ્રથ ગેલમાં આવી ગયો પણ મૂરખાને ભાન ન રહ્યું કે હજી સૂર્યાસ્ત થવાને વાર છે. અને એ હરખમાં ને હરખમાં જે સુરક્ષાના કવચમાં, જે ધરતીમાં સંતાઈને બેઠો હતો તેમાંથી બહાર આવ્યો. તેનું પરિણામ શું થયું તે બધા જાણે છે. અમો એવું ચોક્કસ માનીએ છીએ કે, ''વાદળછાયે સૂર્યાસ્ત થતો નથી. સૂર્ય ઉદય છે, ઉદય હતો અને ઉદય રહેવાનો છે એમાં જરાપણ શંકાને સ્થાન નથી. આ વાતમાં દ્રઢતા રાખજો.''

અમને એક પ્રસંગ યાદ આવે છે. ઘણાવખત પહેલા પૂ. મહારાજશ્રી સાથે અમે **સાળંગપુર** ગયા હતા. અમે બધા નાના હતા. પરિવાર સાથે અમે ગયા હતા. પૂ. મહારાજશ્રીનો એવો નિયમ કે સાળંગપુર જ્યારે જાય ત્યારે ત્યાં મંદિરમાં પાઠ ચાલતા હોય ત્યારે ત્યાં બેસે ને ત્યાં પાઠ-માળા-જપ કરે. અને એનું જે કાંઈ પણ પુણ્ય હોય તે હનુમાનજી મહારાજના ચરણોમાં સમર્પિત કરે. જેથી કરી હનુમાનજી મહારાજનું દૈવત્વ, શક્તિ એ એવીને એવી યથાવત્ રહે અને વૃદ્ધિ ને પામે. જેથી ભક્તોના કષ્ટ દૂર થાય. એ દિવસ અમે જ્યારે ગયા ત્યારે એક વ્યક્તિના શરીરમાં જીનાતનો પ્રવેશ હતો. અને જીનાત આવીને પોતાની જે મેલી વિદ્યા-સાધના, સાધના પર અહંકાર હોય એ સ્વાભાવિક

છે. પોતાના તંત્ર-મંત્રને પોતાની જે શક્તિ એનું બહુ પ્રદર્શન કરે. વાકપટુતાથી પોતાના માટે આત્મશ્લાધા કરતું હતું. એમાં હનુમાનજી મહારાજ સાથે એક સંવાદ થયો. આ અમારી હાજરીની વાત છે. જીનાતે કહ્યું : આ હનુમાનજીને તો હું નષ્ટ કરી શકું એવી મારી શક્તિ છે. એટલે ત્યાં પૂજા કરતા રવિભાઈ પૂજારીએ પૂછ્યું : તું હનુમાનજી મહારાજને પૂછ કે તારો આવો જે સંકલ્પ છે તે પરિપૂર્ણ થાય એવું લાગે છે ? એટલે એણે પૂછ્યું : હું કહું એવી રીતે કરી શકાય કે ન કરી શકાય ? હનુમાનજી મહારાજ સાથે સંવાદ કરતા હતા એ સંવાદ પેલો જીનાત એણે બધાયની હાજરીમાં કીધો. એણે એમ કહ્યું કે, હનુમાનજી મહારાજ એમ કહે છે કે, હનુમાનજીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે સ્વામી જો મહારાજ આજ્ઞા કરે ને મારું પૂછડું લાંબુ કરું તો આ સંસાર નહિ પરંતુ બ્રહ્માંડમાં જેટલી ભૂતાવળ છે એ બધાને બાંધીને અહીંયા પછાડું. પણ ગોપાળાનંદ સ્વામીએ હનુમાનજી મહારાજને એમ કહ્યું કે, શ્રીજીમહારાજે તમારી સ્થાપના અહીં એટલા માટે કરી છે કે અહીં શરણે આવે એનું કલ્યાણ થાય. એટલે આપણે આપણી મર્યાદા ઓળંગવી નથી. અમને પણ અમારા ધર્મમાં શ્રીજીમહારાજે **આજ્ઞા** કરી છે કે, કોઈનું અહિત થાય એવો સંકલ્પ પણ ન કરશો. શ્રીજીમહારાજની આજ્ઞા એ અમારા માટે અમારો **જીવનપ્રાણ** છે. અને એટલા માટે અમે અમારી **મર્યાદા**માં રહ્યા છીએ. બાકી મસળી નાખતા વાર ન લાગે. એટલે અમારી બહુ જ નમ્રપણે ભલામણ છે. જે પણ આ સંદેશો ક્યાંય પણ સાંભળતા હોય કે મર્યાદા તૂટે નહિ ને એનું અમે તો **અનુસંધાન** રાખીએ છીએ પણ મહેરબાની કરીને તમે પણ અનુસંધાન રાખજો કે એ મર્યાદા ક્યારેય તમે ન લોપશો. અમારે એ પછી મર્યાદા લોપવાનો પ્રસંગ આવે, અમારે ક્યારેય ભગવાનના દ્રોહી બનવું નથી. અમારી હંમેશાં એ જ ઈચ્છા છે. અમારો પહેલેથી એ જ ધ્યેય છે કે કોઈએ કોઈને ગમે તેટલા રાગ-દ્વેષ, ઈર્ષ્યા-તૃષ્ણા-અહંકાર જે પણ એને સમજાવીને ભરમાવીને અમારું અહિત થાય એવું કરવા મોકલ્યા હોય તોપણ પૂ. મહારાજશ્રીનો એવો **ધ્યેય** છે ને **આજ્ઞા** છે કે 'એ જીવનું રૂડું થાય એવું જ કરવું. અને એટલા માટે અમે તો ગાળો દે છે ને એને પણ **સત્સંગની વાતો** કરીએ છીએ.'

આ બધી પ્રવૃત્તિથી તમે અમારા હૃદયને, અમારી નિષ્ઠાને, અમારા ધ્યેય-દૃઢ નિશ્ચયને અને ભગવાન શ્રી સ્વામિનારાયણ ઉપર અમારો જે દૃઢ વિશ્વાસ છે એને ડગાવી શકવાના નથી, નથી ને નથી !!! આ વાત અફર છે ને એટલા માટે આવી નિષ્ઠા, આવો નિયમ-નિશ્ચય-પક્ષ ને આવી સમજણ દરેકની થાય તો અમે માનીએ છીએ કે, આ સંપ્રદાયનો **સુવર્ણકાળ** છે, શ્રેષ્ઠ કાળ છે એમાં જરાય અતિશયોક્તિ નથી.

આપણા બધાયની માટે **ગૌરવની વાત** છે કે, આ સુવર્ણકાળના નિર્માતા, શ્રેષ્ઠકાળના **ઘડવૈયા** એવા આપણા ગુરુ પ.પૂ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી છે અને એમના અંતરમાં અખંડ રહીને જે **શક્તિ પ્રદાન** કરે છે એવા સર્વોપરી **શ્રીહરિકૃષ્ણ મહારાજ**નું આપણને **સાન્નિધ્ય** પ્રાપ્ત છે એ આપણા માટે અતિ ગૌરવની વાત છે. આજે ગુરુપૂર્ણિમાના પાવન પવિત્ર દિવસે આપ સૌ વતી આપ બધાયે પોતાની જે ભાવના ને શ્રદ્ધા અહીંયા વ્યક્ત કરી છે એ ચોક્કસ અમે અમારા સમગ્ર ધર્મકુળ પરિવાર વતી આંખમાથા ઉપર ચડાવીએ છીએ. અને તમારી શ્રદ્ધાને અમે વંદન કરીએ છીએ, તમારી સમજણને વંદન કરીએ છીએ. અને ભગવાન શ્રીહરિને **પ્રાર્થના** કરીએ છીએ કે, આ સત્સંગમાં હંમેશાં એકતા-સંપ-સમજણ રહે અને ભગવાન શ્રીહરિનો દૃઢ આશ્રય કરી જીવાત્મા પોતાનું આત્મકલ્યાણ સાધી શકે એવી સર્વને શક્તિ મળે એવી વૃતાલયવિહારી શ્રીહરિકૃષ્ણ મહારાજ-શ્રીલક્ષ્મીનારાયણ આદિક દેવોના શ્રીચરણોમાં પ્રાર્થના. તેમજ આ અમારા **સમગ્ર ધર્મકુળ પરિવાર** વતી આ પ્રસંગમાં પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે જેણે જેણે સેવા કરી છે, જેણે દર્શન કર્યા છે, જે નથી આવી શક્યા, દૂરથી દર્શન કર્યા છે, જેણે મનથી ભાવના કરી છે એ બધાને ભગવાન શ્રીહરિ ખૂબ સુખિયા કરે - એનું **શુભ ફળ** આપે એવી ભગવાન શ્રીહરિના ચરણારવિંદમાં **પ્રાર્થના** સહ...**જય શ્રી સ્વામિનારાયણ.**


:: તારીખ :: ૪-૯-૨૦૧૬

દર મહિનાના પહેલા રવિવારે **સરધારધામ**માં યોજાતી

**॥ અભયદાન માસિક સત્સંગ સભા ॥**

:: સમય :: સવારે ૯ થી ૧

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. મો. ૭૬૦૦૦૮૫૦૩, ૯૮૭૯૭૫૮૫૦૩

**રાજકોટ ચિંતન લવાજમ જગન્નાથપુરી મંદિર દાનની રકમ જમા કરાવવા માટે સંપર્ક**


શ્રી સ્વામિનારાયણ મંદિર, રામેશ્વર ચોક, બાબરીયા સોસા. પાસે, રાજકોટ. **વ્યાસ સાહેબ** - મો. ૯૮૨૫૨૯૭૪૪૨



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી






ગઢડાધામમાં દરબારગઢમાં ગોપાણી પરિવારના યજમાનપદે યોજાયેલ કથાપારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.






સોરઠ પ્રદેશના માણાવદર શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ સાતમી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર'






દહિસર (મુંબઈ)ને યોજાયેલ પરાવિસ્તાર દ્વિમાસિક સત્સંગ સભા તથા શ્રીઘનશ્યામ બાળ-યુવક મંડળનો ૭મો વાર્ષિક મહોત્સવ.














સરધારધામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની ઉપસ્થિતમાં યોજાયેલ સંતમંડળની 'સંત શિબિર-૨૦૧૬' તથા શિબિર અંતર્ગત તીર્થધામ પંચાળા દર્શન.






ગઢડા તાબાના મહુવા નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરના પટાગંણમાં યોજાયેલ 'સત્સંગ રવિસભા'માં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી






ગઢપુરધામમાં દરબારગઢમાં લીંબવૃક્ષ નીચે તૈયાર હિંડોળા દર્શનનું ઉદ્‌ઘાટન કરતા પૂ. સદ્‌ગુરુ સંતો.









**હિંડોળા દર્શન ઉદ્‌ઘાટન**
**મોટાવરાછા**









મોટાવરાછા-સુરતને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ 'દિવ્ય હિંડોળા દર્શન'નું ઉદ્‌ઘાટન.

**હિંડોળા દર્શન**
**સરધાર**





**હિંડોળા દર્શન**
**યોગીચોક**



# હિંડોળા દર્શન
# ભાવનગર










॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

(સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની)

પ્રાગટ્યભૂમિ તીર્થધામ શ્રી

# છપૈયા મહોત્સવ

અંતર્ગત

બાળપ્રભુ શ્રીઘનશ્યામ-શ્રીહરિના ચરિત્રોથી સભર

**પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી** ના શ્રીમુખે **૩૫૦મી**

## શ્રીમદ્ સત્સંગિજીવન
## કથા પારાયણ

પ્રારંભ
**૫-૧૧-૨૦૧૬**
કારતક સુદ - ૫

પૂર્ણાહુતિ
**૧૩-૧૧-૨૦૧૬**
કારતક સુદ - ૧૪

લાઈવ પ્રસારણ

हमारा लक्ष्य
विश्व का कल्याण हो...

:: Live On ::
www.sardharkatha.com
www.svg.org

**સ્થળ :- મુ. છપૈયા, જી. ગોંડા (ઉત્તરપ્રદેશ)**

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર** દ્વારા આયોજીત **૧૩મી**

૧૩મી
શ્રી સ્વામિનારાયણ
સ્પેશ્યલ ટ્રેનયાત્રા
★★★:: આયોજક ::★★★
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

# શ્રી સ્વામિનારાયણ
# સ્પેશ્યલ ટ્રેનયાત્રા

પ્રસ્થાન
**૩-૧૧-૨૦૧૬**

આગમન
**૨૭-૧૧-૨૦૧૬**



:: અધ્યક્ષશ્રી ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

**કુલ દિવસ :- ૨૫**

**ટીકીટ દર :- ૨૪,૫૦૦**

**પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**



:: ઉપાધ્યક્ષશ્રી ::
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

:: દર્શનીય પવિત્ર તીર્થસ્થળો ::

છપૈયા, અયોધ્યા, અલ્હાબાદ, કાશી-બનારસ, ગયા, બોદ્ધગયા, જગન્નાથપુરી, કોણાર્ક,
ભુવનેશ્વર, સાક્ષીગોપાલ, ધોલાગીરી, તીરુપતિ બાલાજી, શ્રીરંગક્ષેત્ર, રામેશ્વર, પંઢરપુર, નાસિક, દ્વારકા, બેટદ્વારકા, નાગેશ્વર.

બુકિંગ માટે સંપર્ક :- પૂ. પતિતપાવન સ્વામી - મો. ૭૬૦૦૦૫૮૫૦૫, પાર્ષદ ઋત્વિક ભગત - મો. ૭૬૦૦૦૫૮૫૦૩












ગઢડા શ્રી ગોપીનાથજી મહારાજના તાબાના નૂતન શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરના પટાગંણમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ 'અભયદાન સત્સંગ રવિસભા'માં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા નૂતન શિખરબધ્ધ મંદિરની શિલારોપણવિધિ મહોત્સવ (તા. ૧૪/૧૫-૮-૨૦૧૬)





ગુજરાત રાજ્યના નવનિયુક્ત મુખ્યમંત્રી માન. શ્રી વિજયભાઈ રૂપાણી તથા ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુક્ત પ્રમુખ માન. શ્રી જીતુભાઈ વાઘાણીને વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ સમસ્ત સત્સંગ સમાજ સાફો બાંધી સન્માન કરતા પૂ. એસ.પી. સ્વામી - ગઢડા.






સરધારધામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી સહ આજ્ઞાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે સરધાર મંદિર છાત્રાલયમાં નિવાસ કરીને અભ્યાસ કરતા કોલેજીયન વિદ્યાર્થીઓ દ્વારા પૂ. સંતોની ઉપસ્થિતિમાં '**૭૦મા સ્વતંત્રતાદિન ઉજવણી**' કરવામાં આવી હતી.

# ૨૧૧ કલાક મહામંત્ર ધૂન
# ગઢડા



















ગઢપુરધામને ભગવાન શ્રીહરિ પ્રસ્થાપિત શ્રી ગોપીનાથજી મહારાજના દિવ્ય છત્રછાયામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં આગામી શ્રીહરિ પ્રસન્નતાર્થે અને વિશ્વશાંતિ માટે તૃતીય ચરણ 'શ્રી સ્વામિનારાયણ ૧૫૦૦ કરોડ મહામંત્ર મહોત્સવ - વડતાલ' ઉપલક્ષમાં યોજાયેલ '૨૧૧ કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન' (તા. ૩ થી ૧૩-૮-૨૦૧૬)

# શ્રી ગુરુપૂર્ણિમા મહોત્સવ
## શ્રી રઘુવીરવાડી - વડતાલ




























વડતાલવિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજની છત્રછાયામાં શ્રી રઘુવીરવાડી ખાતે સેંકડો નિષ્ઠાવાન હરિભક્તોની ઉપસ્થિતિમાં યોજાયેલ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ચરણારવિંદમાં સમર્પિત પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા બંને પૂ. બાળલાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં શ્રી ગુરુપૂર્ણિમા મહોત્સવ - ૨૦૧૫

૧. શ્રી ગુરુપૂર્ણિમા સભામંચ. ૨. ભાવિઆચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. ૩-૪. પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા ધર્મકુળ પરિવારનું પૂજન કરતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી. ૫-૬. પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા ધર્મકુળ પરિવારનું પૂજન કરતા સંતો-પાર્ષદો. ૭. સરધાર મંદિર દ્વારા પ્રકાશિત 'શ્રી સત્સંગિજીવન' ગ્રંથની ચોથી આવૃત્તિનું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સદ્‌ગુરુ સંતો. ૮. ગુરુપૂર્ણિમા પ્રસંગે દક્ષિણ વિભાગ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું ગુરુપૂજન કરવા પધારેલા દેશોદેશથી વિશાળ સંખ્યામાં ભક્ત સમુદાય.











વડતાલવિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજની છત્રછાયામાં શ્રી રઘુવીરવાડી ખાતે સેંકડો નિષ્ઠાવાન હરિભક્તોની ઉપસ્થિતિમાં યોજાયેલ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ચરણારવિંદમાં સમર્પિત પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં શ્રી ગુરુપૂર્ણિમા મહોત્સવ - ૨૦૧૬

Swaminarayan Chintan, August - 2016 Reg. No. RJT - 624/16-18, Valid up to 31/12/18, Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 31/12/2016_RNI No. GUJGUJ-2013/47868

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007